અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

31 JANUARY-2026 SATURDAY | Vol. : 17 | Issue : 209 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3 
ટ્રમ્પના કારણે નજીક આવ્યા ચીન-યુરોપ:2 મહિનામાં 5 દેશોના નેતાઓ બીજિંગ પહોંચ્યા, નિષ્ણાતોએ.....

4 
સબંધો સાચવવા માટે માણસ નમતો હોય તો,એની લાચારી ના સમજવી કારણકે જે નમતો હોય છે તે સબંધોની કિંમત....

6 
મોડી રાતે ઈન્સ્ટાગ્રામ પરથી ગાયબ થયું વિરાટ કોહલીનું એકાઉન્ટ

7 
40% ગીગ વર્કર્સની કમાણી ₹15 હજારથી ઓછી: ઇકોનોમિક સર્વેમાં લઘુત્તમ કમાણી નક્કી કરવાની ભલામણ

# મહાત્મા ગાંધીની 78મી પુણ્યતિથિ, રાજઘાટ પર PM મોદીએ પુષ્પાંજલિ આપી

## રાહુલ ગાંધીએ લખ્યું- રાષ્ટ્રપિતાએ મૂળમંત્ર આપ્યો કે સત્તા કરતાં સત્યની તાકાત મોટી

**નવી દિલ્હી, તા.30**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 78મી પુણ્યતિથિ છે. PM મોદીએ દિલ્હીના રાજઘાટ પર ગાંધીજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. PM સાથે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણને પણ રાજઘાટ પર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

PMએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું - રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને તેમની પુણ્યતિથિ પર મારા શત-શત નમન. પૂજ્ય બાપુનો હંમેશા સ્વદેશી પર ભાર રહ્યો, જે વિકસિત અને આત્મનિર્ભર ભારતના આપણા સંકલ્પનો પણ આધારસ્તંભ છે. તેમનું વ્યક્તિત્વ અને કૃતિત્વ દેશવાસીઓને કર્તવ્ય પથ પર ચાલવા માટે હંમેશા પ્રેરણા આપતું રહેશે. રાહુલ ગાંધીએ લખ્યું કે રાષ્ટ્રપિતાએ આપણને મૂળમંત્ર આપ્યો કે સત્તાની તાકાત કરતાં સત્યની તાકાત મોટી હોય છે.



### રાહુલ ગાંધી બોલ્યા- સત્તાની તાકાત કરતાં સત્યની તાકાત મોટી હોય છે

રાહુલ ગાંધીએ X પર લખ્યું કે મહાત્મા ગાંધી એક વ્યક્તિ નહીં, એક વિચાર છે. એ વિચાર જેને ક્યારેક એક સામ્રાજ્યએ, ક્યારેક એક નફરતની વિચારધારાએ અને ક્યારેક અહંકારી સત્તાએ મિટાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. પરંતુ રાષ્ટ્રપિતાએ આપણને આઝાદી સાથે આ મૂળમંત્ર આપ્યો કે સત્તાની તાકાત કરતાં સત્યની તાકાત મોટી હોય છે. હિંસા અને ભય કરતાં અહિંસા અને સાહસ મોટા છે. આ વિચાર ખતમ થઈ શકતો નથી, કારણ કે ગાંધી ભારતની આત્મામાં અમર છે. બાપુને તેમના શહીદી દિવસ પર વિનમ્ર શ્રદ્ધાંજલિ.

### શહીદ દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ દિવસ

મહાત્મા ગાંધીની પુણ્યતિથિ દર વર્ષે 30 જાન્યુઆરીએ ઉજવવામાં આવે છે. 30 જાન્યુઆરી 1948ના રોજ નવી દિલ્હીમાં નાથુરામ ગોડસેએ ગોળી મારીને તેમની હત્યા કરી હતી. મહાત્મા ગાંધીની પુણ્યતિથિને દેશભરમાં શહીદ દિવસ તરીકે પણ ઉજવવામાં આવે છે.

'ગઝની, લોદી બધા હિન્દુસ્તાની લુંટારું હતા...'

# પૂર્વ ઉપ રાષ્ટ્રપતિના નિવેદન પર હોબાળો, ભાજપ ભડક્યું

**નવી દિલ્હી, તા.30**

દેશના પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામીદ અંસારીએ ફરી એક વખત વિવાદનો મધપૂડો છંછેડ્યો છે. તેમણે કહ્યું છે કે ગઝનવી/ગઝની અને લોદી હિન્દુસ્તાની લૂંટારા હતા. તેઓ બહારથી આવ્યા ન હતા. રાજનૈતિક સુવિધાને ધ્યાનમાં રાખીને લોકો કહે છે કે તેમણે આ તોડી નાખ્યું, તે તોડી નાખ્યું, બધા હિન્દુસ્તાની જ હતા. ભાજપે હામીદ અંસારીના નિવેદન પર પર આકરા પ્રહાર કરતા કહ્યું છે કે, શરજીલ ઈમામ અને ઉમર ખાલીદને યુવા નેતા કહેવાય વાળા હામીદ અંસારીએ હવે સોમનાથ મંદિર તોડનારા ગઝનીના વખાણ કર્યા છે.



ભાજપે પૂર્વ ઉપરાષ્ટ્રપતિ હામીદ અંસારીના મધ્યકાળના શાસકો મહમૂદ ગઝનવી/ગઝની અને લોદી વંશ અંગે આપેલા નિવેદન પર કોંગ્રેસ પર તીખો હુમલો કર્યો છે. ભાજપે આરોપ લગાવ્યો છે કે વિપક્ષ ઈતિહાસને નવા રંગ રૂપમાં રજૂ કરી રહ્યું છે. હિન્દુ ધાર્મિક સ્થળો પર થયેલા હુમલાને ઓછા દેખાડવાની કોશિશ કરી રહ્યું છે. ભાજપ પ્રવક્તા શહજાદ પુનાવાલાએ કહ્યું કે, અંસારીની ટિપ્પણી કોઈ અલગ ઘટના નથી, પણ એ પેટર્નનો હિસ્સો છે જેમાં કોંગ્રેસથી જોડાયેલા લોકો વારંવાર ભારતના મધ્યકાળના ઈતિહાસને સાફ સુથરો દેખાડવાનો પ્રયાસ કરે છે.

# સુપ્રીમ કોર્ટે કહ્યું- સ્કૂલમાં છોકરીઓને મફતમાં સેનેટરી પેડ મળે, છોકરા-છોકરીઓ માટે અલગ ટોયલેટ હોવા જોઈએ

**નવી દિલ્હી, તા.30**

સુપ્રીમ કોર્ટે શુક્રવારે દેશની તમામ ખાનગી અને સરકારી શાળાઓને નિર્દેશ આપ્યો કે દરેક શાળામાં છોકરીઓને મફતમાં સેનેટરી પેડ્સનું વિતરણ કરવું ફરજિયાત રહેશે. છોકરાઓ અને છોકરીઓ માટે અલગ-અલગ વોશરૂમ બનાવવા પડશે. જે શાળાઓ આમ નહીં કરી શકે તેમની માન્યતા રદ કરવામાં આવશે. આ સાથે જ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નિર્દેશ આપ્યો છે કે દરેક શાળામાં દિવ્યાંગ-અનુકૂળ (ડિસેબલ-ફ્રેન્ડલી) શૌચાલય બનાવવામાં આવે. જસ્ટિસ જે.બી. પારડીવાલા અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે ધોરણ 6 થી 12 સુધીની વિદ્યાર્થીનીઓ માટે સરકારી અને સરકારી સહાયિત શાળાઓમાં કેન્દ્ર સરકારની મેન્સ્ટ્રુઅલ હાઈજીન પોલિસી (માસિક ધર્મ સ્વચ્છતા નીતિ) ને સમગ્ર ભારતમાં લાગુ કરવા પર આ આદેશ સંભળાવ્યો. આ આદેશ ફક્ત કાનૂની વ્યવસ્થા સાથે સંકળાયેલા લોકો માટે નથી. તે એવા



ક્લાસરૂમ માટે પણ છે, જ્યાં છોકરીઓ મદદ માંગવામાં ખચકાય છે. તે એવા શિક્ષકો માટે છે, જેઓ મદદ કરવા માંગે છે, પરંતુ સંસાધનોના અભાવને કારણે બંધાયેલા છે. તે એવા માતા-પિતા માટે પણ છે, જેઓ કદાચ સમજી શકતા નથી કે તેમના મૌનનો શું પ્રભાવ પડે છે. આ સમાજ માટે પણ છે, જેથી પ્રગતિનો માપદંડ એ વાત પરથી નક્કી થાય કે આપણે આપણા સૌથી નબળા વર્ગનું કેટલું રક્ષણ કરીએ છીએ. અમે દરેક એવી છોકરીઓ સુધી આ સંદેશ પહોંચાડવા માંગીએ છીએ, જે શાળામાં ગેરહાજર રહેવાનો ભોગ બની, કારણ કે તેના શરીરને બોજની જેમ જોવામાં આવ્યું જ્યારે તેમાં તેની કોઈ ભૂલ નથી.

# અવિમુક્તેશ્વરાનંદે કહ્યું-યોગી 40 દિવસમાં હિન્દુ હોવાનો પુરાવો આપે

## ગાયને ગૌમાતા જાહેર કરે, નહીં તો અમે માનીશું કે ફક્ત દેખાડા માટે ભગવો પહેર્યો

**વારાણસી, તા.30**

પ્રયાગરાજ માઘ મેળો છોડ્યા પછી શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદ સરકાર પર તીવ્ર હુમલા કરી રહ્યા છે. તેમણે શુક્રવારે વારાણસીમાં પ્રેસ-કોન્ફરન્સ કરીને કહ્યું હતું, મારી પાસેથી શંકરાચાર્ય હોવાનું પ્રમાણપત્ર માગવામાં આવ્યું. મેં એ આપી દીધું. મારા પુરાવા સાચા હતા, તેથી તેમને માનવું પડ્યું. હવે પુરાવા માગવાનો સમય વીતી ગયો છે. હવે મુખ્યમંત્રીએ પોતાના હિંદુ હોવાનો પુરાવો આપવો જોઈએ.

અવિમુક્તેશ્વરાનંદે કહ્યું હતું કે મુખ્યમંત્રી અને જગદ્ગુરુ રામભદ્રાચાર્ય ઘેરાબંધી કરીને ગૌહત્યાબંધીની માગ કરનારાઓ પર જાતજાતના હુમલા કરી રહ્યા છે. જો તમે ખરેખર હિંદુ છો, તો ગૌમાતાને રાજ્ય માતા જાહેર કરો. યુપીમાંથી ગૌમાંસની નિકાસ બંધ કરો, નહીં તો બિન-હિંદુ જાહેર કરી દેવામાં આવશે.

18 જાન્યુઆરીના રોજ માઘ મેળામાં સ્નાન કરવા જઈ રહેલા અવિમુક્તેશ્વરાનંદની પોલીસે પાલખી રોકી. વિરોધ કરવા પર શિષ્યો સાથે ધક્કામુક્કી થઈ,



શિખા પકડીને ઢસડવાનો આરોપ લાગ્યો. આ પછી શંકરાચાર્ય શિબિરની બહાર ધરણાં પર બેસી ગયા. 11 દિવસથી શિબિરમાં પ્રવેશ કર્યો નથી.

પ્રશાસને બે દિવસમાં બે નોટિસ જારી કરીને શંકરાચાર્ય હોવાનો પુરાવો માગ્યો, જેનો અવિમુક્તેશ્વરાનંદે જવાબ આપ્યો. સીએમ યોગીએ નામ લીધા વિના 'કાલનેમિ' કહ્યા, જેનાથી વિવાદ વધુ ઘેરો બન્યો. જવાબમાં અવિમુક્તેશ્વરાનંદે યોગીની તુલના કાલનેમિ અને ઔરંગઝેબ સાથે કરી દીધી.

શંકરાચાર્ય વિવાદ પર સંત સમાજ બે ભાગમાં વહેંચાઈ ગયો, જ્યારે ત્રણેય શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદના સમર્થનમાં હતા. શંકરાચાર્યની માગ હતી કે પ્રશાસન માફી માગે, તો જ તેઓ સ્નાન કરશે. શંકરાચાર્યના સમર્થનમાં બરેલીના સિટી મેજિસ્ટ્રેટે 26 જાન્યુઆરીના રોજ રાજીનામું આપી દીધું. 24 કલાક પછી સીએમના સમર્થનમાં અયોધ્યાના ડેપ્યુટી કમિશનર પ્રશાંત કુમારે રાજીનામું આપી દીધું.

28 જાન્યુઆરીની સવારે શંકરાચાર્યે માઘ મેળો છોડી દીધો. અચાનક બનેલી આ ઘટનાએ બધાને ચોંકાવી દીધા. કહ્યું- આજે મન એટલું વ્યથિત છે કે અમે સ્નાન કર્યા વિના જ વિદાય લઈ રહ્યા છીએ.

# 400 મીટરના 18,000 રૂપિયા! અમેરિકન મહિલાને ટેક્સી ડ્રાઈવરે માયાનગરી બતાવી લૂંટી

**મુંબઈ, તા.30**

મુંબઈના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતરેલી એક અમેરિકાના મહિલા પ્રવાસી સાથે ટેક્સી ડ્રાઈવરે કરેલી છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એરપોર્ટથી માત્ર અડધો કિલોમીટર દૂર આવેલી હોટલ પહોંચાડવા માટે ડ્રાઈવરે વિદેશી પ્રવાસી પાસેથી 18,000 રૂપિયા ખંખેરી લીધા હતા. જોકે, મુંબઈ પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપી ડ્રાઈવરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

અહેવાલો અનુસાર, 12મી જાન્યુઆરી, 2026 ના રોજ મોડી રાત્રે અમેરિકાથી આવેલી આર્જેન્ટિના અરીઆનો મુંબઈ એરપોર્ટ પર લેન્ડ થઈ હતી. તેને એરપોર્ટની નજીક જ આવેલી હિલ્ટન હોટલ (જે માત્ર 400 મીટર દૂર છે) જવું હતું. ડ્રાઈવર દેશરાજ યાદવ ઉર્ફે પપ્પુએ તેને સીધી હોટલ લઈ જવાને બદલે અંધેરી પૂર્વના રસ્તાઓ પર 20 મિનીટ સુધી ગોળ-ગોળ ફેરવી હતી. અંતે હોટલ ઉતારી ડ્રાઈવરે તેની પાસેથી 18,000 રૂપિયા (આશરે 200 ડોલર) વસૂલ્યા હતા. અજાણ્યા શહેરમાં ગભરાયેલી મહિલાએ તે સમયે પૈસા આપી દીધા હતા. મહિલા પ્રવાસીએ 26 જાન્યુઆરીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આ કડવા અનુભવની પોસ્ટ મૂકી મુંબઈ પોલીસને ટેગ કરી હતી. પોસ્ટ વાઈરલ થતા જ સહર પોલીસે હરકતમાં આવી તપાસ શરૂ કરી હતી. પોલીસે એરપોર્ટ અને હોટલના સીસીટીવી ચેક કર્યા અને ટેક્સી નંબરના આધારે ડ્રાઈવરની ઓળખ કરી.

# અજિત પવારના પત્ની ડેપ્યુટી-CM બનવા તૈયાર: આજે જાહેરાત થઈ શકે છે

**મુંબઈ, તા.30**

અજિત પવારના પત્ની સુનેત્રા પવાર મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી બનવા માટે સંમત થયા છે. સૂત્રોના જણાવ્યા મુજબ શનિવારે NCP વિધાનસભા પક્ષની બેઠક બાદ જાહેરાત થઈ શકે છે.

વિમાન દુર્ઘટનામાં અજિત પવારના મૃત્યુ બાદ નાયબ મુખ્યમંત્રીનું પદ ખાલી પડ્યું છે. અજિત પાસે નાણાં, આબકારી અને રમતગમત વિભાગો તેમજ નાયબ મુખ્યમંત્રીનું પદ હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર, નાણા મંત્રાલય મુખ્યમંત્રી ફડણવીસ પાસે રહી શકે છે. નાયબ મુખ્યમંત્રી શુક્રવારે સવારે તેમના વર્ષા બંગલા નિવાસસ્થાને ફડણવીસ સાથે પોર્ટફોલિયો અંગે મુલાકાત કરી હતી. પ્રફુલ્લ પટેલ, છગન ભુજબળ અને સુનીલ તટકરે બેઠકમાં હાજરી આપી હતી. બેઠક અડધો કલાક ચાલી હતી.



એવો પણ દાવો કરવામાં આવી રહ્યો છે કે અજિત પવાર જે બે NCP જૂથોની ચર્ચા કરી રહ્યા હતા તેના વિલીનીકરણ અંગે શરદ પવાર અંતિમ નિર્ણય લેશે. NCP શરદ જૂથના નેતા એકનાથ ખડસેએ સમાચાર એજન્સી ANIને જણાવ્યું હતું કે બંને NCP જૂથો એક સાથે આવશે. વિલીનીકરણને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

અજિતની પત્ની સુનેત્રા પવારે નરેશ અરોરાને રાજકીય સલાહ માટે બારામતી બોલાવ્યા છે. નરેશ અરોરા અજિત પવારના ચૂંટણી રણનીતિકાર છે. તેમની સંસ્થા 'ડિઝાઈનબોક્સ' NCP માટે કામ કરે છે. CM દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત બાદ NCPના નેતા પ્રફુલ્લ પટેલે મીડિયા સાથે વાતચીત કરતાં એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું. તેમણે કહ્યું હતું કે અમે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને સ્પષ્ટપણે જણાવી દીધું છે કે જનભાવનાને ધ્યાનમાં રાખીને જલદીથી જલદી નિર્ણય લેવો જરૂરી છે. પ્રફુલ્લે કહ્યું હતું કે અમારી માગ છે કે અજિતના પોર્ટફોલિયો અને NCP સંબંધિત નિર્ણયોને લઈને કોઈ અનિશ્ચિતતા ન હોવી જોઈએ. રાજ્યની વર્તમાન સ્થિતિ, કાર્યકરોનો અસંતોષ અને જનતાની ભાવનાઓને ધ્યાનમાં રાખીને વિલંબ કર્યા વિના નક્કર નિર્ણય લેવો જરૂરી છે. અજિતના નજીકના કિરણ ગુજરાએ ન્યૂઝ એજન્સી PTIને જણાવ્યું હતું કે તેઓ બંને જૂથોને ભેગા કરવા માટે 100% ઉત્સુક હતા. તેમણે પાંચ દિવસ પહેલાં કહ્યું હતું કે આખી પ્રક્રિયા પૂરી થઈ ગઈ છે અને આગામી કેટલાક દિવસોમાં વિલિનીકરણ થવાનું છે. ગુજરાએ કહ્યું કે અજિત પાસે વિલિનીકરણ અને એકજૂટ NCPના ભવિષ્ય માટે એક રોડમેપ તૈયાર હતો. NCPના વરિષ્ઠ નેતા જયંત પાટીલે પણ કહ્યું હતું કે વિલિનીકરણને લઈને અજિત દાદા અને તેમની વચ્ચે ઘણી બેઠકો થઈ ચૂકી હતી. અજિત આ અંગે સકારાત્મક હતા. જિલ્લા પરિષદ ચૂંટણી પછી આ અંગે અંતિમ નિર્ણય લેવાનો હતો.

# બેંગલુરૂમાં ખૂંખાર કૂતરાએ મહિલાનો ચહેરો ચીરી નાખ્યો: 50 ટાંકા લેવા પડ્યા

**બેંગલુરુ, તા.30**

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં મોર્નિંગ વોક દરમિયાન એક મહિલા પર પાલતુ કૂતરાએ જીવલેણ હુમલો કર્યો. તેના ગળા, ચહેરા, હાથ અને પગ પર બચકાં ભર્યા. સાથે જ મહિલાને બચાવવા આવેલા એક યુવક પર પણ હુમલો કર્યો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, હુમલામાં મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ હતી, ત્યારબાદ તેને તરત જ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. ડોકટરોએ જણાવ્યું કે મહિલાની હાલત ગંભીર હતી. તેના ચહેરા અને માથા પર 50થી વધુ ટાંકા લગાવવામાં આવ્યા છે.

આ ઘટના 26 જાન્યુઆરીની સવારે લગભગ 6:54 વાગ્યે HSR લેઆઉટના ટીચર્સ કોલોની વિસ્તારમાં બની હતી. મહિલા પોતાના ઘરની સામે ચાલી રહી હતી, ત્યારે કૂતરાએ તેના પર હુમલો કર્યો હતો. તેનો વીડિયો શુક્રવારે સામે આવ્યો. હુમલામાં મહિલાના ચહેરા, હાથ અને પગમાં ગંભીર ઈજાઓ થઈ છે. તેના શરીર પર ઊંડા ઘા છે, જેના પર તાત્કાલિક ટાંકા લેવા પડ્યા. હાલ મહિલાની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. મહિલાની તસવીર પણ સામે આવી છે, જેમાં તે ગંભીર રીતે ઘાયલ છે અને ચહેરા અને માથા પર ઘણા ટાંકા દેખાઈ રહ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, કૂતરો અમરેશ રેડ્ડી નામના વ્યક્તિનો છે. મહિલાના પતિએ HSR લેઆઉટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં કૂતરાના માલિક પર બેદરકારીનો આરોપ લગાવવામાં આવ્યો છે. પોલીસે કેસ નોંધી તપાસ શરૂ કરી દીધી છે.



# અદાણી સેઝને આપેલી ગૌચરની 108 હેક્ટર જમીન પાછી લેવાનો હાઈકોર્ટનો આદેશ સુપ્રીમે રદ કર્યો....

**ગાંધીનગર, તા.30**

કચ્છના મુંદ્રા તાલુકાના નવીનાળ ગામની 108 હેકટર ગૌચરની જમીન અદાણી સેઝ પાસેથી પાછી લઈ લેવાના રાજ્ય સરકારના વિવાદીત નિર્ણયને અને ગુજરાત હાઈકોર્ટના આ અંગેના હુકમને અદાણી જૂથ દ્વારા સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જેની આખરી સુનાવણીના અંતે સુપ્રીમકોર્ટે એક અગત્યના આદેશ મારફતે અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિમિટેડને ફાળવાયેલી જમીન પરત લેવાના સરકારના નિર્ણયને અને આ અંગેના ગુજરાત હાઈકોર્ટના હુકમને રદબાતલ ઠરાવ્યા હતા. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાને પગલે અદાણી જૂથને બહુ મોટી રાહત મળી છે.

અગાઉ 10 જૂલાઈ 2024ના રોજ સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી. આર.ગવઈ અને જસ્ટિસ કે.વી. વિશ્વનાથની ખંડપીઠે ગૌચરની જમીન પાછી લેવા અંગેના હુકમ સામે મનાઈહુકમ ફરમાવી દીધો હતો. આ દરમિયાન કેસમાં તમામ પક્ષકારોની દલીલો પૂર્ણ થયા બાદ સુપ્રીમ કોર્ટે મહત્ત્વનો ચુકાદો આપતાં અદાણી સેઝ પાસેથી જમીન પાછી લઈ લેવા અંગેના ગુજરાત સરકારના 4-7-2024ના નિર્ણય અને તેના અનુસંધાનમાં ગુજરાત હાઈકોર્ટે જાહેર કરેલા 5-7-2024ના હુકમને રદબાતલ ઠરાવી દીધો હતો. સુપ્રીમ કોર્ટના આ નિર્ણયને પગલે ગૌચર જમીન અંગેના તમામ હક્કો અદાણી કંપની પાસે અબાધિત રહેશે, સાથે સાથે અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિ.ને મોટી રાહત મળી છે.



કેસની વિગતો મુજબ, રાજ્ય સરકાર દ્વારા ગત 15-7-2005ના રોજ કચ્છના મુંદ્રા તાલુકાના નવીનાળ ગામે 9,34,829 હેકટર ગૌચરની જમીન અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિમિટેડને સ્પેશ્યલ ઈકોનોમીક ઝોન(સેઝ)ના વિકાસ માટે સરકાર દ્વારા નિયત કરાયેલ અવેજની ચૂકવણી થયા બાદ ફાળવવામાં આવી હતી. બાદમાં આ જમીનને કેન્દ્ર સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા સેઝ જમીન તરીકે પણ સૂચિત કરવામાં આવી હતી.

જો કે, વર્ષ 2011માં કચ્છના મુંદ્રા તાલુકાના નવી નાળ ગામની ગૌચરની કિંમતી જમીન ગુજરાત સરકાર દ્વારા અદાણી જૂથને સેઝ માટે ફાળવવાના જાહેરનામા અને નિર્ણયને ગુજરાત હાઈકોર્ટમાં જાહેરહિતની રિટ અરજી મારફતે પડકારવામાં આવ્યો હતો. જેમાં અદાણી કંપનીને ફાળવાયેલી જમીન પરત લેવાની માંગણી કરાઇ હતી.

જેમાં હાઈકોર્ટની ગંભીર ટકોર અને આલોચના બાદ રાજ્ય સરકાર દ્વારા 4-7-2024ના નિર્ણયથી નવીનાળ ગામની અદાણીને ફાળવાયેલી ગૌચરની 108 હેકટર જમીન પરત લઇ લીધી હતી. રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણયની જાણ કરતું સોગંદનામુ પણ ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરવામાં આવ્યું હતું. જેના અનુસંધાનમાં ગુજરાત હાઈકોર્ટે 5-7-2024ના આદેશ મારફતે સરકારને ઉપરોકત ગૌચરની જમીન પરત લેવાની પ્રક્રિયા પૂર્ણ કરવા હુકમ કર્યો હતો.

બીજી તરફ, ગુજરાત હાઈકોર્ટના આ હુકમના નારાજ થઈ અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિ. દ્વારા સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લિવ પિટિશન દાખલ કરવામાં આવી હતી અને જણાવાયું હતું કે,લગભગ બે દાયકા પહેલાં કંપનીને ફાળવાયેલી જમીન પરત લેવાનો આદેશ તેઓને કોઈપણ પ્રકારની નોટિસ આપ્યા વિના ગુજરાત સરકારે નિર્ણય લીધો છે, તેથી તે બિલકુલ ગેરકાયદે, અયોગ્ય અને રદબાતલ થવાપાત્ર ઠરે છે. ગુજરાત સરકારનો નિર્ણય કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂદ્ધનો અને ગેરકાયદે હોઇ તેને સુપ્રીમ કોર્ટે રદ કરવો જોઇએ. અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિ., ગુજરાત સરકાર સહિતના તમામ પક્ષકારોની રજૂઆત અને દલીલોની સુનાવણીના અંતે સુપ્રીમ કોર્ટે આખરે અદાણી સેઝને ફાળવાયેલી જમીન પરત લેવા અંગેના રાજ્ય સરકારના નિર્ણયને તેમ જ ગુજરાત હાઈકોર્ટના આ અંગેના હુકમને રદબાતલ ઠરાવ્યા હતા.

# મંદિરમાં ભક્તિના બહાને ચોરી! રાયખડમાં માતાજીનો ચાંદીનો મુગટ ચોરી જતી મહિલા CCTVમાં કેદ.....

**અમદાવાદ, તા.30**

અમદાવાદના રાયખડ વિસ્તારમાં આવેલી ઐતિહાસિક શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભક્ત બનીને આવેલી એક અજાણી મહિલા પાર્વતી માતાજીના સ્થાનકમાંથી ચાંદીનો મુગટ ચોરી કરી ફરાર થઈ ગઈ છે. આ સમગ્ર મામલે મંદિરના ટ્રસ્ટીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, 15મી ડિસેમ્બર, 2025ના રોજ સાંજના સમયે મંદિરના પૂજારી રોજિંદી સાફ-સફાઈ કરી રહ્યા હતા. આ દરમિયાન પૂજારીની નજર પાર્વતી માતાજીના સ્થાનક પર પડી, જેનો કાચનો દરવાજો ખુલ્લો હતો. પૂજારીએ અંદર તપાસ કરતા માતાજીના માથા પર બિરાજમાન ચાંદીનો મુગટ ગાયબ હતો. આસપાસ તપાસ કરવા છતાં મુગટ ન મળતા તાત્કાલિક મંદિરના ટ્રસ્ટીને જાણ કરવામાં આવી હતી.

શરૂઆતમાં જ્યારે CCTV ચેક કરવામાં આવ્યા ત્યારે DVR બંધ



હોવાથી ચોરીના દ્રશ્યો મળી શક્યા નહોતા. જોકે, ટ્રસ્ટીએ તાત્કાલિક ટેકનિશિયન બોલાવી DVR રિપેર કરાવ્યું અને ફૂટેજ તપાસતા ચોંકાવનારી વિગતો બહાર આવી. 12મી ડિસેમ્બર 2025ના રોજ એક અજાણી મહિલા દર્શન કરવાના બહાને મંદિરમાં પ્રવેશી હતી. આ મહિલાએ ભક્ત હોવાનો ઢોંગ કર્યો અને તક મળતા જ માતાજીના સ્થાનકનો કાચનો દરવાજો ખોલી મુગટ ચોરી લીધો હતો. આ દ્રશ્યો CCTV કેમેરામાં સ્પષ્ટપણે કેદ થયા છે.

CCTV ફૂટેજમાં દેખાતી મહિલાની ચોરી કરવાની પદ્ધતિ જોઈને એવું જણાય છે કે તે અગાઉ પણ આવી ઘટનાઓમાં સંડોવાયેલી હોઈ શકે છે. મંદિરના ટ્રસ્ટીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં અધિકૃત ફરિયાદ નોંધાવી છે. પોલીસે CCTV ફૂટેજના આધારે મહિલાની ઓળખ કરવા માટે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી છે.

# કુવૈતથી દિલ્હી જતી ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી, અમદાવાદમાં ઈમરજન્સી લેન્ડિંગ

**અમદાવાદ, તા.30**

કુવૈતથી દિલ્હી જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં બોમ્બ હોવાની ચિઠ્ઠી મળતા મુસાફરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. સુરક્ષાના કારણોસર વિમાનને તાત્કાલિક અમદાવાદના ઈન્ટરનેશનલ ઍરપોર્ટ પર ડાયવર્ટ કરી ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.



પ્રાપ્ત માહિતી અનુસાર, ફ્લાઈટ જ્યારે આકાશમાં હતી ત્યારે ક્રૂ મેમ્બરને ફ્લાઈટમાં ટીશ્યુ પેપર પર હાઈજેક અને બોમ્બથી ઉડાવીને ધમકી મળી હતી. પાયલટે તુરંત એર ટ્રાફિક કંટ્રોલ(ATC)નો સંપર્ક કર્યો અને પ્રોટોકોલ મુજબ વિમાનને સૌથી નજીકના ઍરપોર્ટ એટલે કે અમદાવાદ તરફ વાળવાનો નિર્ણય લીધો. વિમાનમાં 180 મુસાફરો અને 6 ક્રૂ મેમ્બર મળી કુલ 186 લોકો સવાર હતા.

ઍરપોર્ટ પોલીસ સ્ટેશનના પીઆઇ એન. ડી. નકુમના જણાવ્યાનુસાર, 'આ ધમકી મળ્યા બાદ સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ હતી અને બોમ્બ ડિસ્પોઝલ સ્ક્વોડ (BDS) દ્વારા વિમાનનું સંપૂર્ણ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું, જોકે તપાસમાં કોઈ વાંધાજનક વસ્તુ મળી નથી. હાલમાં પ્લેન ચેક કરવાની કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને પ્રોટોકોલ મુજબ આગળની તપાસ ચાલુ છે.'

# કરોડોનો ખર્ચ કરવા છતાં અમદાવાદ, સુરત અને વડોદરામાં વાયુ પ્રદૂષણ ઠેરનું ઠેર

**અમદાવાદ, તા.30**

છેલ્લાં એકાદ મહિનાથી મેટ્રો સિટી અમદાવાદમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI)નું પ્રમાણ વધી રહ્યુ છે જે સ્વાસ્થય માટે જોખમી છે. એક બાજુ, શહેરોની શુદ્ધ હવાના નામે લાખો કરોડો રૂપિયાનું આંધણ કરવામાં આવી રહ્યુ છે ત્યારે બીજી બાજુ, વાયુ પ્રદુષણને કાબૂમાં લેવામાં સફળતા સાંપડી નથી. કેન્દ્ર સરકારે લોકસભામાં રજૂ કરેલાં એક રિપોર્ટમાં એવા તારણ રજૂ કર્યાં છેકે, અમદાવાદ, સુરત અને વડોદરામાં વાયુ પ્રદુષણ બેકાબુ રહ્યુ છે. આ ઉપરાંત આ ત્રણેય શહેરોમાં નેશનલ એમ્બિયન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડના ધોરણો જ જળવાતાં નથી.



નેશનલ એમ્બિયન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ દ્વારા હવાની ગુણવત્તા સૂચકાંકો નક્કી કર્યાં છે તે અનુસાર, ભારતમાં પીએમ-10 દિવસમાં સરેરાશ 50 હોવુ જોઈએ, જ્યારે વાર્ષિક ધોરણ 100 હોવું જોઈએ. ધૂળ-ધુમાડા ઉપરાંત ઔદ્યોગિક પ્રદુષણને કારણે વાયુ પ્રદુષણ વકર્યું છે. કેન્દ્ર સરકારે રજૂ કરેલાં રિપોર્ટમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ થયો છેકે, અમદાવાદ સહિત ભારતમાં 122 શહેરોની ઓળખ કરાઈ છે જ્યાં નેશનલ એમ્બિયન્ટ એર ક્વોલિટી સ્ટાન્ડર્ડ દ્વારા હવાની ગુણવત્તા સૂચકાંકો જળવાતાં નથી.

પાર્ટિક્યુલેટર મેટર (પીએમ) એટલે હવામાં હાજર સૂક્ષ્મ કણો. જેનું કદ માઈક્રોમિટરમાં હોય છે, આ કદ એટલા સુક્ષ્મ હોય છે જે શ્વાસ લેતાં ફેફસામાં પ્રવેશે છે. આ કારણોસર અસ્થમા, બ્રોન્કાઈટીસ, ત્વચાની એલર્જી જેવા રોગને નોતરુ મળે છે. સાથે સાથે આ કણો રક્તવાહીનીને નુકશાન પહોંચાડે છે. પ્રદુષિત હવા લાંબા સમય સુધી રહે તો ફેફસાનું કેન્સર પણ શકે છે. આ કારણોસર જ પીએમ-2.5 કરતાં પીએમ-10 વધુ જોખમી છે. ગુજરાતમાં અમદાવાદ, સુરત અને વડોદરા એમ ત્રણેય શહેરોમાં પીએમ-10ની માત્રામાં વધારો થયો છે.

રિપોર્ટમાં ઉલ્લેખ કરાયો છેકે, દેશમાં વાયુ પ્રદુષણને કાબૂમાં કરવા માટે અમદાવાદ સહિત દેશના 130 શહેરોમાં કુલ મળીને 13,500 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આમ છતાંય વાયુ પ્રદુષણ પર કાબૂ મેળવી શકાયો નથી. ચોંકાવનારી બાબત તો એછેકે, અમદાવાદ, સુરત અને વડોદરામાં ઔદ્યોગિક વિસ્તારમાં જ નહીં, રહેણાંક વિસ્તારમાં પણ વાયુ પ્રદુષણની માત્રા વધી છે. ટૂંકમાં ગુજરાતમાં પણ દિલ્હી બનવા તરફ આગળ ધપી રહ્યુ છે, ત્યારે હજુ ય રાજ્ય સરકાર પણ વાયુ પ્રદુષણને નાથવા માટે ગંભીર નથી.

# મંદિરમાં ભક્તિના બહાને ચોરી! રાયખડમાં માતાજીનો ચાંદીનો મુગટ ચોરી જતી મહિલા CCTVમાં કેદ....

**અમદાવાદ, તા.30**

અમદાવાદના રાયખડ વિસ્તારમાં આવેલી ઐતિહાસિક શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરમાં ચોરીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભક્ત બનીને આવેલી એક અજાણી મહિલા પાર્વતી માતાજીના સ્થાનકમાંથી ચાંદીનો મુગટ ચોરી કરી ફરાર થઈ ગઈ છે. આ સમગ્ર મામલે મંદિરના ટ્રસ્ટીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, 15મી ડિસેમ્બર, 2025ના રોજ સાંજના સમયે મંદિરના પૂજારી રોજિંદી સાફ-સફાઈ કરી રહ્યા હતા. આ દરમિયાન પૂજારીની નજર પાર્વતી માતાજીના સ્થાનક પર પડી, જેનો કાચનો દરવાજો ખુલ્લો હતો. પૂજારીએ અંદર તપાસ કરતા માતાજીના માથા પર બિરાજમાન ચાંદીનો મુગટ ગાયબ હતો. આસપાસ તપાસ કરવા છતાં મુગટ ન મળતા તાત્કાલિક મંદિરના ટ્રસ્ટીને જાણ કરવામાં આવી હતી.

શરૂઆતમાં જ્યારે CCTV ચેક કરવામાં આવ્યા ત્યારે DVR બંધ હોવાથી ચોરીના દ્રશ્યો મળી શક્યા નહોતા. જોકે, ટ્રસ્ટીએ તાત્કાલિક ટેકનિશિયન બોલાવી DVR રિપેર કરાવ્યું અને ફૂટેજ તપાસતા ચોંકાવનારી વિગતો બહાર આવી. 12મી ડિસેમ્બર 2025ના રોજ એક અજાણી મહિલા દર્શન કરવાના બહાને મંદિરમાં પ્રવેશી હતી. આ મહિલાએ ભક્ત હોવાનો ઢોંગ કર્યો અને તક મળતા જ માતાજીના સ્થાનકનો કાચનો દરવાજો ખોલી મુગટ ચોરી લીધો હતો. આ દ્રશ્યો CCTV કેમેરામાં સ્પષ્ટપણે કેદ થયા છે.

CCTV ફૂટેજમાં દેખાતી મહિલાની ચોરી કરવાની પદ્ધતિ જોઈને એવું જણાય છે કે તે અગાઉ પણ આવી ઘટનાઓમાં સંડોવાયેલી હોઈ શકે છે. મંદિરના ટ્રસ્ટીએ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં અધિકૃત ફરિયાદ નોંધાવી છે. પોલીસે CCTV ફૂટેજના આધારે મહિલાની ઓળખ કરવા માટે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સની મદદ લીધી છે.





# ખખડધજ રસ્તાઓ છતાં ગુજરાતમાં વાહનચાલકોએ 3 વર્ષમાં 16000 કરોડનો ટોલ ટેક્સ ચૂકવ્યો.....

**અમદાવાદ, તા.30**

ગુજરાતમાં છેલ્લા 3 વર્ષમાં ફાસ્ટેગ આધારિત ટોલ વ્યવહારમાં નોંધપાત્ર વધારો થયો છે. છેલ્લા 3 વર્ષમાં ગુજરાતમાં વાહનચાલકોએ ટોલટેક્સ પેટે 16 હજાર કરોડ રૂપિયાથી વધુ ચૂકવ્યા છે. જેમાં વર્ષ 2023માં 4794 કરોડ રૂપિયા, વર્ષ 2024માં 4919 કરોડ રૂપિયા અને વર્ષ 2025માં 6418 કરોડ રૂપિયાના ટોલટેક્સનો સમાવેશ થાય છે.

આ સ્થિતિએ ગુજરાતમાંથી વર્ષ 2023માં 13.14 કરોડ રૂપિયા, 2024માં 13.44 કરોડ રૂપિયા અને 2025માં 17.58 કરોડ રૂપિયાનો ટોલટેક્સ પ્રતિ દિવસે ચૂકવ્યો છે. પ્રતિ દિવસના સરેરાશ



ટોલટેક્સમાં વર્ષ 2023ની સરખામણીએ વર્ષ 2025માં 34 ટકાનો વધારો થયેલો છે. વર્ષ 2023માં કાર-જીપ-વાન જેવા વાહનના ચાલકો દ્વારા 724 કરોડ રૂપિયા, 2024માં 744 કરોડ રૂપિયા અને 2025માં 924 કરોડ રૂપિયાનો ટોલટેક્સ ચૂકવેલો છે.

જાણકારોના મતે, વર્ષ 2024 સુધી વૃદ્ધિ સ્થિર રહી હતી. પરંતુ 2025માં થયેલા વ્યાપક વધારા માટે ફાસ્ટેગના ઉપયોગમાં વૃદ્ધિ, હાઈવે ટ્રાફિક-આર્થિક પ્રવૃત્તિમાં તેજી, વાહનચાલકોમાં ડિજિટલ ટોલ સિસ્ટમ પ્રત્યે વધતી સ્થિરતા દર્શાવે છે.

ટૂંકમાં કહેવામાં આવે તો ગુજરાતમાં ફાસ્ટેગના વ્યવહારોમાં વર્ષ 2025માં 30 ટકાથી વધુનો ઉછાળો તે આર્થિક ગતિશીલતાનું સ્પષ્ટ સૂચક છે. દરમિયાન પેટ્રોલિયમ પ્રોડક્ટ્સથી સેલ્સ ટેક્સ-વેટ પેટે ગુજરાતમાંથી 2024-24માં 24,586 કરોડ રૂપિયાની રકમ ચૂકવાઈ હતી. આ સ્થિતિએ 2020-21ની સરખામણીએ 2024-25માં 30 ટકાથી વધુનો વધારો નોંધાયો છે. નોંધનીય છે કે, ટોલ ટેક્સથી તોતિંગ આવક છતાં ખખડધજ રોડ છે.

# મતદારોના નામ રદ કરવા 9.88 લાખ ફોર્મ-7 ભરાયા, ચૂંટણી પંચના મૌનથી બબાલ!

**અમદાવાદ, તા.30**

ગુજરાતમાં 'સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન' (SIR)ની કામગીરી વિવાદમાં રહી છે કેમકે, મતદારોના નામ રદ કરવા માટે લાખોની સંખ્યામાં વાંધા લેવાયાં છે. ચોંકાવે તેવી વાત એછેકે, ખોટા નામ, સહી હોવા છતાં ચકાસણી વિના ફોર્મ-7 સ્વિકારી લેવાયાં છે. એટલુ જ નહીં, ગુજરાતમાં 9.88 લાખ મતદારોના નામ રદ કરવાના ઈરાદે ફોર્મ-7 ભરાયાં છે. આ જોતાં કોંગ્રેસે રાજ્ય ચૂંટણીપંચ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી વિરોધ નોધાવ્યો છે. સાથે સાથે એવી માંગ કરવામાં આવી છેકે, ખોટા ફોર્મ-7 ભરનારાં સામે ફોજદારી રાહે ગુનો નોધવો જોઈએ.



રાજ્યમાં મતદાર યાદી સુધારણાની કામગીરી ચાલી રહી છે ત્યારે 70 લાખથી વધુ મતદારોનું મેપિંગ થઇ શક્યુ નથી. ત્યાં મતદારોના નામ બારોબાર કરવાની પેરવી થઈ રહી છે, ત્યારે વિપક્ષોએ રાજ્ય ચૂંટણીપંચને નિશાન બનાવ્યુ છે કેમકે,ગુજરાતમાં એકે પણ વિધાનસભા બેઠક એવી નથી જ્યાં દસ હજારથી વધુ ફોર્મ-7 ભરાયાં ન હોય. મહત્ત્વની વાત એછેકે, મતદારનું નામ રદ કરવા માટે ફોર્મ-7 ભરનારાં વ્યક્તિએ પુરાવા રજૂ કરવા ફરજિયાત છે છતાંય કોઈ ચોકસાઈ દાખવવામાં આવી નથી. એવો આક્ષેપ કરાયો છેકે, ખોટા નામ, ખોટી સહી હોવા છતાંય પણ ફોર્મ-7 સ્વિકારી લેવાયાં છે જે ગંભીર બેદરકારી છે. ગત વખત કરતાં આ વખતે લાખો વાંધા રજૂ થતાં શંકા જન્મી છે. આ ઉપરાંત બીએલઓ ના પાડી હોવા છતાંય અધિકારીઓએ ફોર્મ સ્વિકારી લીધા છે. 18મી જાન્યુઆરી અંતિમ તારીખ હોવાથી છેલ્લાં ત્રણેક દિવસમાં લાખો ફોર્મ-7 ભરાયાં છે જેના સીસીટીવી ફુટેજ જાહેર કરવા માંગ ઊઠી છે.

# અમદાવાદમાં સરખેજ-ફતેવાડી રોડ પર યુવકની છરીના ઘા ઝીંકી હત્યા, પત્નીનો પૂર્વ પતિ જ કાતિલ

**અમદાવાદ, તા.30**

અમદાવાદના સરખેજ વિસ્તારમાં ધોળા દિવસે થયેલી હત્યાની ઘટનાએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે. પત્નીના પૂર્વ પતિએ જ વર્તમાન પતિની છરીના ઘા ઝીંકીને કરપીણ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે.

શુક્રવારે બપોરે સરખેજ-ફતેવાડી RCC રોડ પર આવેલા હમીદાનગર નજીક જડી ખાલાની કીટલી પાસે આ લોહીયાળ ઘટના બની હતી. 32 વર્ષીય આમિર મુકીમ શેખ પર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે આમિરને શરીરના ભાગે અનેક ઘા ઝીંક્યા હતા, જેના કારણે તે સ્થળ પર જ ઢળી પડ્યો હતો અને ટૂંક સમયમાં જ તેનું મોત નીપજ્યું હતું.



પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ હત્યા પાછળ મૃતકની પત્નીના પૂર્વ પતિનો હાથ છે. આરોપીની ઓળખ 52 વર્ષીય જાફર જમની પઠાણ તરીકે થઈ છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, હત્યા પહેલા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી, જે બાદ જાફરે ઉશ્કેરાઈને આમિર પર છરીથી હુમલો કર્યો હતો અને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આમિરની પત્ની અફસાના બાનું પઠાણનો પૂર્વ પતિ જાફર પઠાણ હોવાથી આ કિસ્સો અંગત અદાવત કે જૂની અદાવતનો હોવાનું જણાય છે. સરખેજ પોલીસ સ્ટેશનના પીઆઈ એસ. એ. ગોહિલે જણાવ્યું હતું કે, 'પ્રાથમિક દ્રષ્ટિએ આ પત્નીના પૂર્વ પતિ દ્વારા કરવામાં આવેલો હુમલો જણાય છે. અમે આરોપીને કસ્ટડીમાં લઈ લીધો છે અને વધુ તપાસ હાથ ધરી છે'. ઘટનાની જાણ થતા જ સરખેજ પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે અને ફોરેન્સિક ટીમ દ્વારા પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે. હાલમાં હત્યાનો ગુનો નોંધવાની પ્રક્રિયા ચાલી રહી છે અને સાક્ષીઓના નિવેદન લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# અમદાવાદના ફતેવાડીમાં જાહેર રોડ પર ચાકુબાજીનો વીડિયો વાઈરલ, પોલીસ દોડતી થઈ

**અમદાવાદ, તા.30**

અમદાવાદમાં જુહાપુરાના ફતેવાડી વિસ્તારમાં જાહેર રોડ પર ચાકુ સાથેની મારામારીની ઘટના સામે આવી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો છે. વીડિયોમાં એક યુવક પોલીસના ડર વગર સરેઆમ હથિયાર ઉગામતા જોવા મળી રહ્યા છે.



સોશિયલ મીડિયામાં ફરતા થયેલા આ વીડિયોમાં જોઈ શકાય છે કે, ફતેવાડીના મુખ્ય માર્ગ પર બે શખસો વચ્ચે કોઈ બાબતે બોલાચાલી કરી રહ્યા છે. જોતજોતામાં મામલો બિચકતા એક શખસ પોતાના હાથમાં રહેલું ચાકુ કાઢી બીજા વ્યક્તિ પર હુમલો કરવાનો પ્રયાસ કરે છે. આસપાસના લોકો આ દ્રશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા.

વીડિયો વાઈરલ થવાની સાથે જ પોલીસ એક્શનમાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી સ્થાનિક પોલીસ કાફલો તાત્કાલિક ફતેવાડી વિસ્તારમાં પહોંચી ગયો હતો. પોલીસે પ્રાથમિક તપાસ બાદ વીડિયોમાં દેખાતા શખસોની ઓળખ મેળવવાની તજવીજ તેજ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ટ્રમ્પના કારણે નજીક આવ્યા ચીન-યુરોપ: 2 મહિનામાં 5 દેશોના નેતાઓ બીજિંગ પહોંચ્યા, નિષ્ણાતોએ કહ્યું- અમેરિકી નીતિઓથી વૈશ્વિક સંતુલન બદલાયું....

**બીજિંગ, તા.30**

બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટાર્મર બુધવારે 3 દિવસના ચીન પ્રવાસે પહોંચ્યા. છેલ્લા 2 મહિનામાં 5 પશ્ચિમી દેશોના નેતાઓ ચીન જઈ ચૂક્યા છે. સ્ટાર્મર પહેલાં ફ્રાન્સ, કેનેડા, ફિનલેન્ડ અને આયર્લેન્ડના નેતાઓ બેઈજિંગની મુલાકાત લઈ ચૂક્યા છે. આવા સંજોગોમાં એવા સવાલો ઉઠી રહ્યા છે કે શું અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફની ધમકીઓએ પશ્ચિમી દેશોને ચીન સાથે સંબંધો સુધારવા મજબૂર કર્યા છે. યુનિવર્સિટી ઓફ સિડનીના આંતરરાષ્ટ્રીય રાજકારણ અને અમેરિકી ઈતિહાસના નિષ્ણાત ડો. સ્ટુઅર્ટ રોલોકાએ કહ્યું કે ટ્રમ્પની આક્રમક નીતિઓના કારણે વૈશ્વિક સંતુલન બદલાઈ રહ્યું છે.

ધ ગાર્ડિયનના રિપોર્ટ અનુસાર, ટ્રમ્પ દ્વારા NATO પર સવાલ ઉઠાવવા, ગ્રીનલેન્ડ પર કબજાની માંગ અને ગઠબંધનની અવગણના કરવાના વલણે યુરોપિયન સહયોગીઓમાં વિશ્વાસનો અભાવ પેદા કર્યો છે. આમાં ટ્રમ્પની ટેરિફ ધમકીઓની સૌથી મોટી ભૂમિકા છે.

યુરોપના ટેક્સ ફાઉન્ડેશનના રિપોર્ટ અનુસાર, ટ્રમ્પે દુનિયાભરના દેશો પર સરેરાશ 10 થી 25% સુધી ટેરિફ લગાવ્યો છે. આનાથી વેપારમાં અનિશ્ચિતતાનો ખતરો વધી ગયો છે.

યુરોપિયન દેશો પર લાગેલા 15% ટેરિફની અસર સીધી રીતે ફ્રાન્સ અને જર્મની પર પડી છે. ટેરિફે આ દેશોમાં નાણાકીય સંકટ અને આર્થિક મંદીની આશંકા વધારી દીધી છે.

ટ્રમ્પે આ મહિને યુરોપના 8 દેશોને 10% વધારાનો ટેરિફ લગાવવાની ધમકી આપી હતી. આ દેશો ગ્રીનલેન્ડ પર અમેરિકી કબજાનો વિરોધ કરી રહ્યા હતા. જોકે, ટ્રમ્પે બાદમાં પોતાનો નિર્ણય પાછો ખેંચી લીધો.


ટ્રમ્પે 23 જાન્યુઆરીએ સ્વિટ્ઝર્લેન્ડના દાવોસમાં વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના મંચ પરથી પોતાના પશ્ચિમી સહયોગીઓ વિરુદ્ધ અનેક વિવાદાસ્પદ વાતો કહી. તેમણે કહ્યું કે અમેરિકા હવે તે ગ્લોબલ સિસ્ટમનું નેતૃત્વ નહીં કરે, જેને તેણે બીજા વિશ્વ યુદ્ધ પછી પોતાના સહયોગી દેશો સાથે મળીને બનાવ્યું હતું.

ટ્રમ્પે કહ્યું કે અમેરિકા હવે યુરોપિયન દેશોને પોતાના બજાર અને સૈન્ય સુરક્ષાની સુવિધા મફતમાં નહીં આપે. તેમનું ભાષણ ક્યારેક આક્રમક, ક્યારેક નારાજ અને ક્યારેક પોતાની પ્રશંસાથી ભરેલું હતું. તેમણે યુરોપિયન સહયોગીઓને એવા દેશો ગણાવ્યા જે અમેરિકાનો ફાયદો ઉઠાવતા રહ્યા છે. ટ્રમ્પે એ પણ કહ્યું કે તેઓ પોતાના 'ટ્રેડ વોર'ને આગળ વધારશે અને ટેરિફને અમેરિકી બજારમાં આવવાની કિંમત ગણાવી.

પોતાના ભાષણમાં ટ્રમ્પે કહ્યું કે અમેરિકા આખી દુનિયાને સંભાળી રહ્યું છે અને બાકીના દેશોએ અમેરિકાનો ફાયદો ઉઠાવ્યો છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે હવે અમેરિકા આવું થવા દેશે નહીં.

સ્વિટ્ઝર્લેન્ડમાં ટ્રમ્પનું આ ભાષણ તે જ હોલમાં થયું હતું, જ્યાં 9 વર્ષ પહેલા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે વૈશ્વિકીકરણ અને આંતરરાષ્ટ્રીય સહયોગના સમર્થનમાં ભાષણ આપ્યું હતું. શી જિનપિંગે ત્યારે કહ્યું હતું કે સંરક્ષણવાદી નીતિઓ કોઈના માટે ફાયદાકારક હોતી નથી અને 'ટ્રેડ વોર'માં કોઈ જીતતું નથી.

જોકે ચીન પર લાંબા સમયથી આરોપો લાગતા રહ્યા છે કે તે પોતાના ઉદ્યોગોને સરકારી મદદ આપે છે, અસંતોષને દબાવે છે અને પાડોશી દેશોને ધમકાવે છે.



આમ છતાં છેલ્લા કેટલાક વર્ષોમાં એવી ધારણા મજબૂત થઈ છે કે ચીન ઓછામાં ઓછું પોતાના ભાષણમાં ગ્લોબલ ટ્રેડ, બહુપક્ષીય સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય સહયોગનું સમર્થન કરે છે, જ્યારે ટ્રમ્પ આ બાબતોથી દૂર રહેતા જોવા મળ્યા છે.

કોર્નેલ યુનિવર્સિટીના પ્રોફેસર ઐશ્વર પ્રસાદનું કહેવું છે કે ચીન પોતાને એક જવાબદાર ગ્લોબલ પાવર તરીકે રજૂ કરવા માંગે છે, પરંતુ દુનિયા હજુ સંપૂર્ણપણે ચીનની લીડરશિપ અપનાવવા માટે તૈયાર નથી.

પશ્ચિમી દેશોની ચીન યાત્રાઓ માત્ર આર્થિક જરૂરિયાત નથી, પરંતુ તેમને સંબંધોને ફરીથી સ્થાપિત કરવાની રાજદ્વારી પહેલ તરીકે જોવામાં આવી રહી છે.

બ્રિટને તાજેતરમાં લંડનમાં નવી ચીની દૂતાવાસના નિર્માણને મંજૂરી આપી. બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયને તેને બંને દેશોના સંબંધોમાં જામી ગયેલી બરફ તોડવાના પગલા તરીકે ગણાવ્યું.

કેનેડા અને ચીને ઔપચારિક રીતે તેમના સંબંધોને 'સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' સુધી લઈ જવાની વાત કરી છે, જેને 2018 પછીનું પ્રથમ મોટું રાજદ્વારી પગલું માનવામાં આવી રહ્યું છે.

થિંક ટેન્ક એશિયા સોસાયટી પોલિસી ઈન્સ્ટિટ્યૂટનું કહેવું છે કે પશ્ચિમી દેશો હવે ચીન સાથે ટકરાવને બદલે મર્યાદિત અને સંભાળપૂર્વકના સંબંધો રાખવા માંગે છે, જેથી તેઓ વૈશ્વિક સ્તરે એકલા ન પડી જાય.

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્ની આ મહિને 16 જાન્યુઆરીએ ચીનના પ્રવાસે ગયા હતા. 2017 પછી કોઈ કેનેડિયન વડાપ્રધાનની આ પ્રથમ ચીન યાત્રા હતી.

કેનેડા અને ચીન વચ્ચેના સંબંધો 2018ના 'હુઆવે વિવાદ' પછી તણાવપૂર્ણ બન્યા હતા. તે સમયે અમેરિકાના કહેવા પર ચીની કંપની હુઆવેના CFO મેંગ વાનઝોઉની કેનેડામાં ધરપકડ કરવામાં આવી હતી.

અમેરિકા ઈચ્છતું હતું કે કેનેડા તેમને અમેરિકાને સોંપી દે. ચીને ધરપકડને રાજકીય ષડયંત્ર ગણાવ્યું. જવાબમાં તેણે બે કેનેડિયન નાગરિકોને અટકાયતમાં લીધા હતા.

આ વખતે બંને દેશોએ સંબંધોને 'સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ' સુધી પહોંચાડ્યા. કેનેડાએ ચીની ઈલેક્ટ્રિક વાહનો પર ટેરિફ 100% થી ઘટાડીને 6.1% કર્યો, જ્યારે ચીને કેનેડિયન રેપસીડ (તેલબિયાં પાક) પર ટેરિફ 84% થી ઘટાડીને 15% કરી દીધો.

કાર્નીએ કહ્યું કે ચીન સાથેના સંબંધો અમેરિકાની સરખામણીમાં વધુ સ્પષ્ટ છે. જોકે કેનેડા તેની કુલ નિકાસનો 75% અમેરિકાને કરે છે.

જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ આવતા મહિને 24 થી 27 ફેબ્રુઆરી દરમિયાન ચીનની મુલાકાત લેવાના છે. તેઓ પોતાની સાથે ઉદ્યોગ અને વ્યવસાય સાથે સંકળાયેલું મોટું પ્રતિનિધિમંડળ પણ લઈ જશે. આ યાત્રાનું મુખ્ય કારણ જર્મનીની નબળી પડતી અર્થવ્યવસ્થા માનવામાં આવી રહ્યું છે. ચીન જર્મનીના કાર ઉદ્યોગનું સૌથી મોટું બજાર છે, પરંતુ તાજેતરના સમયમાં ત્યાં વેચાણ ઘટવાથી જર્મન કંપનીઓ પર દબાણ વધ્યું છે.

આ ઉપરાંત અમેરિકા તરફથી જર્મન કારો પર ટેરિફ લગાવવાની આશંકા પણ યથાવત છે. આવી પરિસ્થિતિમાં જર્મની ઈચ્છે છે કે ચીન સાથે વેપાર અને રોકાણના માર્ગો ખુલ્લા રહે, જેથી ઉદ્યોગ, નોકરીઓ અને અર્થતંત્રને ટેકો મળી શકે. ચીન પણ પશ્ચિમી દેશો સાથે પોતાના સંબંધો મજબૂત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. ગયા મહિને આ જોવા મળ્યું. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં 3 થી 5 ડિસેમ્બર દરમિયાન ચીનના પ્રવાસે હતા. આ દરમિયાન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, મેક્રોં સાથે રાજધાની બેઈજિંગથી ચેંગડુ સુધી મુસાફરી કરતા ગયા.

મેક્રોંએ કહ્યું કે તેઓ શી જિનપિંગના આ પગલાથી ખૂબ પ્રભાવિત છે. ચીની સરકારી મીડિયા અનુસાર, આ એક દુર્લભ પ્રસંગ હતો જ્યારે ચીનના રાષ્ટ્રપતિ કોઈ વિદેશી નેતા સાથે બેઈજિંગની બહાર સુધી ગયા. સામાન્ય રીતે વિદેશી નેતાઓ સાથેની મુલાકાત રાજધાની સુધી મર્યાદિત રહે છે.

આ મહિને 4 થી 8 જાન્યુઆરી સુધી આયર્લેન્ડના વડાપ્રધાન માઈકલ માર્ટિને ચીનની મુલાકાત લીધી. બીજિંગમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગે તેમની મુલાકાત દરમિયાન આયર્લેન્ડના લેખક એથેલ વોયનિચના પુસ્તક ધ ગેડફ્લાયનો ઉલ્લેખ કર્યો, જે તેમણે બાળપણમાં વાંચ્યું હતું.

ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સે એક આર્ટિકલમાં લખ્યું કે યુરોપે ચીન સાથે મળીને એક સામાન્ય ભવિષ્ય બનાવવું જોઈએ. લેખમાં ચેતવણી આપવામાં આવી હતી કે દુનિયામાં ફરીથી 'જંગલનો કાયદો' પાછો આવી શકે છે, તેથી ચીન અને યુરોપિયન યુનિયનને સાથે આવવું જોઈએ.

# ગ્રીનલેન્ડ પર ટ્રમ્પની ધમકીનો ડેનમાર્કના PMને ફાયદો: અમેરિકાના રાષ્ટ્રપતિને પડકાર્યા હતા

**વોશિંગ્ટન, તા.30**

ગ્રીનલેન્ડ પર કબજાને મામલે અમેરિકા અને ડેનમાર્ક વચ્ચેના વિવાદનો ફાયદો ડેનિશ પીએમ મેટ ફ્રેડરિક્સનને મળ્યો છે. અમેરિકન વેબસાઈટ ધ પોલિટિકોએ લખ્યું છે કે ફ્રેડરિક્સને રાષ્ટ્રપતિ ટ્રમ્પનો આભાર માનવો જોઈએ કારણ કે તેમણે તેમને ઘેરા રાજકીય સંકટમાંથી બહાર કાઢ્યા છે.

ફ્રેડરિક્સનની પાર્ટીની લોકપ્રિયતામાં ઘણો ઉછાળો આવ્યો છે. સર્વેમાં સોશિયલ ડેમોક્રેટ્સને માત્ર 32 બેઠકો મળતી દેખાઈ રહી હતી. એટલે કે, એક જ મહિનામાં પાર્ટીની સ્થિતિમાં લગભગ 9 બેઠકોનો ઉછાળો આવ્યો છે.

ગયા વર્ષે નવેમ્બર 2025માં સોશિયલ ડેમોક્રેટ પાર્ટી સ્થાનિક ચૂંટણી હારી ગઈ હતી. સૌથી મોટો ઝટકો કોપનહેગનમાં લાગ્યો, જ્યાં પાર્ટીએ 100 વર્ષમાં પહેલીવાર સત્તા ગુમાવી દીધી.

સ્થિતિ ત્યારે બદલવાની શરૂ થઈ, જ્યારે ટ્રમ્પે ગ્રીનલેન્ડને ડેનમાર્ક પાસેથી છીનવીને પોતાનામાં ભેળવી દેવાની ધમકી આપી. તેના જવાબમાં ડેનમાર્કનાં વડાપ્રધાન ફ્રેડરિક્સને ખુલ્લેઆમ દેશની સાર્વભૌમત્વનો બચાવ કર્યો.

ડેનમાર્કમાં સંસદમાં કુલ 179 બેઠકો છે, જેમાંથી વડાપ્રધાન ફ્રેડરિક્સનની સોશિયલ ડેમોક્રેટ્સ પાસે 50 બેઠકો છે. સેન્ટર-લેફ્ટ સોશિયલ ડેમોક્રેટ પાર્ટી હાલમાં દેશમાં ગઠબંધન સરકાર ચલાવી રહી છે. આ ગઠબંધનમાં બે સેન્ટર-રાઈટ પાર્ટીઓ મોડરેટર્સ અને વેનસ્ટર પણ સામેલ છે.

મેગાફોન નામની એક ડેનિશ કન્સલ્ટન્સીના સર્વેમાં સોશિયલ ડેમોક્રેટ પાર્ટીને 22.7% મત અને સંસદની 41 બેઠકો મળી. આ સર્વે 20 થી 22 જાન્યુઆરી વચ્ચે કરવામાં આવ્યો હતો. ડિસેમ્બરમાં થયેલા સર્વેમાં ફ્રેડરિક્સનની પાર્ટીને



માત્ર 32 બેઠકો મળતી દર્શાવવામાં આવી હતી. હાલનો સર્વે દર્શાવે છે કે 41 બેઠકો સાથે પણ તેઓ સંસદની સૌથી મોટી પાર્ટી બની રહેશે. આનાથી તેઓ ફરીથી ગઠબંધન સરકાર બનાવવાની વાતચીતમાં સૌથી મજબૂત સ્થિતિમાં આવી જશે, જોકે સત્તામાં ટકી રહેવા માટે તેમને સહયોગી પક્ષો પર નિર્ભર રહેવું પડશે. સમર્થનમાં આવેલો આ ઉછાળો એટલા માટે પણ ખાસ માનવામાં આવી રહ્યો છે, કારણ કે નવેમ્બરમાં યોજાયેલી નગરપાલિકાની ચૂંટણીમાં સોશિયલ ડેમોક્રેટ્સને કારમી હાર મળી હતી. આ ચૂંટણીમાં પાર્ટીએ કોપનહેગન ગુમાવી દીધું હતું, જે ખૂબ જ મહત્વપૂર્ણ બેઠક હતી અને જેને પાર્ટીએ છેલ્લા 100 વર્ષમાં ક્યારેય ગુમાવી ન હતી.

ડેનમાર્કના વિદેશ મંત્રી લાર્સ લોક્કે રાસમુસેનના નેતૃત્વ હેઠળની મોડરેટ્સ પાર્ટીએ આ સર્વેમાં પોતાનો વોટ શેર લગભગ ત્રણ ગણો કરી લીધો. પાર્ટીનો વોટ 2.2% થી વધીને 6.4% થયો. આ લગભગ 12 બેઠકો બરાબર છે.

જ્યારે, એક અન્ય એજન્સી વોક્સમીટર દ્વારા સોમવારે જાહેર કરાયેલા સર્વેમાં ફ્રેડરિક્સનની કેબિનેટને 40.9% સમર્થન મળ્યું, જે બે વર્ષમાં સૌથી ઊંચું સ્તર છે. જો આજે ચૂંટણી થાય તો ગઠબંધન 73 બેઠકો જીતવાનો અંદાજ છે.

જાન્યુઆરીની શરૂઆતમાં ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ કોઈપણ રીતે ગ્રીનલેન્ડ પર કબજો કરી લેશે. ગ્રીનલેન્ડ ડેનમાર્કનો એક સ્વાયત્ત વિસ્તાર છે. ટ્રમ્પ દ્વારા આના પર કબજો કરવાની ધમકી પહેલા પણ આપવામાં આવતી હતી, પરંતુ વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોને પકડ્યા પછી તે વધુ ગંભીર લાગવા માંડી.

2019થી સત્તામાં રહેલા ફ્રેડરિક્સને ગ્રીનલેન્ડ માટે જોરદાર રીતે રાજદ્વારી બચાવ કર્યો અને આ મામલે સમગ્ર યુરોપિયન દેશોને એકજુટ કર્યા. ટ્રમ્પને કહેવું પડ્યું કે તેઓ ગ્રીનલેન્ડ પર જબરદસ્તી કબજો નહીં કરે.

આનો ફાયદો એ થયો કે ડેનમાર્કના લોકો PMની સાથે ઊભા રહ્યા છે. યુરોપ સંબંધિત રાજકીય બાબતોના નિષ્ણાત એન રાસમુસેને પોલિટિકોને જણાવ્યું કે - છેલ્લી વાર ડેનમાર્કમાં સરકાર સાથે આટલી એકતા કોવિડ મહામારી દરમિયાન જોવા મળી હતી. રાષ્ટ્રીય સંકટમાં આવું ઘણીવાર થાય છે. લોકો સત્તામાં રહેલી સરકારના સમર્થક બની જાય છે.

# ટ્રમ્પે ઇન્ટીરિયર સેક્રેટરીની પત્ની સાથે જાહેરમાં ફ્લર્ટ કર્યું: પતિની સામે જ કહ્યું, તમે ખૂબ જ સુંદર છો....

## તમને ઘોડેસવારી કરતાં જોઈને જ તમારા પતિને મેં નોકરીએ રાખ્યા

**વોશિંગ્ટન, તા.30**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે કહ્યું હતું કે તેમણે ડગ બર્ગરને અમેરિકાના ઈન્ટીરિયર સેક્રેટરી તરીકે એટલા માટે નિયુક્ત કર્યા, કારણ કે તેમની પત્ની તેમને ખૂબ જ ગમી. તેમણે ખુલ્લેઆમ આ વાતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે બર્ગમની પત્ની કેથરિન તેમને સુંદર લાગી. ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે કેથરિનને તેમના પતિ સાથે એક વીડિયોમાં જોઈ. વીડિયોમાં તેઓ ઘોડેસવારી કરી રહ્યાં હતાં અને ટ્રમ્પને એટલી સુંદર લાગી કે તેમણે તેમના પતિને ઈન્ટીરિયર સેક્રેટરી બનાવી દીધા. ટ્રમ્પે આ ટિપ્પણી ઓવલ ઓફિસમાં ડ્રગ એડિક્શનનો સામનો કરવા સંબંધિત એક એક્ઝિક્યુટિવ ઓર્ડર પર સહી



કરતી વખતે કરી. આ દરમિયાન ડગ બર્ગમ અને તેમની પત્ની કેથરિન બર્ગમ પણ ત્યાં હાજર હતાં. કાર્યક્રમમાં કેથરિન બર્ગમે નશાની લતમાંથી બહાર આવવાનો પોતાનો અનુભવ શેર કર્યો અને ટ્રમ્પની પહેલને સમર્થન આપ્યું.

કાર્યક્રમના અંતે ટ્રમ્પે જણાવ્યું હતું કે તેમણે પહેલીવાર આ કપલને એક કેમ્પેન-સ્ટાઈલ વીડિયોમાં જોયા હતા. ટ્રમ્પના મતે, એ વીડિયોમાં દેખાઈ રહેલી કેથરિન બર્ગમે તેમનું ધ્યાન ખેંચ્યું. તેમણે કહ્યું, 'મેં તેમને વીડિયોમાં ઘોડા પર સવાર જોયાં અને પૂછ્યું, આ કોણ છે?' આમ કહેતાં ટ્રમ્પે કેથરિન તરફ ઈશારો કર્યો. ટ્રમ્પે જણાવ્યું હતું કે આ પછી તેમના સહયોગીઓએ તેમને સમજાવ્યું કે કપલ કોણ છે? ટ્રમ્પે કહ્યું, 'તેમણે મને સમજાવ્યું અને મેં કહ્યું, 'હું તેને (કેથરિનના પતિને) નોકરી આપવા જઈ રહ્યો છું.' પછી ટ્રમ્પે કેથરિનને કહ્યું, 'કારણ કે જેની સાથે તમારા જેવી સાથી હોય તો તે એક પોતાનામાં જ એક મોટી પ્રશંસા છે.' આ પછી ટ્રમ્પે ડગ બર્ગમના બાયોડેટાની પણ પ્રશંસા કરી. તેમણે તેને એક સફળ ઉદ્યોગપતિ ગણાવ્યા અને કહ્યું કે તેઓ નોર્થ ડકોટાના બે વખત ગવર્નર રહી ચૂક્યા છે.

# સ્પેનના વૈજ્ઞાનિકોએ પેનક્રિયાટિક કેન્સરનો ઇલાજ શોધ્યો: 6 વર્ષ ઉંદરો પરના સંશોધનમાં સફળતા

**મેડ્રિડ, તા.30**

સ્પેનના વૈજ્ઞાનિકોએ સ્વાદુપિંડના કેન્સરનો ઈલાજ શોધવાનો દાવો કર્યો છે. લગભગ 6 વર્ષ સુધી ઉંદરો પર ચાલેલા સંશોધનમાં, તેમણે ત્રણ દવાઓને ભેળવીને એક નવી થેરાપી તૈયાર કરી, જેનાથી સ્વાદુપિંડની ગાંઠ સંપૂર્ણપણે નાબૂદ થઈ ગઈ. સારવાર પછી ઉંદરોમાં કેન્સર ફરીથી પાછું આવ્યું નહીં. આ સંશોધન 'નેશનલ કેન્સર રિસર્ચ સેન્ટર'ના વૈજ્ઞાનિક 'મારિયાનો બાર્બાસિડ'ના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. તેના પરિણામો 27 જાન્યુઆરીના રોજ 'પ્રોસીડિંગ્સ ઓફ ધ નેશનલ એકેડમી ઓફ સાયન્સિસ' (PNAS) જર્નલમાં પ્રકાશિત થયા હતા. સ્વાદુપિંડના કેન્સરને સૌથી



ખતરનાક કેન્સરમાંનું એક માનવામાં આવે છે, કારણ કે તેના લક્ષણો ખૂબ મોડા દેખાય છે. મોટાભાગના કિસ્સાઓમાં, રોગ ત્યારે જ પકડાય છે જ્યારે તે ઘણો વધી ગયો હોય છે. આ જ કારણ છે કે તેના ફક્ત 10% દર્દીઓ જ 5 વર્ષ સુધી જીવિત રહી શકે છે. એપલના CEO સ્ટીવ જોબ્સનું 2011માં આના કારણે અવસાન થયું હતું. આ નવી થેરાપીમાં વૈજ્ઞાનિકોએ એકસાથે ત્રણ દવાઓ (જેમસિટાબીન, ઓલ-ટ્રાન્સ રેટિનોઈક એસિડ (ATRA) અને નેરાટિનિબ) નો ઉપયોગ કર્યો. તેનો હેતુ કેન્સરથી બચવાના ઘણા રસ્તાઓને એકસાથે બંધ કરવાનો હતો. વૈજ્ઞાનિકોના મતે, આનાથી કેન્સરના કોષો પોતાને બદલી શક્યા નહીં અને સારવાર અસરકારક સાબિત થઈ. મારિયાનો બાર્બાસિડ પહેલા પણ કહી ચૂક્યા છે કે સ્વાદુપિંડના કેન્સરને એક દવાથી ખતમ કરી શકાતું નથી. તેમનું માનવું છે કે આ કેન્સર ખૂબ જ ઝડપથી પોતાને અનુકૂળ કરી લે છે અને તેને રોકવા માટે ઘણા રસ્તાઓ પર એકસાથે હુમલો કરવો જરૂરી છે.

# અમેરિકામાં સસ્તી દવાઓ માટે ટ્રમ્પ વેબસાઇટ લોન્ચ કરશે

## 800% સુધી ખર્ચ ઘટશે, 16 કંપનીઓ સાથે કરાર, બદલામાં 3 વર્ષની ટેરિફ છૂટ આપી


**વોશિંગ્ટન, તા.30**

ટ્રમ્પ વહીવટીતંત્ર આ મહિને 'ટ્રમ્પ Rx' નામની એક નવી સરકારી વેબસાઈટ લોન્ચ કરવા જઈ રહ્યું છે. આ પ્લેટફોર્મ દ્વારા દર્દીઓ દવા કંપનીઓ પાસેથી સીધા ઓછા ભાવે દવાઓ ખરીદી શકશે. વહીવટીતંત્રનો દાવો છે કે આ પહેલથી અમેરિકામાં લોકોના દવા ખર્ચમાં 800% સુધીનો ઘટાડો થશે.

અમેરિકન રેડિયો NPRના રિપોર્ટ મુજબ, ટ્રમ્પ વહીવટીતંત્રે ગયા વર્ષે સપ્ટેમ્બરથી અત્યાર સુધી 16 મોટી દવા કંપનીઓ સાથે કરારો કર્યા છે. આ કરારોને 'મોસ્ટ ફેવર્ડ નેશન (MFN)' ડીલ્સ કહેવામાં આવ્યા. બદલામાં, દવા કંપનીઓને 3 વર્ષ સુધી આયાતી દવાઓ પર ટેરિફમાંથી મુક્તિ મળશે.

આ યોજના ચૂંટણીના વચનો અને 'અમેરિકા ફર્સ્ટ' હેલ્થ પોલિસી સાથે સંકળાયેલી માનવામાં આવે છે. ટ્રમ્પનું કહેવું છે કે અન્ય ધનિક દેશો અમેરિકામાં બનેલી દવાઓ ઓછી કિંમતે ખરીદે છે, જ્યારે અમેરિકનોને તેના માટે ત્રણ ગણી વધુ કિંમત ચૂકવવી પડે છે. આ કાર્યક્રમ સુનિશ્ચિત કરશે કે દવા કંપનીઓ તે જ ભાવે દવાઓ વેચે જે બાકીના દેશોમાં મળી રહી છે.

અમેરિકન કંપનીઓ દવાઓના રિસર્ચ, ટેસ્ટિંગ, ફેક્ટરી પાછળ કરોડો-અબજો રૂપિયા ખર્ચે છે. દુનિયાભરમાં આ દવા વેચાય છે.



અમેરિકામાં આ દવા ખૂબ મોંઘી છે, જ્યારે યુરોપ, કેનેડા, જાપાન જેવા શ્રીમંત દેશોમાં તે જ દવા ખૂબ સસ્તી મળે છે.

ખરેખરમાં, તે દેશોની સરકાર ઓછી કિંમતે દવા ખરીદવાની માંગ કરે છે અને જો તેમ ન કરવામાં આવે તો ડીલ રોકવાનું જોખમ રહે છે. બજાર ગુમાવવાના ડરથી કંપનીઓ ઓછી કિંમતે દવાઓ પૂરી પાડે છે.

ટ્રમ્પનું માનવું છે કે અમેરિકન લોકોના પૈસાથી જ નવી દવાઓ બને છે. વિદેશી દેશો ઓછા પૈસા આપીને તેનો ફાયદો ઉઠાવે છે. ટ્રમ્પના મતે તેઓ અમેરિકાની મહેનત પર 'ફ્રી રાઈડ' કરે છે.

તેથી, આ MFN પ્રોગ્રામમાં નિર્ણય લેવામાં આવ્યો છે કે હવે અમેરિકામાં પણ દવાની કિંમત સૌથી ઓછી હશે જે કોઈ શ્રીમંત દેશમાં મળે છે. કંપનીઓને કહેવામાં આવ્યું કે અમેરિકાને પણ તે જ સસ્તી ડીલ આપો.

આનાથી વિદેશી દેશોને પણ વધુ કિંમત ચૂકવવી પડશે, જેમ કે બ્રિટન સાથે થયેલા કરારમાં નવી દવાઓની કિંમત 25% વધારવામાં આવી છે. અમેરિકન દર્દીઓને દવાઓ સસ્તી મળશે, કંપનીઓના વધારાના પૈસા અમેરિકા પાછા આવશે અને દેશમાં દવા બનાવવાનું કામ વધશે.

ટ્રમ્પRxની સૌથી મોટી વાત એ છે કે તેમાં સરકાર દવાઓની કિંમત નક્કી કરવામાં સીધો હસ્તક્ષેપ કરવા માંગે છે. અત્યાર સુધી અમેરિકામાં દવા કંપનીઓ પોતાની નવી દવાઓની કિંમતો જાતે નક્કી કરે છે. જો ટ્રમ્પRx લાગુ પડે છે, તો દવાઓની કિંમત સરકાર નક્કી કરશે. દવા કંપનીઓને ડર છે કે તેનાથી તેમનો નફો સીધો ઘટી જશે.

# ટ્રમ્પે કહ્યું-મારા કહેવાથી પુતિને યુક્રેન પર હુમલો રોક્યો: શિયાળામાં મેં કિવ પર ગોળીબાર ન કરવા કહ્યું, રશિયા તરફથી પુષ્ટિ નહીં

**વોશિંગ્ટન, તા.30**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ વ્હાઈટ હાઉસમાં ગુરુવારે કહ્યું કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મારા કહેવા પર એક અઠવાડિયા માટે યુક્રેનની રાજધાની કિવ પર હુમલો રોકી દીધો છે.

તેમણે કહ્યું કે મેં વ્યક્તિગત રીતે રાષ્ટ્રપતિ પુતિનને આ અસાધારણ ઠંડી દરમિયાન કિવ અને અન્ય શહેરો પર ગોળીબાર ન કરવા કહ્યું છે. ટ્રમ્પે આગળ કહ્યું કે પુતિન આના પર સહમત થઈ ગયા છે. જોકે, રશિયા તરફથી તેની કોઈ પુષ્ટિ થઈ નથી. રાષ્ટ્રપતિ ટ્રમ્પ પોતાના કાર્યકાળનું એક વર્ષ પૂરું થવા પર મીડિયા સાથે વાત કરી રહ્યા હતા. અમેરિકા ઉર્જા ઉત્પાદનમાં બધાને પાછળ છોડી રહ્યું છે. ચીન ખૂબ વધારે ઉર્જા બનાવે છે, પરંતુ અમેરિકા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)માં ચીનથી આગળ છે. યુરોપ દરેક જગ્યાએ વિન્ડમિલ લગાવીને પોતાના સુંદર વિસ્તારોને ખરાબ કરી રહ્યું છે. યુરોપને મોડું થાય તે પહેલાં સમજદારી બતાવવી પડશે.

બધા બંધકોને પાછા લાવવામાં હમાસની મોટી ભૂમિકા રહી. છેલ્લા બંધકોને પાછા લાવવા સૌથી મુશ્કેલ હતું. કુલ મળીને છેલ્લા 20 બંધકો પાછા લાવવામાં આવ્યા.

અમેરિકા હવે જાપાન કરતાં વધારે સ્ટીલ બનાવી રહ્યું છે. લગભગ 26-27 વર્ષ પછી આવું પહેલીવાર બન્યું છે. થોડા વર્ષો પહેલા અમેરિકામાં સ્ટીલ કંપનીઓ બંધ થઈ રહી હતી. યુએસ સ્ટીલ સાથે એક મોટો કરાર કરવામાં આવ્યો અને કંપનીને બચાવવામાં આવી. વેનેઝુએલાના નેતૃત્વનો આભાર માનું છું. હવે વેનેઝુએલામાં તેલ પર કામ શરૂ થઈ ગયું છે. મોટી તેલ કંપનીઓ વેનેઝુએલા જઈ રહી



છે. આનાથી વેનેઝુએલા અને અમેરિકા બંનેને ઘણો ફાયદો થશે.

અધિકારીઓને નિર્દેશ આપ્યો છે કે દિવસના અંત સુધીમાં વેનેઝુએલાનું એરસ્પેસ કોમર્શિયલ ફ્લાઈટ્સ માટે ફરીથી ખોલી દેવામાં આવે. યુક્રેનની રાજધાની પર હુમલાઓ રોકવાની આ અપીલ એવા સમયે આવી છે જ્યારે રશિયા દેશના મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓ પર બોમ્બમારો કરી રહ્યું છે, જેના કારણે દેશભરમાં ઘણા લોકો કડકડતી ઠંડીમાં ગરમી વગર રહી રહ્યા છે. આ દરમિયાન, અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે યુક્રેનના દક્ષિણી ઝાપોરિઝ્ઝિયા ક્ષેત્રમાં રાતભર થયેલા રશિયન ડ્રોન હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા હતા. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકીએ ચેતવણી આપી હતી કે આ અઠવાડિયાના અંતમાં અમેરિકાની મધ્યસ્થીથી થનારી શાંતિ વાર્તાની યોજનાઓ છતાં મોસ્કો એક વધુ મોટા પાયે હુમલાની યોજના બનાવી રહ્યું છે. ઝેલેન્સકીએ કહ્યું કે યુક્રેનિયન ગુપ્તચર અહેવાલો સૂચવે છે કે રશિયા એક મોટા હવાઈ હુમલા માટે સેના એકત્ર કરી રહ્યું છે. ઝેલેન્સકીએ કહ્યું કે ચાલી રહેલા હુમલા શાંતિ વાર્તાને બદનામ કરે છે. તેમણે બુધવારે મોડી રાત્રે કહ્યું, દરેક રશિયન હુમલો આવું કરે છે.

યુક્રેનિયન સંરક્ષણ પ્રધાન માયખાઈલો ફેડોરોવે ગુરુવારે ટેલિગ્રામ મેસેજિંગ એપ પર જણાવ્યું હતું કે યુક્રેન સ્પેસએક્સ સાથે મળીને રશિયન હુમલાખોર ડ્રોન દ્વારા તેની સ્ટારલિંક સેટેલાઈટ સેવાનો કથિત ઉપયોગ કરવા અંગે કામ કરી રહ્યું છે.

તેમણે કહ્યું કે તેમની ટીમે એલોન મસ્ક દ્વારા સંચાલિત અમેરિકન એરોસ્પેસ કંપનીનો સંપર્ક કર્યો અને આ મુદ્દાને ઉકેલવાના રસ્તાઓ સૂચવ્યા.

યુક્રેનના વીજળી નેટવર્ક પર રશિયન ડ્રોન હુમલાઓને કારણે લોકોને વર્ષોની સૌથી ઠંડી શિયાળામાં હીટિંગ, લાઈટિંગ અને પીવાનું પાણી નથી મળી રહ્યું. સ્ટેટ ઈમરજન્સી સર્વિસે ચેતવણી આપી છે કે ફેબ્રુઆરીની શરૂઆતમાં યુક્રેનમાં વધુ તીવ્ર ઠંડી પડવાની અપેક્ષા છે, કેટલાક વિસ્તારોમાં તાપમાન માઈનસ 30 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટી શકે છે.

# અમેરિકામાં બાળકોનું સ્પેશિયલ 'ટ્રમ્પ એકાઉન્ટ': ટ્રમ્પે કહ્યું- દરેક રાષ્ટ્રપતિએ આગામી પેઢીને માત્ર દેવું જ આપ્યું છે, હું ડોલર આપીશ

**વોશિંગ્ટન, તા.30**

અમેરિકામાં જન્મેલા બાળકોને સરકાર તરફથી 1,000 ડોલર (92 હજાર રૂપિયા) આપવામાં આવશે. આ રકમ બાળકોના નામે ખોલવામાં આવનારા એક સ્પેશિયલ એકાઉન્ટમાં જમા કરવામાં આવશે. આ યોજના ગયા વર્ષે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂ કરી હતી. હવે તેને અમેરિકાની મોટી-મોટી કંપનીઓનો ટેકો મળવા લાગ્યો છે. આ યોજનાને 'ટ્રમ્પ એકાઉન્ટ' કહેવામાં આવે છે. વ્હાઈટ હાઉસ અનુસાર, આ એક ટેક્સ-ફ્રી સેવિંગ એકાઉન્ટ હશે, જેમાં સરકાર બાળકોના ભવિષ્ય માટે શરૂઆતનું રોકાણ કરશે. આ ખાતામાં જમા રકમ શેરબજારમાં રોકાણ કરવામાં આવશે જેથી સમય જતાં તે વધી શકે. આ યોજનાનો લાભ તે બાળકોને મળશે



જે 1 જાન્યુઆરી 2025 થી 31 ડિસેમ્બર 2028 ની વચ્ચે અમેરિકામાં જન્મશે. હવે ઘણી મોટી કંપનીઓ પણ આ યોજનામાં આગળ આવી રહી છે. બેંક ઓફ અમેરિકા અને જેપી મોર્ગન ચેઝે જાહેરાત કરી છે કે તેઓ તેમના કર્મચારીઓના બાળકોના ટ્રમ્પ એકાઉન્ટમાં સરકારની જેમ 1,000 ડોલરની સમાન રકમ જમા કરશે. ટ્રમ્પે કહ્યું, 'દરેક રાષ્ટ્રપતિએ આપણી આગામી પેઢીને માત્ર દેવું જ આપ્યું છે, પરંતુ અમારી સરકાર દરેક બાળકને વાસ્તવિક સંપત્તિ અને આર્થિક સ્વતંત્રતાની તક આપશે.' તેમણે નોકરીદાતાઓને અપીલ કરી કે તેઓ તેમના કર્મચારીઓ માટે ટ્રમ્પ એકાઉન્ટમાં યોગદાન આપે. 92 હજાર ફક્ત ટ્રમ્પ વહીવટ દરમિયાન જન્મેલા બાળકોને મળશે. બાળકના માતા-પિતાની ઈમિગ્રેશન સ્થિતિ કોઈ ફરક પાડતી નથી, કોઈપણ માતા-પિતા એકાઉન્ટ ખોલી શકે છે. મોટા બાળકો માટે એકાઉન્ટ ખોલી શકાય છે, પરંતુ તેમને રકમ મળશે નહીં. સમર્થકોનું કહેવું છે કે આનાથી વધુ લોકો સ્ટોક માર્કેટ સાથે જોડાશે અને ગરીબીમાં જન્મેલા બાળકોને પણ અમેરિકાની સંપત્તિનો હિસ્સો મળશે. આ મૂડીવાદને પ્રોત્સાહન આપશે, ખાસ કરીને જ્યારે સમાજવાદી વિચારો વધી રહ્યા છે.

## તંત્રી લેખ

# ટ્રમ્પની દાદાગીરીને તમાચો : મોદીએ અચાનક પાસું પલટી નાખ્યું

આપણે 27 જાન્યુઆરી 2026ના દિવસે નરેન્દ્ર મોદી, EU આયોગના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર અને યુરોપિયન કાઉન્સિલના પ્રમુખ એન્ટોનિયો કોસ્ટાને મધર ઓફ ઓલ ડિલ્સ એટલે કે ભારત અને યુરોપિયન વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટના ડોક્યુમેન્ટ સાઈન કરી. તેનો ફાયદો કંઈક આવી રીતે સમજો માની લો કે મુન્દ્રાના બંદરથી 100 રૂપિયાની વસ્તુ લઈને એક જહાજ યુરોપ પહોંચ્યું. હાલ લોજિસ્ટિક્સ, ટેક્સ, ઈમ્પોર્ટ ડ્યૂટી, કસ્ટમ, પ્રોફિટ માર્જિન મળીને તેના 500 રૂપિયા થઈ જાય છે. પણ ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટના કારણે હવે એ જ વસ્તુ 150 રૂપિયામાં મળી જશે. ટૂંકમાં મોંઘી વસ્તુઓ ઓછા લોકો ખરીદે છે. જો વસ્તુ સસ્તી થઈ જાય તો ખરીદનારની સંખ્યા વધી જાય છે અને આનાથી જ વેપાર વધશે અને ભારતને ફાયદો થશે. હવે સમજો કે ભારત અને યુરોપિયન યુનિયનનું સાથે આવવું કેટલું મહત્વનું છે. પણ આ બધું રાતોરાત નથી થયું. આ ડિલ પર પાછલા 19 વર્ષથી કામ ચાલી રહ્યું હતું. ભારત ઈયુ એફટીએની શરૂઆત 2007માં થઈ હતી. ત્યારે તેને બ્રોડ બેઝ્ડ ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ એગ્રીમેન્ટ તરીકે ઓળખવામાં આવતી હતી. વર્ષ 2013માં વાટાઘાટોના 15 રાઉન્ડ થયા પણ ભારતની સુરક્ષાના કારણો અને યુરોપની હઠના કારણે ડિલ પડી ભાંગી હતી. યુરોપ ઈચ્છતું હતું કે ભારત લક્ઝરી ગાડીઓ અને વાઈન પર ઈમ્પોર્ટ ડ્યૂટી ઘટાડે. સામેની બાજુ આપણી ઈચ્છા હતી કે ભારતીય આઈટી પ્રોફેશનલ્સને યુરોપમાં કામ માટે ઈઝી ટેન્ટ્રી મળે. ત્યારે બંનેની આશા અપેક્ષાઓ માટે જમીન આસમાનનું અંતર હતું. ત્યારે યુરોપ માટે ભારત માત્ર એક માર્કેટ હતું, પાર્ટનર નહીં. એટલે આ મામલે 2013 પછી બંને વચ્ચે વાતચીત સાવ બંધ પડી ગઈ. જેની ચિનગારી 2022માં ફરી લાગી. યુરોપની આંખ એમને એમ નથી ખુલી. યુરોપને ભારતની વધતી શક્તિ, અર્થતંત્ર અને વસ્તી દેખાય છે. અને માત્ર આટલું જ પૂરતું નથી, સૌથી મોટું કારણ અમેરિકા છે. તેમનું મિત્ર અમેરિકા બેવફા થયું માટે હવે તેમને નવા પાર્ટનરની જરૂર હતી. અમેરિકાએ ટેરિફનો મારો તો ચલાવ્યો પણ તેમનો વિસ્તાર ગ્રીનલેન્ડ હતિયાવી લેવાની ધમકી આપી દીધી. જેના કારણે યુરોપિયન યુનિયનનો ઈગો ઘવાયો. સામેની બાજુ રશિયા સામે યુક્રેન વોરના કારણે તેમને વાંધો છે, ચીન પર ભરોસો મૂકી શકે તેમ નથી, સૌથી મોટી શક્તિમાં બચ્યું ભારત, માટે ઈયુએ ભારત તરફ મીટ માંડી છે. યુરોપ સમજી ગયું કે અમેરિકાની દાદાગીરી વધી રહી છે તેને સબક શીખવવા ભારતનો હાથ પકડવો જ ઓપ્શન છે. હવે વાત કરીએ ભારત અને યુરોપ વચ્ચે કેટલો વેપાર થઈ રહ્યો છે અને આ ડિલ બાદ તેમાં કેટલો વધારો થશે અને પછી વાત કરીશું ગુજરાતના કચ્છ કે ડાંગમાં બેઠેલા માણસને આનાથી કેવી રીતે ફાયદો થઈ શકે. સુરત અને મુંબઈના હીરા ઉદ્યોગ માટે આ સારા સમાચાર છે. અત્યાર સુધી યુરોપમાં ભારતીય જ્વેલરી પર 2.5% થી 4% ડ્યુટી હતી, જે હવે પૂરી રીતે નાબૂદ થશે. આનાથી બેલ્જિયમ અને ઈટલી જેવા બજારોમાં ભારતીય જ્વેલરીની માંગ વધશે અને સુરતના હિરા વેપારીઓ અને રત્નકલાકારોને ફાયદો થશે.

# સુંદરકાંડમાં નવ સુંદરતાની વાત છે, અને નવ પૂર્ણાંક છે, એટલે સુંદરકાંડ પૂર્ણ છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ સુંદરકાંડની ત્રીજા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે વાલ્મિકીનાં સુંદરકાંડમાં તમને ઘણી જુદી જુદી વાતો મળશે, પરંતુ આપણાં કેન્દ્રમાં તુલસીકૃત રામચરિત માનસ છે, અને ભવિષ્યનાં લોકો માટે એક વિશિષ્ટ રૂપમાં એમણે આ ગ્રંથનું સંપાદન કર્યું છે. રામચરિત માનસના સુંદરકાંડમાં કુલ નવ સુંદરતાને સમાવતો એવો આ સુંદરકાંડ છે.

પહેલાં એક પ્રશ્ન છે, કે બાપુ તમે આજે વિચાર પ્રસ્તુત કરી રહ્યાં છો, એ વિચારો તમને ક્યાંથી આવે છે? એના કેન્દ્ર બિંદુ ક્યાં છે? તમે સૌ મારા છો, એટલે ઘરનાં જાણીને વાત કરું છું કે મને ત્રણ જગ્યાએથી વિચાર આવે છે, જે હું તમારી સાથે પ્રસાદ રૂપે વહેંચતો રહું છું. પહેલી જગ્યા છે મારો જુલો, મારો હીંચકો, રાતનાં સન્નાટામાં જ્યારે હું એકલો ઝુલા પર બેસું છું, ત્યારે એ વિચારો આવવાં લાગે છે જે સવારે પ્રસાદના રૂપમાં વહેંચું છું, મોટાભાગે હું ઝુલા પરત સુવું છું, ઝુલા પર જ બેસું છું, ને ઝુલા પર જ જમું છું. કેન્દ્રમાં તો મારા ગુરુની કૃપા છે, પરંતુ આ મારું છે ઉદગમ સ્થાન છે. બીજું કેન્દ્ર બિંદુ મારો યજ્ઞકુંડ, અગ્નિ પાસે બેસું, રાતનાં સન્નાટામાં ચૂપચાપ બેઠો રહું, ત્યારે પ્રિય વિચારો શરૂ થાય છે. ત્રીજું કેન્દ્ર બિંદુ રામચરિત માનસનો પાઠ, જ્યારે પાઠ કરું ત્યારે વિચારો શરૂ થઈ જાય છે, તો હું ગુરુકૃપાને આધારે, એ વિચારોને આધારે તમારી સાથે સંવાદ કરું છું! અહીં બધું વ્યાસનું બોલેલું જ બોલે છે, છતાં નિત નૂતન છે!

સિંધુ તીર એક ભૂધર સુંદર,
કૌતૂક કૂદિ ચઢેઉ તા ઉપર.

પહેલી સુંદરતામાં એક પર્વત છે, પર્વતમાં ઊંચાઈ હોય છે, પર્વત જેટલો ઊંચો એટલો અનટચ હોય છે, અસંગ હોય છે, જેમ કે કૈલાશ! એવરેસ્ટને સ્પર્શ થયો છે, પરંતુ કૈલાશ અનટચ છે. એટલે પર્વતમાં ઊંચાઈ હોય, અને બીજું અસંગ હોય, પર્વતનું ત્રીજું લક્ષણ અચલ હોય છે, આપણી ઉન્નતિ, આપણી ઊંચાઈ, આપણી પ્રગતિ, ત્રણ લક્ષણોમાં સંપન્ન થાય ત્યારે એ સુંદર છે.

કનક કોટ વિચિત્ર મુનિ કૃત સુંદરાયતના ઘના,

હનુમાનજીએ લંકામાં જઈને જોયું સોનાનો કિલ્લો જોયો, અને એમને થયું કે સુંદર મકાન છે. આયાતના એટલે મકાન, ઘર, રહેવા યોગ્ય સ્થાન બધું સુંદર. કેવા ઘરને આપણે સુંદર કહીશું જે ઘર સુઘડ હોય, જેને બહારથી અને અંદરથી બંધ કરી શકાય, એને સુંદર કહી શકાય. જેને અંદરથી બંધ કરી ન શકાય, એને તો જેલ કહેવાય, ઘર તો આપણી ઈચ્છા મુજબ ખોલીને બંધ કરી શકાય, આપણી ઈચ્છા હોય તો જ કોઈક આવી શકે, કે જઈ શકે. આ ઉપરાંત ઘર એ જ સુંદર છે, એમાં દરવાજો હોય. કલહમુકત ઘર સુંદર છે. કોઈપણ ઘર હોય એને ચાર દિવાલ હોય છે, માનસમાં આવા ઘરની ચર્ચા છે. તુલસી કહે છે કે જીવાત્મા ચાર દીવાલોમાં કેદ છે. તુલસીનાં મતે ચાર દિવાલ કાલ, કર્મ, સુભાવ ગુન ઘેરા. કાલ કર્મ સ્વભાવ અને ગુણ એ ચાર દીવાલોની અંદર આપણે કેદ છીએ આપણી સ્વતંત્રતા કે પરતંત્રતાના કારણ પણ એ ચાર છે.

ઘરમાં અનુકૂળતા મુજબ આપણે એસી લગાવી શકીએ ગરમી હોય તો હીટર લગાવી શકે વર્ષાઋતુ હોય તો છત્રી લઈ જઈ શકે પરંતુ પ્રકૃતિનો જે કાળ છે એટલે કે ઋતુ પ્રમાણે નો ફેરફાર આપણે બદલી શકતા નથી બીજો કાળ છે આપણું મૃત્યુ છે એને પણ આપણે બદલી શકતા નથી. આપણા કર્મ મુજબ આપણું જીવન હોય છે એટલે એ પણ આપણે બદલી શકતા નથી. ગુણ એટલે કે સત્વરે રસ અને તમો એ પણ આપણી જરૂરિયાત છે એની બાદબાકી થઈ શકે નહીં! આ સમ્યકતા જરૂરી છે. પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય એમ સ્વભાવ પણ આપણે બદલી શકતા નથી.

સ્યામ સરોજ દામ સમ સુંદર,
પ્રભુ પુજ કરિ કર સમ દસકંદર.

સુંદરકાંડની ત્રીજી સુંદરતા છે, પરમાત્માનો હાથ, ભુજા સુંદર! હાથ કોના સુંદર હોય ગોરા હોય સપ્રમાણ હોય આંગળીઓ પ્રમાણમાં બનાવી હોય એ પણ અહીં એ વાત નથી રામના હાથ માટે તો સવાલ જ નથી પરંતુ હાથ એમના સુંદર છે જે બીજાને આપે છે માત્ર ગ્રહણ કરવું એ હાથની સુંદરતા નથી. હાથ એમના સુંદર છે જે બીજાને સહારો આપે, પડેલાને આધાર આપે, બીજાને ધક્કો મારે એ હાથ કંઈ રીતે સુંદર હોય શકે! દસ ટકાની વાત હું કેટલાય વખતથી કરું છું.

તબ દેખી મુદ્રિકા મનોહર,
રામનામ અંકિત અતિ સુંદર.

સુંદરકાંડ અંતર્ગત ચોથી સુંદરતા ભગવાને જે મુદ્રિકા આપી જેમાં રામ નામ અંકિત છે એ અત્યંત સુંદર છે. તુલસીદાસજીએ આઠ સુંદરતા ની વાત કરી અને નવમી જાનકીની સુંદરતા કઈ પણ આ નવ સુંદરતામાં બે સુંદરતાને તુલસીદાસજીએ અતિ સુંદર કહી શા માટે? રામ નામ અને રામકથા અતિ સુંદર અતિ સુંદર શબ્દનો પ્રયોગ મારા ગોસ્વામીજીએ મુદ્રિકા માટે નથી કર્યું એમાં રામનામ અંકિત છે એટલે અતિ સુંદર છે એમ કહ્યું છે રામનું નામ અતિ સુંદર છે.

પાંચમી સુંદરતા અશોક વાટિકામાં જ્યારે હનુમાનજીને ભૂખ લાગી ત્યારે સીતાજીને કહે છે મા મને અતિશય ભૂખ લાગી છે આ ફળ, ફૂલ અને મોટા ઝાડ, સુંદર છે એને જોઈને મને ભૂખ લાગી છે.

છઠ્ઠી સુંદરતા ભગવાનની કથાની છે ભગવાન શંકર લગ્ન થઈ ગયા જ્યારે હનુમાનજીના મસ્તક પર રામજી આ હાથ મૂક્યો અને ભગવાન કથા કહેતા કહેતા કૈલાશ પર ધ્યાનસ્થ થઈ ગયા કારણકે રામકથા હતી સુંદર છે! કારણ કે કથા તો ઘણા પ્રકારની હોય કેટલીક કથાઓ રજની હોય કોઈ કોઈ કથા તમો ગુણી હોય જેમાં વક્તાઓ શ્રોતાઓને ધમકાવતા જ રહે છે કેટલીક તત્વપ્રધાન પણ હોય છે પરંતુ અતિ સુંદર કથા તો ભગવાન શંકર કહે છે, અને એ ભગવાનની કથા સુંદર છે.


સુંદરકાંડમાં સાતમી સુંદરતા સુકનની, રામે જ્યારે પ્રસ્થાન કર્યું ત્યારે સુંદર સુગંધ થવા લાગ્યા ભગવાને જ્યારે પ્રયાણ કર્યું ત્યારે બધા સુકન સુંદર થવા લાગ્યા.

સઠ સન વિનય, કુટિલ સન પ્રીતિ,
સહજ કૃપન સન સુંદર નીતી.

આખા એ નીતિશાસ્ત્રની ચર્ચામાંથી આ પંક્તિ ઉઠાવવામાં આવી છે કે શર્ટની આગળ વિનયનું કોઈ ફળ નહીં મળે અને કુટીલ સાથે પ્રીતિ નું કોઈ પરિણામ નહીં આવે. તુલસીદાસજીએ સુંદર નીતિને પણ સુંદરકાંડમાં સમાવિષ્ટ કરીને આઠમી સુંદરતા નીતિ દર્શાવી છે.

નવમી સુંદરતા મા જાનકી જે પ્રતિબિંબ છે છાયા છે જાનકી મૂળ રૂપમાં તો અગ્નિમાં સમાઈ ચુક્યા છે અને એ જાનકી તો અતિ સુંદર છે જ સુંદરતાને પણ સુંદરતાની દીક્ષા દેનારી શ્રી જાનકીજી છે, આમ નવ સુંદરતાનો ઉલ્લેખ તુલસીનાં રામચરિત માનસના સુંદરકાંડમાં મળે છે, નવ પ્રકારની સુંદરતા એ સુંદરકાંડની પૂર્ણતાને ઘોષિત કરે છે.

કથાના ક્રમમાં પહેલા દિવસે આપણે હનુમાનજીની વંદના કરી ત્યારબાદ ભગવાનના સખાઓની વંદના અને ગોસ્વામી જીએસ સીતારામજીની વંદના કરી રામચરિત માનસમાં નવ દોહામાં એટલે કે 72 પંક્તિઓમાં રામ નામનો મહિમા અને રામ નામની વંદના છે. પરમાત્માના હજાર નામ છે પરંતુ ગોસ્વામીજી કહે છે કેમાંથી હું રામ નામની વંદના કરું છું રામ નામના મહિમાનું ગાન કરું છું. ભગવાન શંકર નિરંતર રામ નામ જપે છે શંકરે વિસપાન કર્યું ત્યારે રામના પ્રતાપથી વિષ અને રામ જોડાયું એટલે વિશ્રામ થઈ ગયું. પ્રભુનું નામ સર્વોત્તમ છે અને, આખરી સાર તો હરિ નામ જ છે, અને એટલે જ કળિયુગનુ એ સાધન બતાવ્યું છે. આમ રામ નામના મહિમા સાથે ત્રીજા દિવસની કથા અને વિરામ આપ્યો.




# ભારતીય રેલની પ્રથમ LNG ટ્રેનનું સફળ સંચાલન

**અમદાવાદ રેલ્વે - તા. 30**

અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે તારીખ 30.01.2026ના રોજ પશ્ચિમ રેલવેના અમદાવાદ સ્થિત ઇન્ટિગ્રેટેડ કોચિંગ ડિપો (ICD), સાબરમતી ખાતે ભારતીય રેલવેની પ્રથમ લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG)-ડીઝલ આધારિત ડ્યુઅલ ફ્યુઅલ DEMU ટ્રેનનું નિરીક્ષણ કર્યું હતું. આ અવસરે તેમણે મીડિયા સાથે વાતચીત કરતાં આ નવીન પહેલ અંગે વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે ભારતીય રેલવેએ સ્વચ્છ, પર્યાવરણ-અનુકૂળ તથા કિફાયતી રેલ સંચાલનની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભરતાં, ભારતીય રેલવેમાં પ્રથમ વખત પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા ડીઝલ ઇલેક્ટ્રિક મલ્ટિપલ યુનિટ (DEMU)ની ડ્રાઇવિંગ પાવર કાર (DPC)માં લિક્વિફાઇડ નેચરલ ગેસ (LNG) આધારિત ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલી સફળતાપૂર્વક અપનાવવામાં આવી છે.

આ યોજનાના અંતર્ગત 1400 એચપીની બે DEMU DPCને ડીઝલ+એલએનજી ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીમાં પરિવર્તિત કરવામાં આવી છે, જેમાં લગભગ 40 ટકા સુધી ડીઝલના સ્થાને એલએનજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ બંને પરિવર્તિત DPC પર 2000 કિલોમીટરથી વધુનું સફળ ફિલ્ડ ટ્રાયલ પૂર્ણ કરવામાં આવ્યું છે અને હાલમાં કોઈપણ સમસ્યા વિના નિયમિત યાત્રી સેવામાં સંચાલિત થઈ રહી છે.

LNG (લિક્વિફાઇડ નેચરલ ગેસ) ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીના મુખ્ય લાભો

1. પર્યાવરણીય લાભ

એન્જિનમાંથી નીકળતા પ્રદૂષકોમાં નોંધપાત્ર ઘટાડો, ખાસ કરીને કાર્બન ડાયોક્સાઇડ (CO), નાઇટ્રોજન ઑક્સાઇડ (NOx) તથા પાર્ટિક્યુલેટ મેટર (PM)માં ઘટાડો.

રેલવે માર્ગોની આસપાસ હવાની ગુણવત્તામાં સુધારો તેમજ રાષ્ટ્રીય પર્યાવરણીય લક્ષ્યોની પૂર્તિમાં સહાયતા.

ઈંધણ ખર્ચમાં ઘટાડો

એલએનજી, ડીઝલની તુલનામાં સસ્તું છે. ડીઝલના સ્થાને આંશિક રીતે એલએનજી ના ઉપયોગથી પરિચલાન ખર્ચમાં નોંધપાત્ર બચત થાય છે.

પરીક્ષણ આંકડાઓના આધારે એક DPCમાંથી લગભગ 11.9 લાખ પ્રતિ વર્ષ બચત તથા અને એક 8-કોચ DEMU રેક (2 DPC)માંથી લગભગ 23.9 લાખ પ્રતિ વર્ષ બચત શક્ય છે.

2. પરિચલાન માં ફ્લેક્સિબીલિટી

ડ્યુઅલ ફ્યુઅલ એન્જિન ઈંધણની ઉપલબ્ધતા મુજબ ડીઝલ અને એલએનજી વચ્ચે સરળતાથી સ્વિચ કરી શકે છે, જેના કારણે સેવામાં કોઈપણ પ્રકારનો વિક્ષેપ થતો નથી.

3. કાર્યક્ષમતામાં કોઈ ઘટાડો નથી

ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલી આ રીતે ડિઝાઇન કરવામાં આવી છે કે એન્જિનની શક્તિ અને વિશ્વસનીયતા પરંપરાગત ડીઝલ એન્જિનના સમાન રહે, જેના કારણે ઉત્તમ કાર્યક્ષમતાની સાથે ઈંધણ બચત અને પ્રદૂષણમાં ઘટાડો સુનિશ્ચિત થાય છે.

સ્વીકૃત ડિઝાઇન અનુસાર DPCમાં અંદાજે 2200 લીટર ક્ષમતા (લગભગ 950-1000 કિલોગ્રામ ઉપયોગી એલએનજી) ધરાવતી એલએનજી ટેંક સ્થાપિત કરવામાં આવી છે. એક વખત સંપૂર્ણ ભરાવાથી 222 કિલોમીટરના દૈનિક સંચાલન માટે પર્યાપ્ત એલએનજી ઉપલબ્ધ થાય છે, જેના કારણે વારંવાર ઈંધણ ભરવાની જરૂરિયાત ઓછી રહે છે.

આરડીએસઓ દ્વારા ઉત્સર્જન પરીક્ષણો અને અંતિમ સ્વીકૃતિઓ પછી આ ટેક્નોલોજીને વધુ વિસ્તાર આપવામાં આવશે. આગામી તબક્કામાં વધુ 8 DEMU DPCને ડ્યુઅલ ફ્યુઅલ પ્રણાલીમાં પરિવર્તિત કરવાની યોજના છે, જેના કારણે ભારતીય રેલવેની સ્વચ્છ ઊર્જા, ઓછા કાર્બન ઉત્સર્જન અને કિફાયતી સંચાલન પ્રત્યેની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનશે.

# સબંધો સાચવવા માટે માણસ નમતો હોય તો, એની લાચારી ના સમજવી કારણકે જે નમતો હોય છે તે સબંધોની કિંમત જાણતો હોય છે.




**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે ચિંતનાત્મક લેખમાં જોઈએ તો એક સમયે, એક ગામમાં એક ધનવાન માણસ રહેતો હતો.તેની પાસે પૈસાની કોઈ કમી નહોતી, પણ તે ખૂબ જ આળસુ હતો. તેના બધા કામ નોકર કરતા હતા, અને તે પોતે દિવસ સૂઈને અથવા વ્યભિચારમાં વિતાવતો હતો. તે ધીમે ધીમે સંપૂર્ણપણે નકામો બની ગયો. તેને એવું લાગતું હતું કે જાણે તે દરેક વસ્તુનો માલિક છે કારણ કે તેની પાસે ઘણા પૈસા હતા, તે કંઈપણ ખરીદી શકે છે. આ વિચારીને તે દિવસ અને રાત સૂતો રહેતો. પરંતુ એવું કહેવાય છે કે ખરાબ વિચારોના ખરાબ પરિણામો આવે છે. આ માણસ સાથે પણ આવું જ બન્યું. થોડા વર્ષો પછી, તેને લાગ્યું કે તેનું શરીર પહેલા કરતાં નબળું પડી રહ્યું છે.તેને હાથ-પગ હલાવવામાં પણ મુશ્કેલી પડી રહી હતી. આનાથી તે ખૂબ જ પરેશાન હતો. તેની પાસે ઘણા પૈસા હતા, તેથી તેણે શહેરના શ્રેષ્ઠ ડોક્ટરોને બોલાવ્યા અને ઘણા પૈસા ખર્ચ્યા, પરંતુ તેની સ્થિતિ સ્થિર રહી. તે ખૂબ જ દુઃખી થઈ ગયો. એક દિવસ, એક ઋષિ ગામમાંથી પસાર થઈ રહ્યા હતા અને તેમણે તે માણસની બીમારી વિશે સાંભળ્યું. તેથી તેણે શેઠના નોકરે તેને કહ્યું કે તે તેની બીમારીનો ઈલાજ કરી શકે છે.આ સાંભળી ને, નોકર શેઠ પાસે ગયો અને તેને સાધુ વિશે બધું કહ્યું. શેઠે તરત જ સાધુને બોલાવ્યો,પરંતુ સાધુ એ કહ્યું કે તે શેઠ પાસે નહીં આવે જો તે સ્વસ્થ થવા માંગતો હોય, તો તેણે પોતે આવવું જોઈએ. શેઠ ખૂબ જ દુઃખી હતો કારણ કે તે લાચાર અને ચાલી શકતો ન હતો. પરંતુ જ્યારે સાધુએ આવવાની ના પાડી, ત્યારે તેણે હિંમત ભેગી કરી અને સાધુને મળવા ગયો, પરંતુ સાધુ ક્યાંય મળ્યો નહીં. સેઠ ભારે હૃદય સાથે પાછો ફર્યો.આ રોજિંદો નિત્યક્રમ બની ગયો.સાધુ તેને દરરોજ બોલાવતો, પરંતુ જ્યારે સેઠ આવ્યો,ત્યારે કોઈ ત્યાં ન હતું. ત્રણ મહિના આમ જ પસાર થયા શેઠને એવું લાગવા લાગ્યું કે તે સ્વસ્થ થઈ રહ્યો છે,કારણ કેતેના અંગો ધીમેધીમે નબળા પડી રહ્યા હતા. હવે શેઠ સમજી ગયો કે સાધુ તેને દરરોજ કેમ મળવા નથી આવતો ત્રણ મહિના સતત ચાલ્યા પછી, તેના શરીરમાં નોંધ પાત્ર સુધારો થયો હતો.પછી ઋષિએ વેપારીને કહ્યું કે દીકરા જીવનમાં ગમેતેટલા પૈસા કમા ઓ,સ્વસ્થ શરીરથી મોટી કોઈ સંપત્તિ નથી. તો મિત્રો, આ વાત આપણા રોજિંદા જીવન માં પણ લાગુ પડે છે.તમે ગમે તેટલા પૈસા કમાઓ,સ્વસ્થ શરીર કરતાં મોટી કોઈ સંપત્તિ નથી. સ્વસ્થ અને ખુશ રહો તમારી પાસે જે છે તે પૂરતું છે.

લોકો નિષ્ફળતા અને સફળતા બંનેમાં તમારા વિશે વાત કરશે, જ્યારે તમે સફળ થશો ત્યારે પ્રેરણા તરીકે અને જ્યારે તમે નિષ્ફળ થશો ત્યારે પાઠ તરીકે.

આજથી, ચાલો આપણે સફળતા કે નિષ્ફળતાની ચિંતા કર્યા વિના ઉત્સાહ અને ઉત્સાહ સાથે આપણા લક્ષ્યો તરફ આગળ વધતા રહીએ ભાગવતમાં કોઈ પણ બાળલીલા ની ફલશ્રુતિ કહેલી નથી. એક આ પૂતનાચરિત્રની ફલશ્રુતિ કહી છે. એટલે કે મનુષ્ય એક આ અજ્ઞાન ને, કામવાસનાને ઓળખે તો ય ઘણું છે! અજ્ઞાન દૂર થાય તો તેની શ્રીગોવિંદમાં પ્રીતિ થાય છે.આ પૂતનામોક્ષ ભગવાન ની અદ્ભુત બાળલીલા છે.તેનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ-મનન થાય તો ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિ પ્રેમ પ્રાપ્ત થાય છે, તેથી આ ચરિત્રનું અને જીવ શ્રીકૃષ્ણને પાસે હોય, તો કોઈ વિપત્તિ આવે નહીં. આજથી, ચાલો આપણે સફળતા કે નિષ્ફળતાની ચિંતા કર્યા વિના ઉત્સાહ અને ઉત્સાહ સાથે આપણા લક્ષ્યો તરફ આગળ વધતા રહીએ ભાગવતમાં કોઈ પણ બાળલીલા ની ફલશ્રુતિ કહેલી નથી. એક આ પૂતનાચરિત્રની ફલશ્રુતિ કહી છે. એટલે કે મનુષ્ય એક આ અજ્ઞાન ને, કામવાસનાને ઓળખે તો ય ઘણું છે! અજ્ઞાન દૂર થાય તો તેની શ્રીગોવિંદમાં પ્રીતિ થાય છે.આ પૂતનામોક્ષ ભગવાન ની અદ્ભુત બાળલીલા છે.તેનું શ્રદ્ધાપૂર્વક શ્રવણ-મનન થાય તો ભગવાન શ્રીકૃષ્ણ પ્રતિ પ્રેમ પ્રાપ્ત થાય છે, તેથી આ ચરિત્રનું અને જીવ શ્રીકૃષ્ણને પાસે હોય, તો કોઈ વિપત્તિ આવે નહીં.



બાળલીલામાં એક રહસ્ય છે કે, જ્યારે જ્યારે નંદ અને યશોદા શ્રીકૃષ્ણથી દૂર જાય છે ત્યારે ગોકુળ ઉપર સંકટ આવે છે. તે બતાવે છે કે, જીવ ઈશ્વરથી જાય તો દુઃખી થાય.યશોદા એટલે બુદ્ધિ શ્રીકૃષ્ણથી દૂર જાય, નંદ એટલે જીવ શ્રીકૃષ્ણને ભૂલી જાય ત્યારે આ રાક્ષસો થાય છે. શરીર અને ઈન્દ્રિયો ભલે વ્યવહારનાં કાર્ય કરે પણ બુદ્ધિ શ્રીકૃષ્ણથી દૂર ન જાય તે જોવાનું છે.આ પૂતના કોણ હતી?

વામન ભગવાન બલિરાજાના દરબારમાં દાન માગવા આવે છે. તેનું મનોહર રૂપ જોઈ રાજા બલિ અને રાણી વિંધ્યાવલીની પુત્રી રત્નમાલાની હૃદયમાં પુત્રસ્નેહનો ભાવ ઉદય થયો હતો. તે મનમાં ને મનમાં અભિલાષા કરવા લાગી કે, જો મને આવો બાળક હોય તો તેને ધવડાવીને હું તૃપ્ત થાઉં!

પહેલાં વાત્સલ્યથી તેને ધવડાવ વાની ઈચ્છા થઈ અને પાછળથી વામનમાં કરતુક જોઈ તેને મારી નાખવાની ઈચ્છા થઈ. આમ વાત્સલ્યભાવ અને શત્રુ ભાવ બેઉ ભાવોવાળી રત્ન માલા આ જન્મમાં પૂતના થઈ. શ્રીકૃષ્ણ લીલા એ નિરોધ લીલા છે. જેના મનનો નિરોધ થાય તેને મુક્તિ મળે છે.મનમાં વિરોધ હશે, વાસના હશે ત્યાં સુધી નિરોધ થશે નહીં અને નિરોધ થશે નહીં ત્યાં સુધી મુક્તિ થશે નહીં.

શ્રીકૃષ્ણે શકટભંજન કર્યું ત્યારે શ્રીકૃષ્ણ ૧૦૮ દિવસના હતા.

ગોપીઓને શ્રીકૃષ્ણનાં દર્શન વિના ચેન પડતું નથી. પ્રાતઃકાળમાં જ ગોપીઓ કનૈયાનાં વખાણ કરે છે. અરે, સખી કનૈયો સૂતો હોય છે ત્યારે તેની ઝાંખી સુંદર થાય છે. એક બોલી,લાલાના વાળ કેવા સુંદર છે! બીજી બોલી, આંગળી કેવી મનોહર!એક બોલી,લાલા નાં ચરણ સુંદર છે,તેને પખાળ વાનું મન થાય છે.એક બોલી, લાલાની આંખ સુંદર છે.ત્યારે એક બોલી,મને લાલાના અધરો જ બહુ સુંદર લાગે છે.આ ગોપી ઓ બોલતી નથી, ભક્તિ બોલે છે. ભક્તિ કેવી રીતે કરવી તે ગોપીઓ બતાવે છે. તમારે ભક્તિ કરવી હોય તો આ પ્રમાણે પરમાત્માના એક-એક અંગનું ચિંતન કરો.આવી રીતે શ્રીકૃષ્ણનાં એક-એક અંગમાં દૃષ્ટિ સ્થિર કરો એજ ભક્તિ છે. સ્વરૂપાસક્તિ વગર ભક્તિ ફળતી નથી. ભગવાનનું ચિત્ર અંદર હૃદયમાં ઉતારો. ભગવાનનું ચિત્ર અંદર ઉતરે છે ત્યારે દર્શનમાં આવે છે.ગોપીઓ આમ વાતો કરે છે,ત્યારે યશોદા જી કહે છે કે, અલીઓ,તમે દર્શન કરવા આવી છો તો દર્શન કરો, વાત ન કરો. વાતો કરશો તો મારો લાલો જાગી જશે. બન્યું યે એવું જ. ગોપીઓ આમ અંદર અંદર વાતો કરે છે તેવામાં લાલાએ પાસું ફેરવ્યું. લાલાએ પહેલી વખત પાસું ફેરવ્યું,એટલે અંગ પરિવર્તન નામનો ઉત્સવ કરવાનો. ગોપીઓને શ્રીકૃષ્ણનાં દર્શન વિના ચેન પડતું નથી. પ્રાતઃકાળમાં જ ગોપીઓ કનૈયાનાં વખાણ કરે છે. અરે, સખી કનૈયો સૂતો હોય છે ત્યારે તેની ઝાંખી સુંદર થાય છે. એક બોલી,લાલાના વાળ કેવા સુંદર છે! બીજી બોલી, આંગળી કેવી મનોહર!એક બોલી,લાલા નાં ચરણ સુંદર છે,તેને પખાળ વાનું મન થાય છે.એક બોલી, લાલાની આંખ સુંદર છે.ત્યારે એક બોલી,મને લાલાના અધરો જ બહુ સુંદર લાગે છે.આ ગોપી ઓ બોલતી નથી, ભક્તિ બોલે છે. ભક્તિ કેવી રીતે કરવી તે ગોપીઓ બતાવે છે. તમારે ભક્તિ કરવી હોય તો આ પ્રમાણે પરમાત્માના એક-એક અંગનું ચિંતન કરો.આવી રીતે શ્રીકૃષ્ણનાં એક-એક અંગમાં દૃષ્ટિ સ્થિર કરો એજ ભક્તિ છે. સ્વરૂપાસક્તિ વગર ભક્તિ ફળતી નથી. ભગવાનનું ચિત્ર અંદર હૃદયમાં ઉતારો. ભગવાનનું ચિત્ર અંદર ઉતરે છે ત્યારે દર્શનમાં આવે છે.ગોપીઓ આમ વાતો કરે છે,ત્યારે યશોદા જી કહે છે કે, અલીઓ,તમે દર્શન કરવા આવી છો તો દર્શન કરો, વાત ન કરો. વાતો કરશો તો મારો લાલો જાગી જશે. બન્યું યે એવું જ. ગોપીઓ આમ અંદર અંદર વાતો કરે છે તેવામાં લાલાએ પાસું ફેરવ્યું. લાલાએ પહેલી વખત પાસું ફેરવ્યું,એટલે અંગ પરિવર્તન નામનો ઉત્સવ કરવાનો.

પરમાત્માને પધરાવ્યા પછી કાયમ ઉત્સવ કરશો, તો લાલો કાયમને માટે તમારા ઘરમાં રહેશે. શ્રીકૃષ્ણ ઉત્સવપ્રિય છે. ઉત્સવના દિવસે શક્તિનો,મનનો,વાણીનો સદુપ યોગ કરો.ઉત્સવના દિવસે ભગવાનનું ખૂબ સ્મરણ થવું જોઈએ. ઉત્સવના દિવસે ઈશ્વરસેવામાં દેહભાન ભૂલવું જોઈએ. ઉત્સવના દિવસે આંખમાંથી પ્રેમના બે આંસુ ન નીકળે તો ઉત્સવ વ્યર્થ છે.ઉત્સવ ને દિવસે વેદપાઠી બ્રાહ્મણનું પૂજન કરો.ઉત્સવને દિવસેગરીબ ને અન્નદાન કરો, ઉત્સવના દિવસે સાધુ-મહારાજને ભોજન કરાવો. પોતે ભોગ ભોગવી રાજી થવા કરતાં બીજાને આપીને રાજી થાઓ.ઉત્સવ એટલે ઉત્ અને સવ.ઉત્ એટલે ઈશ્વર અને સવ એટલે પ્રાગટ્ય.ઈશ્વરનું પ્રાગટ્ય હૃદયમાં થાય એ ઉત્સવ.લૂલીના લાડ કરવા માટે ઉત્સવ નથી. ઉત્સવ પરમાત્મા સાથે એક થવા માટે છે, તન્મયતા થવા માટે છે.

યશોદાજીએ અંગ પરિવર્તન ઉત્સવ કરવાનો નિર્ણય કર્યો. યશોદાએ વિચાર્યું કે, બ્રાહ્મણોની પૂજા તો રોજ કરું છું,પણ ગોપી ઓ અને ગોવાળના આશીર્વાદથી પુત્ર મળ્યો છે, તો આજે ગોપીઓ અને ગોવાળોની પૂજા કરું. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે અહીં અટકીએ અસ્તુ. યશોદાજીએ અંગ પરિવર્તન ઉત્સવ કરવાનો નિર્ણય કર્યો. યશોદાએ વિચાર્યું કે, બ્રાહ્મણોની પૂજા તો રોજ કરું છું,પણ ગોપી ઓ અને ગોવાળના આશીર્વાદથી પુત્ર મળ્યો છે, તો આજે ગોપીઓ અને ગોવાળોની પૂજા કરું. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# આચ્છાદન શું છે? અને પ્રાકૃતિક ખેતીમાં આચ્છાદન શા માટે જરૂરી છે?

## પાકના અવશેષોને આચ્છાદનના રૂપમાં જમીનને ઢાંકવાથી થાય છે અનેક ફાયદા

**અમદાવાદ, તા. 30**

પ્રાકૃતિક કૃષિ એ આજના સમયની આવશ્યકતા થઈ છે. જો જળ, જમીન અને સ્વાસ્થ્યને સંતુલિત રાખવું હશે તો પ્રાકૃતિક ખેતીના માર્ગે અવશ્ય ચાલવું પડશે. આજે પ્રાકૃતિક ખેતીના તૃતીય આધારસ્તંભ આચ્છાદન વિશે માહિતગાર થઈએ.

આચ્છાદન એટલે શું ?

જો જમીનની ઉપરની સપાટી પર કુદરતી આવરણ બનાવવામાં આવે તો તેને આચ્છાદન કહેવામાં આવે છે.

જમીનની ઉપરની સપાટી પર રહેતા સૂક્ષ્મ જીવો અને દેશી અળસિયાંને પ્રતિકૂળ વાતાવરણ જેવા કે તોફાન, અતિશય વરસાદ, ગરમી, ઠંડી કે અન્ય જોખમોથી બચાવવા માટે કુદરતી આવરણથી ઢાંકવામાં આવે છે, જેને આચ્છાદન કહે છે. જે સૂક્ષ્મ વાતાવરણ બનાવવા માટે ખૂબ જ જરૂરી છે.

આચ્છાદનના પ્રકારો :-

પ્રાકૃતિક ખેતીમાં આચ્છાદન (મલ્ચિંગ) મુખ્યત્વે ત્રણ રીતે કરવામાં આવે છે.

( 1 ) મૃદાચ્છાદાન ( માટીનું મલ્ચિંગ ) :-

જમીનને માટી અને વનસ્પતિના અવશેષોથી ઢાંકવાની પ્રક્રિયાને મૃદાચ્છાદાન કહેવાય છે.

( 2 ) કાષ્ટાચ્છાદાન ( વનસ્પતિના અવશેષોનું મલ્ચિંગ ) :-

પાકના અવશેષોથી માટીને ઢાંકવાને કાષ્ટાચ્છાદાન કહેવામાં આવે છે.

( 3 ) સજીવાચ્છાદાન ( આંતરપાક/ મિશ્રપાકોનું મલ્ચિંગ ) :-

મુખ્ય પાકોમાં સહ-પાકનું વાવેતર કરીને કરવામાં આવતા આવરણને સજીવાચ્છાદાન કહેવામાં આવે છે.

પ્રાકૃતિક ખેતીમાં આચ્છાદનનું મહત્ત્વ :-

₹ આચ્છાદન જમીનની સજીવતા અને ઊર્જાશક્તિને બચાવવાનું કાર્ય કરે છે. જેનાથી સૂક્ષ્મ વાતાવરણનું નિર્માણ થાય છે તથા દેશી અળસિયા ઉપરની સપાટી પર આવે છે જેથી જમીન મુલાયમ અને ફળદ્રુપ બને છે અને આ જમીનમાં જીવદ્રવ્યનું નિર્માણ થાય છે. આચ્છાદનથી ભેજ ઊડતો નથી અને જમીનમાં ભેજ જળવાઈ રહે છે. વળી વનસ્પતિના અવશેષોનું કોહવાણ થવાથી સેન્દ્રીય કાર્બનનું પ્રમાણ વધે છે. આ ઉપરાંત સૂક્ષ્મ જીવાણુઓની સંખ્યા વધવાથી જમીન જીવંત બને છે.

આચ્છાદનના મુખ્ય ફાયદા :-

₹ આચ્છાદન કુદરતી રીતે વાફસા બનાવે છે એટલે કે ભેજ અને હવાનું પ્રમાણ જાળવી રાખે છે.

₹ જમીનમાં સૂક્ષ્મ પર્યાવરણની રચના થાય છે જે પાકને જરૂરી તમામ પોષક તત્ત્વો પૂરા પાડે છે તેમજ આચ્છાદનના વિઘટન દ્વારા નવા સૂક્ષ્મજીવો પુનઃજીવિત થઈ શકે છે.

₹ આવરણ દ્વારા બાષ્પીભવન ઘટે છે તેથી જમીનની ભેજ જળવાઈ રહેતી હોવાથી પાણીની બચત થાય છે.

₹ બિનજરૂરી છોડના બીજ જમીનમાં અંકુરિત થઈ શકતા નથી કારણ કે સૂર્યપ્રકાશ જમીન પર સીધો પડતો નથી, તેથી કુદરતી નીંદણ નિયંત્રિત થાય છે.

₹ માટીનો કાર્બન હવામાં ઓગળતો નથી, તેથી પર્યાવરણનું રક્ષણ થાય છે અને પાકને જરૂરી કાર્બન જમીનમાં જ રહે છે.

₹ જમીનને ઢાંકવાથી વરસાદ, પવન, સૂર્યપ્રકાશ અને બાહ્ય વાતાવરણથી હ્યુમસ (ભેજ) સુરક્ષિત રહે છે અને વધે છે.

# સિવિલ હોસ્પિટલમાં 227મું અંગદાન: ઊંઝાના પરિવારનો પરોપકારી નિર્ણય, 963 અંગો-પેશીઓના દાનનો આંકડો વટાવતી સિવિલ

**અમદાવાદ - તા. 30**

અમદાવાદની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર માનવતાની મહેકથી ગુંજી ઉઠી છે. મહેસાણા જિલ્લાના ઊંઝા તાલુકાના વિશોલ ગામના 54 વર્ષીય રાજુભાઈ કાનજીભાઈ પટેલના પરિવારે અંગદાનનો ઉમદા નિર્ણય લઈને સમાજ માટે એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ગત 27 જાન્યુઆરીના રોજ એક માર્ગ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાને કારણે રાજુભાઈને સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જોકે, ડોક્ટરોના તમામ પ્રયત્નો છતાં તેમને બચાવી શકાયા નહીં અને 29 જાન્યુઆરીએ તેમને 'બ્રેઈનડેડ' જાહેર કરવામાં આવ્યા હતા. આ કપરા સમયે જ્યારે પરિવાર પર આભ તૂટી પડ્યું હતું, ત્યારે સિવિલની અંગદાન ટીમના ડો. મોહિત ચંપાવતના માર્ગદર્શન હેઠળ રાજુભાઈના માતા અને ભાઈએ અત્યંત હિંમતપૂર્વક પોતાના વહાલસોયાના અંગોનું દાન કરવાનો નિર્ણય લીધો હતો. રાજુભાઈના આ અંગદાન થકી લીવર, બે કિડની, બે આંખો અને ત્વચાનું દાન પ્રાપ્ત થયું છે. સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષીએ આ અંગદન વિશે વિગતો આપતા જણાવ્યું હતું કે, આ અંગદાનથી ત્રણ જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન મળશે. ખાસ કરીને કિડની અને લીવરને સિવિલ મેડિસિટી કેમ્પસની જ કિડની હોસ્પિટલમાં પ્રત્યારોપણ માટે મોકલવામાં આવ્યા છે, જ્યારે ચક્ષુઓનું દાન M&G હોસ્પિટલ અને ત્વચાનું દાન સિવિલ સ્કીન બેંક દ્વારા સ્વીકારવામાં આવ્યું છે. પુત્ર ગુમાવવાનું દુઃખ હોવા છતાં અન્યની જિંદગી બચાવવાની ભાવના રાખનાર આ પરિવારની ઉમદા વૃત્તિને હોસ્પિટલ તંત્રએ બિરદાવી છે. અમદાવાદ સિવિલ હોસ્પિટલના નામે હવે અંગદાન ક્ષેત્રે એક મોટી સિદ્ધિ નોંધાઈ છે. અત્યાર સુધીમાં અહીં કુલ 227 અંગદાન થયા છે, જેના દ્વારા 752 અંગો પ્રાપ્ત થયા છે. જેમાં 201 લીવર, 418 કિડની, 73 હૃદય, 34 ફેફસાં, 18 સ્વાદુપિંડ, 6 હાથ, 2 નાનાં આંતરડાં સહિતના અંગોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 176 ચક્ષુ અને 35 ચામડી મળીને કુલ 963 અંગો અને પેશીઓનું દાન મેળવીને હજારો લોકોના જીવનમાં અજવાળું ફેલાવવામાં આવ્યું છે. આ આંકડા દર્શાવે છે કે સિવિલ હોસ્પિટલ અંગદાનના માધ્યમથી સેવાનું અભૂતપૂર્વ કાર્ય કરી રહી છે. જેમાં 201 લીવર, 418 કિડની, 73 હૃદય, 34 ફેફસાં, 18 સ્વાદુપિંડ, 6 હાથ, 2 નાનાં આંતરડાં સહિતના અંગોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 176 ચક્ષુ અને 35 ચામડી મળીને કુલ 963 અંગો અને પેશીઓનું દાન મેળવીને હજારો લોકોના જીવનમાં અજવાળું ફેલાવવામાં આવ્યું છે. આ આંકડા દર્શાવે છે કે સિવિલ હોસ્પિટલ અંગદાનના માધ્યમથી સેવાનું અભૂતપૂર્વ કાર્ય કરી રહી છે.

# કડાણા ગામે ગ્રામોત્થાન યોજનાનો શુભારંભ

**ભરતભાઈ એ. પંડ્યા**
**દિવડા કોલોની, તા. 30**

માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ હેઠળ 2666 ગ્રામ પંચાયતોનું ઈ-ખાતમુહૂર્ત અને 114 ગામોમાં ગ્રામ્ય જીવનને તબક્કા વાર વિકસિત કરવાની યોજના એટલે ગ્રામોથાન યોજનાના શુભારંભ હેઠળ તારીખ:- 30/1/2026 ને શુક્રવારના રોજ કડાણા ખાતે માનનીય શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબ તેમજ શ્રી જિલ્લા વિકાસ અધિકારી સાહેબ ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. ત્યારબાદ પ્રાથમિક શાળાની બાલિકાઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત વડે મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.સરપંચ શ્રી જયંતીભાઈ એમ. પ્રજાપતિ દ્વારા શાબ્દિક સન્માન કરવામાં આવ્યું. અંતમાં ખાતમુહૂર્ત શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબ,શ્રી જિલ્લા વિકાસ અધિકારી સાહેબ,સરપંચ શ્રી તેમજ અગ્રગણ્ય ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



માનનીય મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વરદ હસ્તે ગુજરાત રાજ્યના વિવિધ જિલ્લાઓ હેઠળ 2666 ગ્રામ પંચાયતોનું ઈ-ખાતમુહૂર્ત અને 114 ગામોમાં ગ્રામ્ય જીવનને તબક્કા વાર વિકસિત કરવાની યોજના એટલે ગ્રામોથાન યોજનાના શુભારંભ હેઠળ તારીખ:- 30/1/2026 ને શુક્રવારના રોજ કડાણા ખાતે માનનીય શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબ તેમજ શ્રી જિલ્લા વિકાસ અધિકારી સાહેબ ના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ હતી. ત્યારબાદ પ્રાથમિક શાળાની બાલિકાઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત ગીત વડે મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું.સરપંચ શ્રી જયંતીભાઈ એમ. પ્રજાપતિ દ્વારા શાબ્દિક સન્માન કરવામાં આવ્યું. અંતમાં ખાતમુહૂર્ત શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબ,શ્રી જિલ્લા વિકાસ અધિકારી સાહેબ,સરપંચ શ્રી તેમજ અગ્રગણ્ય ગ્રામજનો દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સવારથી લઈને સાંજ સુધીનો ચટપટો આહાર... મેદસ્વિતાનું કારણ..!

**અમદાવાદ - તા. 30**

આજના ઝડપી જીવનમાં, મેદસ્વિતા એક વૈશ્વિક સમસ્યા બની ગઈ છે, જેનું મુખ્ય કારણ આપણો આહાર અને જીવનશૈલી છે. સવારથી લઈને સાંજ સુધીનો આહાર આપણા શરીરના વજન અને આરોગ્ય પર ઊંડી અસર કરે છે. જો આહાર અસંતુલિત હોય અથવા તેમાં પોષક તત્ત્વોનો અભાવ હોય, તો તે મેદસ્વિતાને આમંત્રણ આપે છે. આપણે જોઈશું કે કેવી રીતે આહારની આદતો મેદસ્વિતાનું કારણ બની શકે છે. સવારનો નાસ્તો દિવસનો સૌથી મહત્ત્વપૂર્ણ ભોજન માનવામાં આવે છે. જો સવારે પૌષ્ટિક નાસ્તો ન લેવામાં આવે અથવા તેમાં શર્કરા અને ચરબીયુક્ત ખોરાક જેવા કે પેસ્ટ્રી, ડોનટ્સ કે સફેદ બ્રેડનો સમાવેશ હોય, તો તે શરીરમાં ઝડપથી શર્કરાનું સ્તર વધારે છે. આવો ખોરાક ઝડપથી ભૂખ લગાડે છે, જેના કારણે લોકો દિવસ દરમિયાન વધુ ખાવાનું વલણ રાખે છે. તેના બદલે, ઓટ્સ, ફળો, બદામ અને પ્રોટીનયુક્ત ખોરાક જેવા પૌષ્ટિક વિકલ્પો પસંદ કરવા જોઈએ, જે લાંબા સમય સુધી ઊર્જા પૂરી પાડે છે. બપોરના ભોજનમાં ઘણીવાર ફાસ્ટ ફૂડ, તળેલા ખોરાક અથવા પ્રોસેસ્ડ ખોરાકનો સમાવેશ થાય છે, જેમાં કેલરીનું પ્રમાણ ઊંચું અને પોષક તત્ત્વો ઓછાં હોય છે. આવા ખોરાક શરીરમાં ચરબીનું સંચયન વધારે છે. ઉપરાંત, બપોરે અને સાંજે ખાવામાં આવતા નાસ્તામાં બિસ્કિટ, ચિપ્સ અથવા શર્કરાયુક્ત પીણાંનો વધુ પડતો ઉપયોગ પણ વજન વધવાનું કારણ બને છે. આવા ખોરાકમાં ટ્રાન્સ ફેટ અને ખાંડનું પ્રમાણ ઊંચું હોય છે, જે શરીરમાં ઈન્સ્યુલિન પ્રતિકાર વધારે છે અને મેદસ્વિતાને પ્રોત્સાહન આપે છે. સાંજનું ભોજન જો મોડું અને ભારે હોય, તો તે પચવામાં સમય લે છે અને શરીરમાં ચરબીના સ્વરૂપે સંગ્રહાય છે. ખાસ કરીને, રાત્રે કાર્બોહાઈડ્રેટયુક્ત ખોરાક ખાવાથી શરીરનું મેટાબોલિઝમ ધીમું પડે છે.

# રાજય સરકાર પુરસ્કૃત શ્રમ પારિતોષિક વિતરણ સમારોહ યોજાશે

**અમદાવાદ, તા. 30**

રાજ્ય પુરસ્કૃત શ્રમ પુરસ્કાર વિતરણ સમારોહ તા.૦૪/૦૨/૨૦૨૬, બુધવારના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે જીઆઈડીએમ ઓડીટોરિયમ, ગાંધીનગર ખાતે યોજવામાં આવનાર છે. જેમાં શ્રમયોગીઓ દ્વારા કરવામાં આવેલ વિશિષ્ટ કામગીરીને રોકડ પુરસ્કાર, સ્મૃતિચિન્હ અને પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવશે. આ શ્રમ પારિતોષિક વિતરણ સમારોહ શ્રી કુંવરજીભાઈ બાવળીયા, માનનીય મંત્રીશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર અને માનનીય મંત્રીશ્રી, શ્રી કાંતિલાલ અમૃતિયા, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર (રાજ્ય કક્ષા)ના વરદ હસ્તે, શ્રી લોચન સેહરા (I.A.S.), સચિવશ્રી, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગાંધીનગરની ઉપસ્થિતિમાં જીઆઈડીએમ, ગાંધીનગર, ખાતે બપોરે ૧૨.૩૦ કલાકે યોજવામાં આવનાર છે.રાજયનાં ઔદ્યોગિક એકમોમાં સંકટ સમયની આત્મસૂઝ, ઉત્પાદન-ઉત્પાદકતામાં વધારવા, ઔદ્યોગિક શાંતિ જાળવવા અને કામદાર કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી માટે સને ૨૦૨૩-૨૦૨૪ તથા ૨૦૨૪-૨૫નાં વર્ષ દરમ્યાન કરેલ કામગીરી માટે શ્રમયોગીઓને શ્રમ પારિતોષકોનું વિતરણ કરવામાં આવનાર છે એમ ડાયરેકટર શ્રી, ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ, ગુજરાત રાજ્ય, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

# અમદાવાદમાં વાહન-વ્યવહાર પ્રતિબંધિત અને ડાયવર્ઝન અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું બહાર પડાયુ

**અમદાવાદ, તા. 30**

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત શાહીબાગ અંડરબ્રિજ ખાતે તૈયાર થયેલ બુલેટ ટ્રેનના પીલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. આ સેગમેન્ટ લગાવ્યા બાદ તેનું યોગ્ય રીતે લેવલીંગ અને ટેકનીકલ કામો કરવાના હોવાથી શાહીબાગ અંડરબ્રિજ તા.૩૦/૧/૨૦૨૬ થી તા.૪/૨/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી ૦૬.૦૦ દરમિયાન (ફક્ત રાત્રી દરમિયાન) કરવામાં આવનાર છે.સદર હું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે. વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ: શાહીબાગ અંડરબ્રીજના ત્રણેય પ્રવેશ તેમજ નિકાસ માર્ગ તા.૩૦/૧/૨૦૨૬ થી તા.૪/૨/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૨૩. થી ૦૬.૦૦ દરમિયાન (ફક્ત રાત્રી દરમિયાન) વ્યવહારની માટે બંધ રહેશે. વાહન અવર-જવર વૈકલ્પિક માર્ગ: ૧) દિલ્હી દરવાજા તથા સુભાષબ્રીજ ઉપરથી આવતો ટ્રાફિક કે જેને એરપોર્ટ-ગાંધીનગર તરફ જવું છે તે વાહનો સુભાષબ્રીજના છેડે શિલાલેખ ફ્લેટ થઈ રિવરફ્રન્ટનો ઉપયોગ કરી રિવરફ્રન્ટ માર્ગ ડફનાળા થઈ એરપોર્ટ તેમજ ગાંધીનગર તરફ જઈ શકાશે. ૨). એરપોર્ટ-ગાંધીનગર તરફથી આવતો ટ્રાફિક ડફનાળા રિવરફ્રન્ટનો ઉપયોગ કરી અલગ-અલગ માર્ગે જઈ શકાશે. તેમજ અસારવા, ગીરધરનગર, દિલ્હી દરવાજા, કાલુપુર તરફ જવું હોય તો શાહીબાગ થઈ મહાપ્રજ્ઞજી બ્રીજનો ઉપયોગ કરી મુખ્ય માર્ગો તરફ જઈ શકાશે. ૩). ગીરધરનગર-અસારવા તરફથી આવતો ટ્રાફિક જે જેને ગાંધીનગર,એરપોર્ટ તરફ જવાનું છે તે ટ્રાફિક શાહીબાગ થઈ અનેક્ષી, ગાયત્રી મંદીર થઈ આર્મી કેન્ટોનમેન્ટ થઈ એરપોર્ટ તેમજ ઈન્દીરાબ્રીજ ગાંધીનગર તરફ જઈ શકાશે. જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

# અમદાવાદ રિવરફ્રન્ટ ખાતે 'પરંપરાગત આદિવાસી હસ્તકલાકૃતિ, આહાર, વનૌષધિય વેચાણ-પ્રદર્શન મેળા'નો ભવ્ય પ્રારંભ કરાયો

## આદિવાસી સંસ્કૃતિ, હસ્તકલા અને વનૌષધિઓના સંરક્ષણ માટે બ્રાન્ડિંગ તેમજ આધુનિક અભિગમ ખૂબ જરૂરી : આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ

**અમદાવાદ, તા. 30**

આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલના વરદ હસ્તે 'પરંપરાગત આદિવાસી હસ્તકલાકૃતિ, આહાર, વનૌષધિય વેચાણ અને પ્રદર્શન મેળા'નું ઉદ્દ્ઘાટન તા. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સાબરમતી રિવરફ્રન્ટ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આદિજાતિ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટી દ્વારા આયોજિત આ વેચાણ અને પ્રદર્શન મેળો આગામી તા. ૦૩ ફેબ્રુઆરી સુધી યોજાશે. આ મેળામાં તમામ આદિવાસી ભાઈ-બહેનોને નિઃશુલ્ક સ્ટોલ ફાળવવામાં આવ્યા છે. અહી દરરોજ રાત્રે પ્રખ્યાત આદિવાસીઓ નૃત્ય ટીમો દ્વારા વિવિધ આદિવાસી નૃત્યોની પ્રસ્તુતિ કરશે તેમજ કુલ ૭૫ સ્ટોલ તથા ૧૧૨ હસ્ત કલાકારો-વૈદુ ભગતો ઉપસ્થિત રહ્યા છે. મંત્રીશ્રીએ આદિવાસી હસ્ત કલાકારો અને વૈદુ ભગતોના સ્ટોલોની મુલાકાત લઈને પ્રોત્સાહિત કર્યા હતા. આ મેળાના ઉદ્દ્ઘાટન પ્રસંગે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપણે પ્રાકૃતિક, કુદરતી ખેતીવાડી કે અન્ય ચીજ વસ્તુઓનું ઉત્પાદન કરીએ છીએ, પરંતુ તેને બ્રાન્ડ બનાવી શક્યા નથી. જે માટે આ વસ્તુઓ પર વિશ્વાસ, ગુણવત્તા અને ભરોસો ઊભો કરવાનો છે, જેથી આપણે આપણી ચીજ વસ્તુઓની સારી બ્રાન્ડ બનાવી શકીએ. આમ, આદિવાસી સંસ્કૃતિ, હસ્તકલા અને વનૌષધિઓના સંરક્ષણ માટે બ્રાન્ડિંગ તેમજ આધુનિક અભિગમ ખૂબ જરૂરી છે.





મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આજે સમાજમાં ફાસ્ટ ફૂડવાળા ખોરાકને કારણે અનેક રોગ વધ્યા છે. આ રોગોને નિવારવા માટે પ્રાકૃતિક પેદાશોવાળા ખોરાકની ખૂબ જ જરૂરિયાત છે. આગામી સમયમાં પ્રાકૃતિક ચીજ વસ્તુઓની ખૂબ આવશ્યકતા રહેવાની હોવાથી આ પ્રાકૃતિક અને પરંપરાગત ચીજ વસ્તુઓ જાળવી રાખવી અત્યંત જરૂરી છે. મંત્રી શ્રી પટેલે કહ્યું હતું કે, દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આદિવાસી સંસ્કૃતિ, પરંપરા, હસ્તકલા, પોશાક, ભાષા, નૃત્ય, ખોરાક, વન ઔષધીઓ, વિચારો, આધ્યાત્મિકતા વગેરેનું સવિશેષ સંરક્ષણ તેમજ સંવર્ધન થાય તે માટે સતત ચિંતનશીલ અને પ્રયત્નશીલ રહ્યા છે. જે માટે તેમણે આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે અનેક મહત્વપૂર્ણ યોજનાઓ અમલમાં મૂકી છે.

મને ગર્વ છે કે હું હિન્દુ છું, મને ગર્વ છે કે હું ભારતીય છું અને તેનાથી પણ સવિશેષ મને ગર્વ છે કે હું આદિવાસી છું, તેમ જણાવતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, આદિવાસી સમુદાયે મારામાં પ્રાકૃતિક અને જમીની સ્તરના મૂલ્યોનું સિંચન કર્યું છે. પોતાના વ્યાવસાયિક અનુભવો વર્ણવતા કહ્યું હતું કે, તેમણે પોતાની વ્યાવસાયિક કારકિર્દી નાના ફટાકડાના ધંધાથી શરૂ કરી હતી. આજે તેઓ જુદા જુદા વ્યવસાયો કરીને એક ઉત્તમ વેપારી બની શક્યા છે. વેપારમાં સાહસિકતા, ધૈર્ય અને પ્રામાણિકતા ખૂબ જરૂરી છે. વેપારમાં નુકસાન થાય તો ડરવું નહીં, પરંતુ મનોમંથન કરવું આવશ્યક છે. આ કાર્યક્રમમાં કાર્યપાલક નિયામક શ્રી ડો. સી. સી. ચૌધરીએ ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીનો પરિચય અને સોસાયટી દ્વારા આદિવાસી સમુદાયના સંદર્ભમાં કરવામાં આવેલ સંશોધન, તાલીમ, આદિવાસી મેળાઓ વગેરે સંબંધિત કામગીરીની વિસ્તૃત સમજ આપી હતી. આ ઉપરાંત આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે કાર્યરત યોજનાઓ જેમકે PM-JANMAN, DA-JDUA અને આદિ કર્મયોગી અભિયાન સંદર્ભે રાજ્ય સરકારે કરેલી ઉત્તમ કામગીરી રજૂ કરી હતી. આ ઉદ્દ્ઘાટન પ્રસંગે સાબરમતી વોર્ડના કોર્પોરેટર શ્રી બાબુભાઈ રાણા, લાંભા વોર્ડના કોર્પોરેટર શ્રીમતી જશોદાબેન અમલીયાર, આદિજાતિ વિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં

કાર્યપાલક નિયામક શ્રી ડો. સી. સી. ચૌધરીએ ગુજરાત આદિવાસી સંશોધન અને તાલીમ સોસાયટીનો પરિચય અને સોસાયટી દ્વારા આદિવાસી સમુદાયના સંદર્ભમાં કરવામાં આવેલ સંશોધન, તાલીમ, આદિવાસી મેળાઓ વગેરે સંબંધિત કામગીરીની વિસ્તૃત સમજ આપી હતી. આ ઉપરાંત આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે કાર્યરત યોજનાઓ જેમકે PM-JANMAN, DA-JDUA અને આદિ કર્મયોગી અભિયાન સંદર્ભે રાજ્ય સરકારે કરેલી ઉત્તમ કામગીરી રજૂ કરી હતી. આ ઉદ્દ્ઘાટન પ્રસંગે સાબરમતી વોર્ડના કોર્પોરેટર શ્રી બાબુભાઈ રાણા, લાંભા વોર્ડના કોર્પોરેટર શ્રીમતી જશોદાબેન અમલીયાર, આદિજાતિ વિભાગના અધિકારી-કર્મચારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મોડી રાતે ઈન્સ્ટાગ્રામ પરથી ગાયબ થયું વિરાટ કોહલીનું એકાઉન્ટ

## સર્ચ કરવા પર પ્રોફાઈલ દેખાતી નથી; કમેન્ટ્સમાં લોકોએ અનુષ્કાને સવાલો કર્યા, સવારે ફરી એક્ટિવ થયું

**મુંબઈ તા. 30**

પૂર્વ ભારતીય કેપ્ટન વિરાટ કોહલીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ ગુરુવારે મોડી રાત્રે અચાનક બંધ થઈ ગયું હતું. સર્ચ કરવા પર ન તો તેમની પ્રોફાઈલ દેખાઈ રહી છે અને ન તો ડાયરેક્ટ લિંક દ્વારા એકાઉન્ટ ખુલી રહ્યું હતું. જોકે, શુક્રવારે સવારથી તેમની પ્રોફાઈલ ફરી એક્ટિવ થઈ ગઈ છે.

ગુરુવારે મોડીરાતે દુનિયાના સૌથી વધુ ફોલો કરવામાં આવતા ક્રિકેટર કોહલીના એકાઉન્ટને ખોલવાની કોશિશ કરવા પર ઈન્સ્ટાગ્રામ તરફથી સામાન્ય મેસેજ 'આ પેજ ઉપલબ્ધ નથી' જ દેખાઈ રહ્યો હતો. તેમના ઈન્સ્ટાગ્રામ પર 274 મિલિયનથી વધુ ફોલોઅર્સ છે.

જોકે, આ મામલે ન તો વિરાટ કોહલી, ન તેમની મેનેજમેન્ટ ટીમ અને ન તો ઈન્સ્ટાગ્રામ તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી હતી. એવામાં એ સ્પષ્ટ થઈ શક્યું નથી કે એકાઉન્ટને જાણી જોઈને ડીએક્ટિવેટ કરવામાં આવ્યું કે પછી આ કોઈ ટેકનિકલ ખામીનું પરિણામ હતું.

છેલ્લા કેટલાક દિવસોમાં કોહલીની સોશિયલ મીડિયા ગતિવિધિઓ પણ મર્યાદિત રહી છે અને તેમણે પહેલા ઘણી પ્રમોશનલ પોસ્ટ હટાવીને ક્રિકેટ અને પરિવારને પ્રાથમિકતા આપવાના સંકેત આપ્યા હતા. મીડિયા રિપોર્ટ્સ મુજબ વિરાટ કોહલી એક પ્રમોશનલ ઈન્સ્ટાગ્રામ પોસ્ટ માટે આશરે 12 થી 14 કરોડ રૂપિયા સુધી ચાર્જ કરે છે. અનુષ્કાને ચાહકોએ પૂછ્યું- વિરાટ ભાઈ ક્યાં છે?

અનુષ્કા શર્માએ થોડા દિવસ પહેલા વિરાટ અને પોતાનો એક વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો હતો. આ વીડિયો પર જઈને ચાહકો કોમેન્ટ કરી રહ્યા છે. તેઓ જાણવા માંગે છે કે વિરાટ કોહલીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ કેમ દેખાતું નથી?

એક ફેને કમેન્ટ કરી, 'ભાભી, ભાઈનું આઈડી ક્યાં ગયું?'

અન્ય એક ફેને કમેન્ટ સેક્શનમાં લખ્યું, 'કિંગ ભાઈ, એકાઉન્ટ ફરીથી એક્ટિવેટ કરી દો, હવે મજાક નથી થઈ રહી.'

બીજો એક ચાહક દુઃખી થઈને કમેન્ટ કરી, 'ભાભી, ભાઈ ઈન્સ્ટાગ્રામ પર નથી મળી રહ્યા, જરા બોલાવી આપો.'

જ્યારે ફેન્સે વિરાટ કોહલીના ઈન્સ્ટા એકાઉન્ટને એક્સેસ કરવાની કોશિશ કરી, તો તેમને પ્રોફાઈલ મળી નહીં. ત્યારબાદ ઘણા યુઝર્સના આના પર રિએક્શન પણ આવ્યા. વનડેમાં વિરાટ કોહલીએ 18 જાન્યુઆરીએ ઈન્દોરમાં ન્યુઝીલેન્ડ વિરુદ્ધ શાનદાર શતકીય ઈનિંગ રમી. આ મુકાબલામાં કોહલીએ 108



બોલ પર 124 રન બનાવ્યા, જેમાં 10 ચોગ્ગા અને 3 છગ્ગા સામેલ રહ્યા. જોકે, કોહલીના શતક છતાં ભારતીય ટીમ મેચ જીતવામાં સફળ થઈ શકી નહીં. વિરાટ હવે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 6 મહિના બાદ રમતા જોવા મળશે. ભારતની આગામી નિર્ધારિત વનડે સિરીઝ ઈંગ્લેન્ડમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ હશે. આ ત્રણ મેચોની સિરીઝ 14 જુલાઈથી શરૂ થશે, જેના મુકાબલા એજબેસ્ટન, કાર્ડિફ અને લોર્ડ્સમાં રમાશે. વિરાટ કોહલી તમામ ફોર્મેટ (ટેસ્ટ+વનડે+ટી-20) મળીને સૌથી વધુ રન બનાવનારા બીજા પ્લેયર છે. તેમના 559 મેચમાં 28215 રન છે. પહેલા નંબર પર ભારતના જ સચિન તેંડુલકર છે. તેંડુલકરના નામે 664 મેચમાં 34357 રન છે.

કોહલીના નામે 85 ઈન્ટરનેશનલ સેન્ચુરી

વિરાટ કોહલીના નામે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં કુલ 85 શતક નોંધાયેલા છે. ટેસ્ટ ક્રિકેટમાં કોહલીએ 123 મેચોની 210 ઈનિંગ્સમાં 9230 રન બનાવ્યા છે, જેમાં 30 શતક સામેલ છે. 46.85 ની એવરેજથી રમતા તેમનો સર્વોચ્ચ સ્કોર 254 અણનમ રહ્યો છે. વનડે ક્રિકેટમાં તેમનો રેકોર્ડ વધુ શાનદાર છે, જ્યાં 311 મેચોમાં 14797 રન સાથે તેમના નામે 54 શતક છે. 58.71 ની એવરેજ અને 93 થી વધુના સ્ટ્રાઈક રેટ સાથે કોહલી મર્યાદિત ઓવરોમાં સૌથી ભરોસાપાત્ર બેટ્સમેનોમાં ગણાય છે. ટી-20 માં પણ તેમણે 4188 રન બનાવ્યા છે અને 1 સદી ફટકારી છે. કોહલી ટેસ્ટ અને ટી-20માંથી પહેલા જ રિટાયરમેન્ટ લઈ ચૂક્યા છે અને ફક્ત વનડે ફોર્મેટ જ રમે છે.

એકાઉન્ટ ડિલીટ અને ડિસેબલ વચ્ચેનો તફાવત

ડિલીટ: તમારો તમામ ડેટા, ફોટો, વીડિયો, ફોલોઅર્સ, લાઈક હંમેશ માટે હટી જાય છે, જેને રિકવર કરી શકાતો નથી.

ડિસેબલ: આ કામચલાઉ (અસ્થાયી) છે. તમારું એકાઉન્ટ બીજાને દેખાતું નથી, પરંતુ તમે લોગ ઈન કરી શકો છો.

ઈન્સ્ટાગ્રામ કયા કારણોસર એકાઉન્ટ હટાવે/ડિસેબલ કરે છે?

કમ્યુનિટી ગાઈડલાઈન્સનું ઉલ્લંઘન: અભદ્ર ભાષા, હિંસા, નગ્નતા અથવા ગેરકાયદેસર પ્રવૃત્તિઓના કારણે.

સ્પામ પ્રવૃત્તિ: ખૂબ વધારે ફોલો/અનફોલો કરવું, અથવા ખૂબ વધારે કોમેન્ટ/લાઈક કરવી.

IP નું ઉલ્લંઘન: બીજાના કન્ટેન્ટનો ખોટો ઉપયોગ.

નિષ્ક્રિયતા (Inactivity): લાંબા સમય સુધી એકાઉન્ટનો ઉપયોગ ન કરવા પર.

સગીર હોવું: જો તમારી ઉંમર 12 વર્ષથી ઓછી હોય (નિયમો મુજબ).

એકાઉન્ટ ના દેખાય તો શું કરવું:

લોગિન કરવાનો પ્રયાસ કરો

પાસવર્ડ રીસેટ કરો

હેક થયાની રિપોર્ટ કરો

અપીલ કરો

રિકવરીમાં કેટલો સમય લાગે છે?

અપીલ કર્યા પછી, 24 થી 48 કલાકમાં જવાબ આવી શકે છે.

કેટલાક કિસ્સાઓમાં 1 થી 2 અઠવાડિયા અથવા તેનાથી પણ વધુ સમય લાગી શકે છે.

જો એકાઉન્ટ વારંવાર નિયમોના ઉલ્લંઘનને કારણે ડિસેબલ થયું હોય, તો 180 દિવસ સુધીનો સમય લાગી શકે છે.

## સાઉથ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડીઝને 2 વિકેટે હરાવ્યું : T20 સિરીઝ પર કબજો

**મુંબઈ તા. 30**

સાઉથ આફ્રિકાએ બીજી T20 મેચમાં વેસ્ટ ઈન્ડીઝને હરાવીને સિરીઝ પોતાના નામે કરી લીધી છે. સુપરસ્પોર્ટ પાર્કમાં રમાયેલી આ મેચમાં ક્વિન્ટન ડી કોકની તોફાની સદીને કારણે સાઉથ આફ્રિકાએ 222 રનનો ટાર્ગેટ સરળતાથી ચેઝ કરી લીધો. ડી કોકે લગભગ ત્રણ વર્ષ પછી ઘરઆંગણે પોતાની પ્રથમ T20 ઈન્ટરનેશનલ રમતા માત્ર 43 બોલમાં સદી પૂરી કરી. સાઉથ આફ્રિકાએ આ મેચ 15 બોલ બાકી રહેતા જીતી લીધી. ડી કોકે 115 રનની ઈનિંગ્સમાં 10 છગ્ગા ફટકાર્યા ક્વિન્ટન ડી કોકે મેચની શરૂઆતથી જ કેરેબિયન બોલરો પર દબાણ બનાવી દીધું હતું.



## પહેલી T20 : પાકિસ્તાને ઓસ્ટ્રેલિયાને 22 રનથી હરાવ્યું : 3 મેચની સિરીઝમાં 1-0થી આગળ



**મુંબઈ તા. 30**

T20 વર્લ્ડ કપ પહેલાં પાકિસ્તાને ઓસ્ટ્રેલિયાને T20 સિરીઝની પ્રથમ મેચમાં 22 રનથી હરાવ્યું છે. આ જીત સાથે ટીમે 3 મેચની સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી છે. બીજી મેચ 31 જાન્યુઆરીએ રમાશે. ગુરુવારે લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં 169 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ઓસ્ટ્રેલિયન ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 146 રન જ બનાવી શકી. કેમરુન ગ્રીને સૌથી વધુ 36 રન બનાવ્યા. ટ્રેવિસ હેડે 13 બોલમાં 23 રનની ઈનિંગ રમી. બાકીના બેટર ખાસ પ્રદર્શન કરી શક્યા નહીં. પાકિસ્તાન તરફથી સૈમ અયુબ અને અબરાર અહેમદે 2-2 વિકેટ ઝડપી. ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાને 20 ઓવરમાં 8 વિકેટે 168 રન બનાવ્યા. સઈમ અયુબે સૌથી વધુ 40 રન અને સલમાન અલી આગાએ 39 રનનું યોગદાન આપ્યું. એડમ ઝામ્પાએ 4 વિકેટ ઝડપી. સૈમ અયુબ પ્લેયર ઓફ ધ મેચ રહ્યો. પાકિસ્તાનની ખરાબ શરૂઆત, ફરહાન ઝીરો પર આઉટ ટૉસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી પાકિસ્તાની ટીમની શરૂઆત ખરાબ રહી. ટીમે માત્ર એક રનના સ્કોર પર પહેલી વિકેટ ગુમાવી. અહીં ઓપનર સાહબઝાદા ફરહાનને ઝેવિયર બાર્ટલેટે કૉટ એન્ડ બોલ્ડ કર્યો. ફરહાન ખાતું પણ ખોલી શક્યો નહીં. અયૂબ-આગાની ભાગીદારીએ સંભાળ્યું ફરહાનની વિકેટ વહેલી ગુમાવ્યા બાદ ઓપનર સૈમ અયૂબ અને કેપ્ટન સલમાન અલી આગાની જોડીએ પાકિસ્તાનને પાછું લાવ્યું. બંનેએ બીજી વિકેટ માટે 45 બોલમાં 74 રનની ભાગીદારી કરી. આ ભાગીદારીને એડમ ઝામ્પાએ તોડી. તેણે સૈમને જેક એડવર્ડના હાથે કેચ કરાવ્યો. પછી કેપ્ટન સલમાન અલી (39 રન)ને પણ પેવેલિયન મોકલ્યો. બાબર આઝમ (24 રન) પણ તેનો જ શિકાર બન્યો. બાબર-ફખરની જોડીએ ટીમનો સ્કોર 150ની નજીક પહોંચાડ્યો. બાકીનું કામ ઉસ્માન અને નવાઝે કરી દીધું.

## સીરિયલ કિલરની દમદાર સ્ટોરી- 'દલદલ' : ACPના રોલમાં ભૂમિ પેડનેકરનો પાવર દેખાયો

■ 7 એપિસોડમાં જુઓ અપરાધ કેવી રીતે અને કઈ પરિસ્થિતિઓમાં જન્મે



**મુંબઈ તા. 30**

જ્યારે ક્રાઈમ વાર્તાઓ ફક્ત રહસ્યો ઉકેલવા પૂરતી મર્યાદિત ન રહેતા માણસના મનમાં ડોકિયું કરવા લાગે છે, ત્યારે તેની અસર અલગ હોય છે. 'દલદલ' પણ આવી જ એક વેબ સિરીઝ છે. તે સમજવાનો પ્રયાસ કરે છે કે અપરાધ કેવી રીતે અને કઈ પરિસ્થિતિઓમાં જન્મે છે. આ સિરીઝ ડરાવવા કરતાં વધુ બેચેન કરે છે અને જોનારના મનમાં ઘણા પ્રશ્નો છોડી જાય છે.

સિરીઝની સ્ટોરી

7 એપિસોડની આ વેબ સિરીઝની વાર્તા મુંબઈની ACP રીટા ફરેરાની આસપાસ ફરે છે. તે એક સીરિયલ કિલર સાથે સંકળાયેલા કેસની તપાસ કરી રહી છે, પરંતુ આ તપાસ ફક્ત ક્રાઈમ સીન સુધી મર્યાદિત રહેતી નથી. તે તેને તેના પોતાના ભૂતકાળ, જૂના ઘા અને અંદરના ડર સાથે પણ રૂબરૂ કરી દે છે. બાળપણનો દુખાવો, ઓફિસમાં પોતાને વારંવાર સાબિત કરવાનું દબાણ અને પોતાના પર વિશ્વાસનો અભાવ વાર્તાની કરોડરજ્જુ છે. આઈડિયા દમદાર છે, પરંતુ કેટલીક જગ્યાએ વાર્તાની પકડ ઢીલી પડે છે. ઘણા દ્રશ્યો એવા છે, જ્યાં તર્ક સંપૂર્ણપણે કામ કરતો નથી.

સિરીઝમાં એક્ટિંગ

ભૂમિ પેડનેકરે ACP રીટા ફરેરાના પાત્રને પૂરી ગંભીરતા અને સંતુલન સાથે ભજવ્યું છે. તેમના કડક એક્સપ્રેશન્સ, ઓછા ડાયલોગ્સ અને અંદરની બેચેનીને દબાવી રાખવાની રીત આ પાત્ર પર સંપૂર્ણપણે બંધબેસે છે. ઘણા સીનમાં તેમનો અભિનય અસર છોડે છે. સમરા તિજોરી પોતાના પાત્રથી વાર્તામાં ઊંડાણ ઉમેરે છે. તેમના અભિનયમાં દર્દ અને કડવાશ સ્પષ્ટ દેખાય છે, જે સિરીઝને ભાવનાત્મક મજબૂતી આપે છે. આદિત્ય રાવલે પણ પોતાના પાત્રને ઈમાનદારીથી ભજવ્યું છે. સહાયક ભૂમિકાઓમાં ગીતા શર્માનું કામ વાર્તાને સંતુલન આપે છે.


સિરીઝમાં નિર્દેશન અને ટેકનિકલ પાસું

ડિરેક્ટર અમૃત રાજ ગુપ્તાએ વાર્તાને ઘોંઘાટથી દૂર, ધીમી અને ગંભીર ગતિએ આગળ વધારી છે. તેમણે અપરાધ બતાવવાને બદલે તેની અસર અને પાત્રોની માનસિક સ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મુંબઈને અંધારી, ભારે અને દબાણવાળી જગ્યા તરીકે દર્શાવવામાં આવ્યું છે. મર્યાદિત રોશની અને રંગો સિરીઝના મૂડને મજબૂત બનાવે છે. બેકગ્રાઉન્ડ મ્યુઝિક તણાવ વધારે છે અને સીનનું ટ્રાન્ઝિશન સરળ રહે છે.

સિરીઝને લઈને અંતિમ ચુકાદો

'દલદલ' એક મહત્વાકાંક્ષી સિરીઝ છે, જે અપરાધને માત્ર એક ઘટના નહીં, પરંતુ અંદરની તૂટફૂટ તરીકે જોવાનો પ્રયાસ કરે છે. ભૂમિ પેડનેકરનો અભિનય મજબૂત છે.

## 'મર્દાની 3'માં રાની મુખર્જીની દમદાર વાપસી! 'SSP શિવાની રોય'



**મુંબઈ, તા. 30**

'મર્દાની' ફ્રેન્ચાઈઝીની ત્રીજી ફિલ્મ ફરી એકવાર સમાજના એ અંધારા ખૂણામાં ડોકિયું કરે છે, જ્યાં સત્ય ડરામણું અને પીડાદાયક છે. આ માત્ર એક પોલીસ કેસ નથી, પરંતુ માસૂમ બાળકીઓના અપહરણ, માનવ તસ્કરી અને મેડિકલ રિસર્ચના નામે થતા અમાનવીય શોષણ પર સીધો અને સ્પષ્ટ હુમલો છે. શિવાની શિવાજી રોય આ વખતે પણ સિસ્ટમ, અપરાધ અને લાલચની ખતરનાક જુગલબંધી સામે એકલા ટકરાતી જોવા મળે છે. વાર્તાની શરૂઆત બુલંદશહરથી થાય છે, જ્યાં બે માસૂમ બાળકીઓ ઝિલમિલ અને રૂહાનીનું અપહરણ થાય છે. રૂહાની એક એમ્બેસેડરની દીકરી છે, જ્યારે ઝિલમિલ તે જ ઘરમાં કામ કરતા હાઉસ હેલ્પરની દીકરી છે. આ મામલો માત્ર અપહરણ પૂરતો સીમિત રહેતો નથી, પરંતુ તપાસ દરમિયાન નાની બાળકીઓની તસ્કરી અને સંગઠિત અપરાધનું એક ભયાવહ નેટવર્ક ધીમે ધીમે સામે આવવા લાગે છે.



## વિવેક ઓબેરોયની કોન્ફરન્સ પછી સલમાન ગુસ્સામાં હતો

### વિવેક એમ કહે છે કે, તે ખૂબ જ સમજદારીભર્યું પગલું હતું. કોઈને નુકસાન ન પહોંચાડવું અને પોતાના પર આરોપ ન આવવા દેવા, મને લાગે છે કે આ સાચો રસ્તો હતો.

**મુંબઈ તા. 30**

ફિલ્મ પ્રોડ્યુસર શૈલેન્દ્ર સિંહે તાજેતરમાં જણાવ્યું કે વિવેક ઓબેરોય દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં સલમાન પર આરોપ લગાવ્યા બાદ સલમાન ખૂબ ગુસ્સામાં હતો. નોંધનીય છે કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સલમાન ખાન અને વિવેક ઓબેરોય વચ્ચે જૂનો વિવાદ રહ્યો છે. આ વિવાદ તે સમયે વધુ વકર્યો હતો, જ્યારે વિવેકે આરોપ લગાવ્યો હતો કે સલમાને તેને ધમકી આપી છે. હવે આ મામલાને લઈને પ્રોડ્યુસર શૈલેન્દ્ર સિંહે કેટલીક વાતો સામે રાખી છે. તાજેતરમાં સિદ્ધાર્થ કન્નનને આપેલા ઈન્ટરવ્યુમાં શૈલેન્દ્ર સિંહે જણાવ્યું કે વિવેકની પ્રેસ કોન્ફરન્સ પછી તે સલમાનના ઘરે ગયો હતો. તે સમયે એક્ટર ખૂબ નારાજ હતો. શૈલેન્દ્રએ કહ્યું કે- તેણે સલમાનને સલાહ આપી હતી કે ઉતાવળમાં કોઈ પગલું ન ભરે. તેણે એક્ટરને કહ્યું- જીવનમાં આપણે રિએક્ટ નહીં, પરંતુ એક્ટ કરવું જોઈએ. જે કરવાનું છે, તે પછીથી પણ કરી શકાય છે. અત્યારે શાંતિથી બેસો અને સમયને તેનું કામ કરવા દો." શૈલેન્દ્રના મતે, સલમાને તેમની વાત માની અને તે સમયે કોઈ પ્રતિક્રિયા આપી નહીં. 'સલમાને લડાઈ ચૂપચાપ લડી' ફિલ્મ પ્રોડ્યુસરે ઈન્ટરવ્યુમાં એમ પણ કહ્યું કે તેણે (સલમાન) તે લડાઈ ચૂપચાપ લડી. મને લાગે છે કે હવે વિવેક બોલિવૂડમાં કામ નથી કરી રહ્યો. મને સંપૂર્ણપણે ખબર નથી, પણ એવું જ લાગે છે. વિવેક એમ કહે છે કે, તે ખૂબ જ સમજદારીભર્યું પગલું હતું. કોઈને નુકસાન ન પહોંચાડવું અને પોતાના પર આરોપ ન આવવા દેવા, મને લાગે છે કે આ સાચો રસ્તો હતો. ઈન્ટરવ્યુમાં શૈલેન્દ્રએ સલમાનને લઈને એમ પણ કહ્યું કે સલમાન જંગલમાં જન્મેલો વાઘ છે, પણ હવે ઝૂમાં છે. તેના મતે સફળતા મળ્યા પછી સલમાન ડરપોક થઈ ગયો. 'સલમાને લડાઈ ચૂપચાપ લડી'

ફિલ્મ પ્રોડ્યુસરે ઈન્ટરવ્યુમાં એમ પણ કહ્યું કે તેણે (સલમાન) તે લડાઈ ચૂપચાપ લડી. મને લાગે છે કે હવે વિવેક બોલિવૂડમાં કામ નથી કરી રહ્યો. મને સંપૂર્ણપણે ખબર નથી, પણ એવું જ લાગે છે. વિવેક એમ કહે છે કે, તે ખૂબ જ સમજદારીભર્યું પગલું હતું. કોઈને નુકસાન ન પહોંચાડવું અને પોતાના પર આરોપ ન આવવા દેવા, મને લાગે છે કે આ સાચો રસ્તો હતો. ઈન્ટરવ્યુમાં શૈલેન્દ્રએ સલમાનને લઈને એમ પણ કહ્યું કે સલમાન જંગલમાં જન્મેલો વાઘ છે, પણ હવે ઝૂમાં છે. તેના મતે સફળતા મળ્યા પછી સલમાન ડરપોક થઈ ગયો.

# ચાંદી ક્રેશ થઈ, એક જ ઝાટકે 67 હજાર ભાવ ઘટ્યા: સોનાનો ભાવ પણ ધડામ, 15 હજાર સસ્તું થઈને ₹1.54 લાખ પહોંચ્યું

**નવી દિલ્હી, તા.30**

30 જાન્યુઆરીએ સોના અને ચાંદીના બજારમાં ઘટાડો જોવા મળ્યો. પ્રોફિટ બુકિંગને કારણે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર ચાંદીના ભાવ 67,000 (17%) ઘટ્યા. 1 કિલો ચાંદીનો ભાવ ઘટીને 3.32 લાખ થયો, જોકે હવે એમાં થોડો સુધારો થયો છે અને એ 12% ઘટીને લગભગ 3.51 લાખ પર ટ્રેડ થઈ રહ્યો છે.



MCX પર સોનામાં પણ 15,000 (9%)નો ઘટાડો થયો હતો. 10 ગ્રામ સોનાનો ભાવ ઘટીને 1.54 લાખ થયો હતો, જોકે હવે સોનામાં થોડો સુધારો થયો છે અને એ 1.64 લાખ પર ટ્રેડ થઈ રહ્યો છે, જે 3% ઘટીને છે. દરમિયાન સોના અને ચાંદીના ETFમાં આજે 23% સુધીનો ઘટાડો જોવા મળ્યો છે.

બુલિયન માર્કેટમાં ચાંદીના ભાવ 22,825 અને સોનાના ભાવ 6,865 ઘટ્યા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીના ભાવ ઘટીને 3,57,163 પ્રતિ કિલો થઈ ગયા છે. 24 કેરેટ સોનાના 10 ગ્રામનો ભાવ ઘટીને 1,68,475 રૂપિયા થઈ ગયો છે.

**MCX અને બુલિયન માર્કેટ વચ્ચે ભાવ કેમ અલગ છે?**

MCX: આ સોના અને ચાંદીના વેપાર માટેનું એક ઓનલાઈન પ્લેટફોર્મ છે. શેરબજારની જેમ, દર સેકન્ડે બોલી લગાવવામાં આવે છે, જેના કારણે કિંમતોમાં સતત વધઘટ થાય છે.

બુલિયન માર્કેટ: આ તે જગ્યા છે જ્યાં તમે ફિઝિકલ સોનું અને ચાંદી ખરીદો છો. સોનાના પરિવહન, પરિવહન અને સંગ્રહનો ખર્ચ શામેલ છે.

IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન સામેલ નથી હોતા, તેથી શહેરોના ભાવ એનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરિન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે એનો ઉપયોગ કરે છે.

આ વર્ષે જાન્યુઆરીના 29 દિવસમાં જ સોનાની કિંમત 35,280 રૂપિયા વધી ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,33,195 રૂપિયાનું હતું, જે હવે 1,68,475 રૂપિયા થઈ ગયું છે.

રિસર્ચ હેડ ડો. રેનિશા ચૈનાની અનુસાર જો અમેરિકી ટેરિફ અને મધ્યપૂર્વમાં તણાવ વધુ વધે છે, તો સોનું 2026માં 1,90,000 રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે, જ્યારે ચાંદી 4 લાખ રૂપિયા સુધી જઈ શકે છે.

ચાંદી 29 દિવસમાં 1,26,743 રૂપિયા મોંઘી થઈ ગઈ છે. 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીની કિંમત 2,30,420 રૂપિયા હતી, જે હવે 3,57,163 રૂપિયા પ્રતિ કિલો પહોંચી ગઈ છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશાં બ્યૂરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS)નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક, એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે એની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# વડોદરામાં ન્યુરો-સાયન્સ સેવાઓનું વિસ્તરણ: ઝાયડસ હૉસ્પિટલ્સે VINS હૉસ્પિટલ હસ્તગત કરી, ન્યુરો-કેરનું કેન્દ્ર બનશે

**વડોદરા, તા.30**

300 બેડ ધરાવતી વડોદરાની ઝાયડસ મલ્ટિસ્પેશિયાલિટી અને કેન્સર હૉસ્પિટલે, વડોદરા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ન્યુરોલોજીકલ સાયન્સ (VINS) હૉસ્પિટલ હસ્તગત કરી છે. 50 બેડ ધરાવતા આ સેન્ટરના સંપાદન સાથે, ઝાયડસ હૉસ્પિટલ્સને ન્યુરોલોજી અને ન્યુરોસર્જરીમાં એક સમર્પિત સેન્ટર મળશે જે તેને ન્યુરો-કેરની જરૂરિયાત ધરાવતાં દર્દીઓ સુધી પહોંચવા સક્ષમ બનાવશે.



આ વિષય પર, ઝાયડસ હૉસ્પિટલ્સના ચેરમેન પંકજભાઈ પટેલે જણાવ્યું હતું કે,ઝાયડસ મલ્ટીસ્પેશિયાલિટી અને કેન્સર હૉસ્પિટલ ઝડપથી વડોદરામાં એડવાન્સ્ડ મેડિકલ કેર માટેનું એક વિશ્વસનીય કેન્દ્ર બની ગયું છે. VINS હૉસ્પિટલને એક્વાયર કરવા સાથે, અમે અમારી ન્યુરો-સ્પેશિયાલિટી ક્ષમતાઓને નોંધપાત્ર રીતે મજબૂત બનાવી રહ્યા છીએ. જેની હેઠળ અગ્રણી ક્લિનિકલ કુશળતા, અદ્યતન ટેકનોલોજી અને વ્યાપક સેવાઓને અમે એકસાથે લાવી રહ્યા છીએ. આ સાથે ઝાયડસ, વડોદરા તથા સમગ્ર વિસ્તારના લોકો માટે વિશ્વ-સ્તરીય આરોગ્યસંભાળ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવશે અને ન્યુરોસાયન્સ સંભાળ માટે ભારતના સૌથી વ્યાપક કેન્દ્રોમાંના એક બનાવવાના અમારા વિઝનને આગળ વધારશે.‘

આ પગલું ઝાયડસ હૉસ્પિટલ્સના ન્યુરોસાયન્સ પોર્ટફોલિયોને નોંધપાત્ર રીતે વધુ સક્ષમ બનાવશે, જે બ્રેઈન અને સ્પાઈનલ ટ્યુમર, એન્યુરિઝમ, મૂવમેન્ટ ડિસઓર્ડર્સ, સ્ટ્રોક, ટ્રોમા, ડીપ બ્રેઈન સ્ટીમ્યુલેશન (DBS), તેમજ એપિલેપ્સી સર્જરીની સાથે સંપૂર્ણ એપિલેપ્સી કેર જેવી જટિલ પરિસ્થિતિઓનું સંચાલન કરવા માટે કુશળતા લાવશે.

બે દાયકા પહેલા ડૉ.મોનિશ મલ્હોત્રાના નેતૃત્વ હેઠળ સ્થાપિત થયેલી VINS હૉસ્પિટલે વડોદરામાં વિશેષ ન્યુરોલોજીકલ સારવાર માટે પ્રતિષ્ઠા હાંસલ કરી છે. જેમાં પ્રખ્યાત નિષ્ણાતો ડૉ.સુરેશ નાયક,ડૉ.રાકેશ શાહ અને ડૉ. મિહિર આચાર્ય, ઝાયડસ ટીમનાં ડૉ.ચતુર્ભુજ રાઠોડ તથા ડૉ. ભગવતી સાલગોત્રા સાથે જોડાશે. તેમના દાયકાઓનાં ક્લિનિકલ અનુભવ અને સર્જિકલ કુશળતાથી ઝાયડસની ન્યુરો સેવાઓ વધુ વિસ્તૃત બનશે.

# 40% ગીગ વર્કર્સની કમાણી ₹15 હજારથી ઓછી: ઈકોનોમિક સર્વેમાં લઘુત્તમ કમાણી નક્કી કરવાની ભલામણ

**નવી દિલ્હી, તા.30**

સંસદમાં 29 જાન્યુઆરીએ રજૂ કરાયેલા ઈકોનોમિક સર્વેમાં ગિગ ઈકોનોમી પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. સર્વે મુજબ, ભારતમાં લગભગ 40% ગિગ વર્કર્સ એટલે કે ફૂડ ડિલિવરી, ક્વિક કોમર્સ અને અન્ય પ્લેટફોર્મ સાથે સંકળાયેલા કર્મચારીઓની મહિનાની કમાણી 15 હજાર રૂપિયાથી પણ ઓછી છે.

રિપોર્ટમાં સરકારને ભલામણ કરવામાં આવી છે કે ગિગ વર્કર્સ માટે પ્રતિ કલાક અથવા પ્રતિ ટાસ્ક આધારિત 'મિનિમમ અર્નિંગ' (લઘુત્તમ કમાણી) નક્કી કરવી જોઈએ. આ ઉપરાંત, કામની રાહ જોવા દરમિયાન લાગતા સમય માટે પણ પેમેન્ટ આપવાનો સુઝાવ સર્વેમાં આપવામાં આવ્યો છે.

ઈકોનોમિક સર્વેમાં કહેવામાં આવ્યું છે કે ગિગ વર્કર્સની ફિક્સ ઈનકમ ન હોવાને કારણે તેમને બેંકમાંથી લોન મેળવવામાં અથવા અન્ય ફાઈનાન્સિયલ સર્વિસનો લાભ લેવામાં મુશ્કેલી પડે છે. સરકારનું માનવું છે કે પોલિસી એવી હોવી જોઈએ કે



લોકો પોતાની મરજીથી ગિગ વર્ક પસંદ કરે, ન કે મજબૂરીમાં.

સર્વેમાં એવા પ્લેટફોર્મ્સની પણ ટીકા કરવામાં આવી છે જે એલ્ગોરિધમ દ્વારા કામનું વિતરણ કરે છે. આ એલ્ગોરિધમ જ નક્કી કરે છે કે કોને કેટલું કામ મળશે, પરફોર્મન્સ કેવું છે અને કમાણી કેટલી થશે. આ નિયંત્રણને કારણે વર્કર્સ પર કામનું દબાણ વધી રહ્યું છે. તેઓ થાક અને તણાવનો શિકાર બની રહ્યા છે.

દેશમાં ગીગ વર્કફોર્સ ખૂબ ઝડપથી વધી રહી છે. નાણાકીય વર્ષ 2021માં ગીગ વર્કર્સની સંખ્યા 77 લાખ હતી, જે નાણાકીય વર્ષ 2025માં 55% વધીને 1.2 કરોડ પહોંચી ગઈ છે.

હાલમાં કુલ વર્કફોર્સમાં તેમનો હિસ્સો 2% થી વધુ છે. અનુમાન છે કે વર્ષ 2029-30 સુધીમાં નોન-એગ્રીકલ્ચર સેક્ટરની કુલ નોકરીઓમાં ગીગ વર્કનો હિસ્સો 6.7% થઈ જશે.

રિપોર્ટમાં સૂચવવામાં આવ્યું છે કે ડિલિવરી કંપનીઓ અને અન્ય પ્લેટફોર્મ્સે તેમના કામદારોની ટ્રેનિંગ અને એસેટ્સ (જેમ કે વાહન અથવા અન્ય જરૂરી સાધનો)માં રોકાણ કરવું જોઈએ. ઘણીવાર પૈસાની અછત અને સંસાધનોના અભાવને કારણે આ કામદારો કુશળ નોકરીઓ તરફ આગળ વધી શકતા નથી.

આવનારા સમયમાં ગીગ ઈકોનોમી દેશની અર્થવ્યવસ્થાનો એક મોટો હિસ્સો હશે. 2030 સુધીમાં તેમનો ભારતની GDPમાં લગભગ 2.35 લાખ કરોડ રૂપિયાનું યોગદાન થવાની અપેક્ષા છે.

તાજેતરમાં ઝોમેટો, સ્વિગી જેવા પ્લેટફોર્મના કામદારોએ સારા વેતન અને કામ કરવાની પરિસ્થિતિઓને લઈને પ્રદર્શનો પણ કર્યા હતા. આને ધ્યાનમાં રાખીને સર્વેની આ ભલામણો મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.

# એપલની પ્રથમ ક્વાર્ટરમાં ₹13.22 લાખ કરોડની રેકોર્ડ કમાણી: આઈફોન વેચાણમાં 23%નો વધારો

**નવી દિલ્હી, તા.30**

વિશ્વની અગ્રણી ટેક કંપની Apple એ નાણાકીય વર્ષ 2026 ના પ્રથમ ક્વાર્ટર (Q1 2026) ના પરિણામો જાહેર કર્યા છે. કંપનીએ આ સમય દરમિયાન 143.8 બિલિયન ડોલર (લગભગ 13.22 લાખ કરોડ) ની આવક નોંધાવી છે, જે ગયા વર્ષની સરખામણીમાં 16% વધુ છે.

આ Apple ના ઈતિહાસમાં અત્યાર સુધીની સૌથી મોટી ત્રિમાસિક કમાણી છે. આ શાનદાર ગ્રોથ પાછળ iPhoneનું જબરદસ્ત વેચાણ અને ચીનના બજારમાં કંપનીની સરપ્રાઈઝ વાપસીને મુખ્ય કારણ માનવામાં આવે છે.

Appleની કુલ કમાણીમાં સૌથી મોટો હિસ્સો iPhoneનો રહ્યો. iPhone નું વેચાણ 23% વધીને 85.3 બિલિયન ડોલર (લગભગ 7.84 લાખ કરોડ) પર પહોંચી ગયું છે. કંપનીના સીઈઓ ટિમ કૂકે અર્નિંગ્સ કોલ દરમિયાન જણાવ્યું કે iPhone ની માંગ આશ્ચર્યજનક રહી છે.

વર્તમાનમાં, સમગ્ર વિશ્વમાં Appleના 2.5 બિલિયન (250



કરોડ) થી વધુ એક્ટિવ ડિવાઈસેઝનો ઉપયોગ થઈ રહ્યો છે. કંપનીનો પ્રતિ શેર નફો (EPS) પણ 2.84 ડોલર રહ્યો, જેણે વોલ સ્ટ્રીટના 2.68 ડોલરના અનુમાનને પાછળ ધકેલી દીધું.

છેલ્લા કેટલાક સમયથી ચીનના માર્કેટમાં એપલની સ્થિતિને લઈને અનેક સવાલો ઉભા થઈ રહ્યા હતા, પરંતુ હાલના પરિણામોએ આ અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. ગ્રેટર ચાઈના સેક્ટરમાં એપલની આવકમાં 38%નો જબરદસ્ત વધારો જોવા મળ્યો.

ટીમ કૂકે કહ્યું, 'ગ્રેટર ચાઈનાના ઈતિહાસમાં આઈફોન માટે આ સૌથી શ્રેષ્ઠ ત્રિમાસિક ગાળો રહ્યો.' ચીનના શહેરોમાં વેચાતા ટોપ ત્રણ સ્માર્ટફોન આઈફોન જ રહ્યા. ત્યાં સ્ટોર ટ્રાફિકમાં ડબલ ડિજિટની વૃદ્ધિ જોવા મળી છે અને રેકોર્ડ સંખ્યામાં લોકોએ એન્ડ્રોઈડ છોડીને આઈફોન અપનાવ્યો છે.

ભારતમાં પણ એપલની ગતિ અટકતી નથી દેખાઈ રહી છે. કંપનીએ ભારતમાં આઈફોન, મેક અને આઈપેડના વેચાણમાં અત્યાર સુધીનો સૌથી મોટો રેકોર્ડ બનાવ્યો છે. કૂકે ભારતને એક મોટી તક ગણાવતા કહ્યું કે ભારત દુનિયાનું બીજું સૌથી મોટું સ્માર્ટફોન અને ચોથું સૌથી મોટું પીસી માર્કેટ છે.

તેમણે જણાવ્યું કે ભારતમાં આઈફોન કે મેક ખરીદનારા મોટાભાગના ગ્રાહકો પહેલીવાર એપલનું પ્રોડક્ટ ખરીદી રહ્યા છે. કંપનીએ ડિસેમ્બરમાં ભારતમાં પોતાનો 5મો રિટેલ સ્ટોર ખોલ્યો છે અને ટૂંક સમયમાં મુંબઈમાં વધુ એક સ્ટોર ખુલવાનો છે.

એપલનો સર્વિસિસ બિઝનેસ (એપ સ્ટોર, એપલ મ્યુઝિક, આઈક્લાઉડ) 30 બિલિયન ડોલર (લગભગ 2.75 લાખ કરોડ) સાથે નવા રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે. ડિસેમ્બર મહિનામાં એપલ ટીવીની વ્યૂઅરશિપમાં 36%નો વધારો નોંધાયો.

જોકે, મેકના રેવન્યુમાં 6.7%નો ઘટાડો થયો અને તે 8.4 બિલિયન ડોલર એટલે કે 77,251 કરોડ રૂપિયા રહ્યો. જ્યારે એરપોડ્સ પ્રો 3ના સપ્લાયમાં ઘટાડાને કારણે વેરેબલ્સ અને એક્સેસરીઝ સેગમેન્ટમાં 2.2%નો સામાન્ય ઘટાડો જોવા મળ્યો.

એપલે પુષ્ટિ કરી છે કે તે તેના વોઈસ આસિસ્ટન્ટ 'સિરી' (Siri) ને વધુ સ્માર્ટ અને પર્સનલાઈઝ્ડ બનાવવા માટે ગૂગલ સાથે મળીને કામ કરી રહ્યું છે.

ટિમ કૂકે જણાવ્યું કે આ ભાગીદારીથી યુઝર્સને નવો AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) અનુભવ મળશે, જેમાં એપલની પ્રાઈવસી અને ઓન-ડિવાઈસ પ્રોસેસિંગનું સંપૂર્ણ ધ્યાન રાખવામાં આવશે. આ નવું AI ફીચર આ વર્ષના અંત સુધીમાં લોન્ચ થઈ શકે છે.

રેકોર્ડબ્રેક નફા છતાં એપલ સામે કેટલાક પડકારો પણ છે. 3-નેનોમીટર ચિપ પ્રોડક્શનની અછતને કારણે કંપનીને માંગ પૂરી કરવામાં મુશ્કેલી પડી રહી છે. કૂકે સ્વીકાર્યું કે હાલમાં કંપની સપ્લાય ચેઝ મોડમાં છે એટલે કે માંગ સપ્લાય કરતાં વધુ છે.

આ ઉપરાંત, આગામી ક્વાર્ટરમાં મેમરી ચિપ્સની વધતી કિંમતો કંપનીના નફા (માર્જિન) પર અસર કરી શકે છે. માર્ચ ક્વાર્ટર માટે કંપનીએ 13% થી 16% ગ્રોથનો અંદાજ લગાવ્યો છે.

# AI કંપનીઓના CEOs સાથે PM મોદી મળ્યા: કહ્યું- UPIથી ભારતે દુનિયાને રસ્તો બતાવ્યો, AIમાં પણ આ જ કરવાની જરૂર છે....

**નવી દિલ્હી, તા.30**

PM નરેન્દ્ર મોદીએ આજે તેમના નિવાસસ્થાન 7, લોક કલ્યાણ માર્ગ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ક્ષેત્રના દિગ્ગજો અને ટોચની કંપનીઓના CEOs સાથે બેઠક કરી. આ બેઠકમાં ભારતને AI ક્ષેત્રે ગ્લોબલ લીડર બનાવવું અને સ્વદેશી ટેકનોલોજીને પ્રોત્સાહન આપવા પર ચર્ચા કરવામાં આવી.



CEOs સાથેની વાતચીતમાં પીએમએ કહ્યું કે જે રીતે ભારતે UPIથી દુનિયાને પોતાની ટેકનિકલ તાકાત બતાવી છે, તેવી જ કમાલ હવે AI ક્ષેત્રે પણ કરવાની જરૂર છે. આ બેઠકમાં વિપ્રો, TCS, ઝોહો અને જિયો જેવી દિગ્ગજ કંપનીઓના પ્રમુખો સામેલ થયા.

આ બેઠક આવતા મહિને એટલે કે ફેબ્રુઆરીમાં યોજાનાર 'ઈન્ડિયા-AI ઈમ્પેક્ટ સમિટ' પહેલાં આયોજિત કરવામાં આવી છે, જેથી વ્યૂહાત્મક તાલમેલ બેસાડી શકાય.

મુલાકાત બાદ એચસીએલ ટેકના સીઈઓ સી વિજયકુમારે કહ્યું કે AIને લઈને વડાપ્રધાનની સમજ અને સ્પષ્ટતા ખરેખર આશ્ચર્યજનક અને પ્રેરણાદાયક છે.

વાતચીત દરમિયાન વડાપ્રધાને કહ્યું કે ભારતે UPI (યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ)થી સાબિત કરી દીધું છે કે આપણે મોટા પાયે ટેકનોલોજી અપનાવી શકીએ છીએ અને તેને સફળ બનાવી શકીએ છીએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે AIના ક્ષેત્રમાં પણ આ જ પ્રકારનું મોડેલ પુનરાવર્તિત કરી શકાય છે. પીએમ અનુસાર, ભારત પાસે સ્કેલ, ડાયવર્સિટી અને ડેમોક્રેસીની જે તાકાત છે, તેના કારણે આખી દુનિયા ભારતના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ભરોસો કરે છે. તેમણે કંપનીઓને અપીલ કરી કે તેઓ પોતાની ટેકનોલોજીથી માત્ર ભારત પર જ નહીં, પરંતુ આખી દુનિયાને પ્રેરિત કરે.

PM મોદીએ દેશના વિકાસમાં નવી ટેકનોલોજી અપનાવવા અને તેને રાષ્ટ્રના વિકાસ સાથે જોડવાની વાત કરી. તેમણે સૌને અપીલ કરી કે મહત્વપૂર્ણ ક્ષેત્રોમાં 'સ્વદેશી ટેકનોલોજી'નો ઉપયોગ વધારવામાં આવે. વડાપ્રધાને સુરક્ષા અને નૈતિકતાના મુદ્દે પણ કડક વલણ અપનાવ્યું. તેમણે કહ્યું કે AIનું ઈકોસિસ્ટમ પારદર્શક, નિષ્પક્ષ અને સુરક્ષિત હોવું જોઈએ. પીએમએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે AIના 'એથિકલ યુઝ' (નૈતિક ઉપયોગ) પર કોઈપણ પ્રકારનું સમાધાન થવું ન જોઈએ. ભારતનું AI ઈકોસિસ્ટમ દેશના ચારિત્ર્ય અને મૂલ્યોને દર્શાવનારું હોવું જોઈએ. વડાપ્રધાને તેમના 'ફોર ઓલ' વિઝન વિશે ચર્ચા કરતા કહ્યું કે આપણે ટેકનોલોજીનું લોકશાહીકરણ કરવું પડશે. ડેટા સુરક્ષા પર ભાર મૂકતા તેમણે નિષ્ણાતોને કહ્યું કે તેઓ ભારતને વૈશ્વિક AI પ્રયાસો માટે એક પસંદગીનું સ્થળ બનાવે.

તેમણે કહ્યું કે ભારતમાં પ્રતિભાની કોઈ કમી નથી, તેથી આપણે હવે 'AI સ્કિલિંગ' અને 'ટેલેન્ટ બિલ્ડિંગ' પર સૌથી વધુ ધ્યાન આપવું પડશે. વડાપ્રધાને સમિટનો ઉલ્લેખ કરતા કહ્યું કે તમામ કંપનીઓએ આ તકનો લાભ ઉઠાવીને નવી સંભાવનાઓ શોધવી જોઈએ.

મોટી ટેક કંપનીઓના પ્રમુખો હાજર રહ્યા આ ઉચ્ચ-સ્તરીય બેઠકમાં IT અને ટેક સેક્ટરની જાણીતી કંપનીઓના પ્રમુખોએ ભાગ લીધો. તેમાં વિપ્રો, TCS, એચસીએલ ટેક, ઝોહો કોર્પોરેશન, એલટીઆઈ માઈન્ડટ્રી, જિયો પ્લેટફોર્મ્સ, અદાણી-કનેક્સના CEO સામેલ હતા. આ ઉપરાંત IIT બોમ્બે, IIT મદ્રાસ અને IIIT હૈદરાબાદના નિષ્ણાતોએ પણ પોતાના સૂચનો આપ્યા. બેઠકમાં કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને IT મંત્રી અશ્વિની વૈષ્ણવ અને રાજ્ય મંત્રી જિતિન પ્રસાદ પણ હાજર હતા.

# ગોલ્ડ લોન પોર્ટફોલિયો બે વર્ષમાં 15 લાખ કરોડને પાર થઇ ગયો

**અમદાવાદ, તા.30**

સોનાના ભાવમાં તીવ્ર વધારા વચ્ચે, બેંકો અને આ સેગમેન્ટના અન્ય ધિરાણકર્તાઓ તરફથી વ્યાજમાં વધારાને કારણે ભારતમાં ગોલ્ડ લોન પોર્ટફોલિયો બે વર્ષમાં લગભગ બમણો થઈને નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૫.૬ લાખ કરોડ થઈ ગયો હતો, જે નવેમ્બર ૨૦૨૪માં ૧૧ લાખ કરોડ હતો.

અહેવાલ મુજબ, નવેમ્બર ૨૦૨૫ સુધીમાં સોના સામે લોન (ગોલ્ડ લોન)માં ૪૨%નો વધારો થયો છે, જે નવેમ્બર ૨૦૨૪ સુધીમાં ૩૯%નો વધારો દર્શાવે છે. આને કારણે, કુલ ગોલ્ડ લોન પોર્ટફોલિયો, જે નવેમ્બર ૨૦૨૩ માં ૭.૯ લાખ કરોડ હતો, તે બે વર્ષમાં ૧૫.૬ લાખ કરોડ થઈ ગયો છે. લોન પોર્ટફોલિયોમાં આ ઝડપી વૃદ્ધિ સોનાના ઊંચા ભાવ અને મજબૂત ગેરંટીને કારણે છે. સોનાના ભાવમાં વધારાને કારણે લોનની પાત્રતામાં વધારો થયો છે, જેના કારણે લોનની રકમમાં વધારો થયો છે.

રિપોર્ટ અનુસાર, ગોલ્ડ લોનમાં વધતા વિશ્વાસને કારણે રિટેલ લોન પોર્ટફોલિયોમાં તેનો હિસ્સો વધ્યો છે. નવેમ્બર ૨૦૨૫ના અંત સુધીમાં, કુલ રિટેલ લોનમાં ગોલ્ડ લોનનો હિસ્સો વધીને ૯.૭% થયો છે, જે એક વર્ષ પહેલા ૮.૧% હતો. રિપોર્ટ અનુસાર, સક્રિય ગોલ્ડ લોન ખાતાઓની સંખ્યામાં વૃદ્ધિ પ્રમાણમાં મર્યાદિત હતી, જેમાં ૧૦.૩% નો વધારો થયો હતો. જોકે, ૨.૫ લાખથી વધુની લોન હવે કુલ પોર્ટફોલિયોના લગભગ અડધા ભાગનો હિસ્સો ધરાવે છે, જે માર્ચ ૨૦૨૩માં ૩૬.૪% હતો.

વિશ્લેષણમાં જાણવા મળ્યું છે કે કુલ ગોલ્ડ લોનમાં પુરુષ દેવાદારોનો હિસ્સો ૫૬%થી વધુ હતો. જોકે, લોન ચૂકવવાના સંદર્ભમાં મહિલા દેવાદારોએ પ્રમાણમાં સારું પ્રદર્શન કર્યું હતું.

જાહેર ક્ષેત્રની બેંકો ગોલ્ડ લોન બજારમાં પ્રભુત્વ જાળવી રાખે છે, જે બજાર હિસ્સાના આશરે ૬૦% હિસ્સો ધરાવે છે. દરમિયાન, ગોલ્ડ લોન પર ધ્યાન કેન્દ્રિત કરતી નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) ૮.૧% હિસ્સો ધરાવે છે.

નવેમ્બર ૨૦૨૫ સુધીમાં, ટોચના ૧૦ રાજ્યો કુલ ગોલ્ડ લોન પોર્ટફોલિયોમાં ૯૦.૮% હિસ્સો ધરાવતા હતા. દક્ષિણના રાજ્યોએ કુલ ગોલ્ડ લોન પોર્ટફોલિયોમાં ૭૫% થી વધુ ફાળો આપ્યો હતો. મુખ્ય રાજ્યોમાં, ગુજરાતે વાર્ષિક ધોરણે આશરે ૬૬.૭%ની સૌથી ઝડપી વૃદ્ધિ નોંધાવી હતી મોટાભાગના રાજ્યોમાં ગોલ્ડ લોન પોર્ટફોલિયો ગુણવત્તામાં સુધારો થયો છે.

પશ્ચિમ રેલવે
વડોદરા મંડળ

**પશ્ચિમ રેલ્વે વડોદરા વિભાગ ની હીટ ટ્રીટમેન્ટ**

**ઇ-ટેન્ડર સૂચના નંબર: - M137 MECH_PRTN_TEND_26_01 23-01-2026** ના રોજ ભારતના રાષ્ટ્રપતિ વતી, ડેપ્યુટી ચીફ મિકેનિકલ એન્જિનિયર, કેરેજ અને વેગન રિપેર વર્કશોપ, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, નીચે આપેલ વિગતો મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે: **1. કાર્યનું નામ:** પ્રતાપનગર વર્કશોપ, પશ્ચિમ રેલ્વે ખાતે G-૮૦ મેન્યુઅલ મુજબ વેગનના કપલર બોડી અને સીબીસીના યોકની હીટ ટ્રીટમેન્ટ. **2. પ્રસ્તાવિત જથ્થો:** NS-1: 480 નંબરો NS-2: 1080 નંબરો **3. કામની અંદાજિત કિંમત:** *4502526.00 (રૂપિયા પિસ્તાળીસ લાખ બે હજાર પાંચસો છવીસ માત્ર.) **4. બિડ સિક્યોરિટી (EMD):** 90100.00 (રૂપિયા નેવું હજાર એકસો માત્ર) **5. ટેન્ડર દસ્તાવેજ ફી:** શૂન્ય **6. પૂર્ણતા સમયગાળો:** 12 (બાર) મહિના **7. ઓફરની માન્યતા:** 60 દિવસ. **8. ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય:** બિડિંગ 18-02-2026 / 15:00 કલાકે બંધ રહેશે. **9. વેબસાઇટ વિગતો અને સરનામું જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાય છે:** ચીફ વર્કશોપ મેનેજરની ઓફિસ, પ્રતાપનગર, WR-**390004**
**વેબસાઇટ: www.ireps.gov.in**
BRC 337
અમને લાઇક કરો: facebook.com/WesternRly

# અદાણી પાવરનો નફો 19% ઘટ્યો:ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ₹2,479 કરોડ રહ્યો; આવક 9% ઘટીને ₹12,451 કરોડ પર આવી

**મુંબઈ, તા.30**

અદાણી ગ્રુપની કંપની અદાણી પાવર લિમિટેડને નાણાકીય વર્ષ 2025-26ના ત્રીજા ક્વાર્ટરમાં 2,479 કરોડનો નફો (કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ) થયો છે. વાર્ષિક ધોરણે આ 19% ઓછો થયો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીને 3,057 કરોડનો નફો થયો હતો.

ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર (Q2FY26) દરમિયાન અદાણી પાવરે સંચાલનમાંથી 12,451 કરોડની આવક (રેવન્યુ) મેળવી. ગયા વર્ષે આ 13,671 કરોડ રહી હતી. વાર્ષિક ધોરણે તેમાં 9%નો ઘટાડો થયો છે. કંપનીએ આજે એટલે કે ગુરુવારે (29 જાન્યુઆરી) Q3ના પરિણામો જાહેર કર્યા છે.

વીજળીના વેચાણમાં મજબૂતી: ચોમાસું લાંબુ ખેંચાયું હોવા છતાં, કંપનીએ ઓપરેશનલ સ્તરે સારું પ્રદર્શન કર્યું છે. આ ક્વાર્ટરમાં કંપનીએ 23.6 અબજ યુનિટ (BUs) વીજળી વેચી, જે ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન વેચાયેલા 23.3 અબજ યુનિટ કરતાં થોડી વધારે છે.

દેવામાં વધારો: નવા પ્રોજેક્ટ્સ અને કામ વધારવા માટે લેવાયેલી 'બ્રિજ લોન'ને કારણે કંપની પર કુલ દેવું વધીને 45,330 કરોડ થઈ ગયું છે, જે માર્ચ




2025માં 38,334 કરોડ હતું. કંપનીનું કહેવું છે કે તેમની રોકડની સ્થિતિ મજબૂત છે.

આસામથી મળ્યો મોટો કોન્ટ્રાક્ટ: ભવિષ્યના વિસ્તરણ માટે કંપનીને આસામની વીજળી વિતરણ કંપની પાસેથી 3,200 મેગાવોટ (MW) વીજળી સપ્લાય કરવાનો એક મોટો અને લાંબો કોન્ટ્રાક્ટ (PPA) મળ્યો છે. કંપનીના CEOએ જણાવ્યું કે તેમની વિસ્તરણ યોજનાનો અડધો ભાગ પહેલેથી જ બુક થઈ ચૂક્યો છે.

સ્ટેન્ડઅલોન: આ ફક્ત એક કંપની અથવા યુનિટના નાણાકીય પ્રદર્શનને દર્શાવે છે. તેમાં તેની આવક, ખર્ચ અને નફો સામેલ હોય છે.

કોન્સોલિડેટેડ: આ સમગ્ર ગ્રૂપ અથવા કંપનીની કુલ નાણાકીય સ્થિતિ દર્શાવે છે, જેમાં તમામ સહાયક કંપનીઓ અને યુનિટ્સનું નાણાકીય પ્રદર્શન એકસાથે દર્શાવવામાં આવે છે.

અદાણી પાવર લિમિટેડ (APL)ની શરૂઆત 22 ઑગસ્ટ 1996ના રોજ થઈ હતી. તે દેશની સૌથી મોટી પ્રાઈવેટ સેક્ટર થર્મલ પાવર પ્રોડ્યુસર છે. કંપની પાસે 15,250 મેગાવોટ પાવર જનરેશનની ક્ષમતા છે. તેના થર્મલ પ્લાન્ટ્સ ગુજરાત, મહારાષ્ટ્ર, કર્ણાટક, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને ઝારખંડમાં આવેલા છે.

વળી, ગુજરાતમાં 40 મેગાવોટ ક્ષમતાનો સોલર પ્લાન્ટ છે. ક્યોટો પ્રોટોકોલના ક્લીન ડેવલપમેન્ટ મિશન (CDM) હેઠળ રજિસ્ટર્ડ કોલસા આધારિત સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્રોજેક્ટ્સ બનાવતી કંપની છે.

**12 વેપારીઓને લાયસન્સ બાબતે નોટિસ**

# રાજકોટ મનપાના ફૂડ વિભાગ દ્વારા ખાણીપીણીનાં 20 એકમોમાં તપાસ, તેલ-ફરસાણ સહિતના નમૂના લેવાયા

**રાજકોટ, તા.30**

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરના ગોવર્ધન ચોકથી માધવપાર્ક ગેટ સુધીના વિસ્તારમાં કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. FSW વાન સાથે નીકળેલી ટીમ દ્વારા કુલ 20 ધંધાર્થીઓની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં લાયસન્સ વગર વેપાર કરતા 12 એકમોને તાકીદે લાયસન્સ મેળવી લેવા સૂચના આપવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન સ્થળ પર જ ખાદ્ય ચીજોના 20 નમૂનાઓની પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ક્રિષ્ના ડેરી ફાર્મ, તુલસી પ્રોવિઝન સ્ટોર, શ્રી ગોકુલ પાર્લર અને મહાકાળી પાણીપુરી સહિતના 12 ધંધાર્થીઓને લાયસન્સ બાબતે નોટિસ ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત, ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ એક્ટ 2006 હેઠળ બાપુનગર સ્થિત બી-નીવા સ્નેક્સમાંથી 'યૂઝ્ડ પામોલિન ઓઈલ' અને 'કઠોળ સ્ટીક ફરસાણ'ના નમૂના લઈને તેને લેબોરેટરીમાં પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. આરોગ્ય વિભાગની આ કડક કાર્યવાહીથી



અખાદ્ય ચીજોનું વેચાણ કરતા વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ ટી.પી. પ્લોટમાં ઉનાળાની સિઝન માટે રસના ચીચોડા અને ગોલાના વ્યવસાય માટે ગાળા ફાળવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ માટે આગામી 4 ફેબ્રુઆરી, 2026ના રોજ સાંજે 4:00 કલાકે સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે જાહેર હરરાજી યોજાશે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 10x10 ચોરસ ફૂટના ગાળા માટે રૂ. 250 પ્રતિદિનનું અપસેટ ભાડું નક્કી કરવામાં આવ્યું છે. આ વ્યવસાયનો સમયગાળો 6 ફેબ્રુઆરીથી 15 જૂન 2026 સુધી રહેશે.

હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા અરજદારે ગાળા દીઠ રૂ. 5000 સિક્યુરિટી ડિપોઝીટ સિવિક સેન્ટરમાં ભરી તેની અસલ પહોંચ રજૂ કરવાની રહેશે. સફળ અરજદારે દ્વિ-માસિક ભાડું એકસાથે ચૂકવવાનું રહેશે. જો કોઈપણ અરજદાર નિયત સમયમાં રકમ નહીં ભરે તો તેની ડિપોઝીટ જપ્ત કરી તેને 3 વર્ષ માટે ડિબાર કરવામાં આવશે. અહીં સ્ટોલ ધારકોએ વીજ જોડાણમાં PGVCLના સુરક્ષા નિયમોનું પાલન કરવાનું રહેશે અને કોઈપણ દુર્ઘટના માટે તેઓ જ જવાબદાર રહેશે. તેમજ આ હરરાજી કે ફાળવણી અંગે મ્યુનિસિપલ કમિશનરનો નિર્ણય આખરી ગણાશે.

રાજકોટ મહાનગરપાલિકાના સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા શહેરના ત્રણેય ઝોનમાં પ્રતિબંધિત પ્લાસ્ટિક અને ગંદકી ફેલાવતા તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ અંતર્ગત 29 જાન્યુઆરી, 2026ના રોજ હાથ ધરવામાં આવેલા આ સઘન અભિયાનમાં શહેરના મુખ્ય માર્ગો પર તપાસ કરવામાં આવી હતી.

આ કામગીરી દરમિયાન 11.800 કિગ્રા જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું અને નિયમોનું ઉલ્લંઘન કરનારા 91 આસામીઓ પાસે રૂ. 27,600નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશ મ્યુનિસિપલ કમિશનરની સૂચના અને નાયબ મ્યુ. કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેર તથા ત્રણેય ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેરો દ્વારા સુપરવાઈઝ કરવામાં આવી હતી.

રાજકોટ સહિત રાજ્યની તમામ મહાપાલિકાઓમાં જન્મ-મરણના જૂના ડેટા કેન્દ્ર સરકારના સીઆરએસ (CRS) પોર્ટલ પર ટ્રાન્સફર નહીં થતા ગંભીર સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા 6 માસથી જન્મ-મરણ વિભાગમાં અરાજકતાનો માહોલ છે, જેના કારણે રાજકોટ મનપા દ્વારા રાજ્યના આરોગ્ય કમિશનરને તાકીદની રજૂઆત કરવામાં આવી છે. રાજકોટ મનપા પાસે 1950થી જન્મ અને 1965થી મરણનો ડેટા ઉપલબ્ધ છે.

પરંતુ UIDAI દ્વારા હવે માત્ર સીઆરએસ પોર્ટલના પ્રમાણપત્રો માન્ય રાખવાનો નિર્ણય લેવાતા મુશ્કેલી વધી છે. જૂનો ડેટા અપલોડ ન થવાને કારણે નવા આધાર કાર્ડ કઢાવવા, આયુષ્માન કાર્ડ મેળવવા, બોર્ડના ફોર્મ ભરવા કે પાસપોર્ટની કામગીરી અટકી છે. ખાસ કરીને ગંભીર બીમારીમાં સારવાર માટે આધાર જરૂરી હોય તેવા કિસ્સામાં બાળકોની સારવાર પણ શક્ય બનતી નથી. મનપાએ રજૂઆત કરી છે કે આઈટી ટીમ દ્વારા એક્સેલ ફોર્મેટમાં ડેટા તૈયાર કરી રાજ્ય કે કેન્દ્રના પોર્ટલ ઉપર તત્કાલ ટ્રાન્સફર કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

**પાણીની સમસ્યાને લઈ ગોરવાના રહીશો આક્રમક**

# MLA રોકડિયા અને ડે. મેયરના ફોટો પર ગંદુ પાણી રેડી માટલા ફોડ્યા, કમિશનર પર પણ જળાભિષેકની ચીમકી

**વડોદરા, તા.30**

શહેરના ગોરવા વિસ્તારમાં આવેલા વોર્ડ નં 11માં આવેલી શિવશકતિ સોસાયટીમા પીવાના પાણીની સમસ્યાને લઈ આજે આપ નેતા અને સ્થાનિકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં રહીશોએ પાણી આપોપાણી આપો અને હાય રે કોર્પોરેશન હાયહાયના નારા લગાવ્યા હતા. સ્થાનિકો દ્વારા સ્થાનિક કોર્પોરેટર અને હાલના ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ અને ધારાસભ્ય કેયુર રોકડિયાના ફોટો ખુરશીમાં મૂકી જળાભિષેક કરવામાં આવ્યો હતો સાથે માટલા ફોડી વિરોધ નોંધાવ્યો હતો.

આ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગંદુ પીવાનું પાણી આવી રહ્યું છે. જેને લઈને આજે આપ નેતા વીરેન્દ્ર રામી અને સ્થાનિકો દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં કાઉન્સિલર અને ડેપ્યુટી મેયર ચિરાગ બારોટ અને ધારાસભ્ય કેયુર રોકડીયાના પોસ્ટર પર ગંદા પાણીનો જળાભિષેક કરી વિરોધ કરવામાં આવ્યો હતો. આ સાથે આગામી સમયમાં જો આ સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો પાલિકાના મ્યુનિસિપલ કમિશનર પર



જળાભિષેક કરવાની ચીમકી ઉચ્ચારી છે. આ અંગે આમ આદમી પાર્ટીના નેતા વિરેન રામીએ જણાવ્યું હતું કે, અહીંયા આવેલા ગણેશનગર, શિવશક્તિ અને આજુબાજુની તમામ સોસાયટીઓની અંદર ગંદુ પાણી આપવામાં આવે છે. આ બાબતે વારંવાર લોકોએ રજૂઆત કરી પણ ના તો ચૂંટાયેલા કોઈ પ્રતિનિધિ આવે છે. જેથી આજે ચોખ્ખું પાણી ભગવાનને અભિષેક થાય પણ ચોખ્ખું પાણી આવતું નથી એટલે ગંદા પાણીથી આજે આ રાજનેતાઓ એટલે અહીંયાના ધારાસભ્ય કેયુર રોકડિયા અને ડેપ્યુટી મેયર અને વોર્ડના કોર્પોરેટર ચિરાગભાઈ બારોટ પર ગંદા પાણીનો અભિષેક કરીને વિરોધ પ્રદર્શન કરવાનો વિરોધ નોંધાવવામાં આવ્યો છે. આગામી દિવસોમાં જો પાણીની સમસ્યાનો હલ નહીં થાય તો આજ મોરચો કમિશનર ઓફિસે જઈ અને કમિશનર પર આ પાણી ગંદુ નાખીને અભિષેક કરીશું.

આ અંગે સ્થાનિક મહિલા નેહાબેન જોશીએ જણાવ્યું હતું કે, અમે અમારા MLA, અમારા ધારાસભ્ય પર ગંદા પાણીનો અભિષેક કર્યો છે, માટલા ફોડ્યા છે. અમને ગંદુ પાણી એટલું હદનું ગંદુ આવે છે કે તમે નાહવા લાયક નથી, પીવાની વાત તો બહુ દૂર છે પરંતુ નાહવા લાયક પણ નથી. અમને ચોખ્ખું પાણીમાટે તેવી અમારી માંગ છે. અમે સમયસર વેરો ટેક્સ ભરીએ છીયે તેનું શું. અમે આ રજૂઆત છેલ્લા 150 વાર કરી છે. અહીંયા અમારી રજૂઆત સંભાળવા કોઈ આવતું જ નથી. વોટ લેવા માટે આવશે તો અમે મારીને ભગાડીશું. અમે આગામી ચૂંટણીનો બહિષ્કાર કરીશું અને કોઈને વોટ આપીશું નહીં.

**'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ' થીમ આધારિત ટેબ્લોને પ્રાપ્ત "પોપ્યુલર ચોઈસ" શ્રેણીનો પ્રથમ ક્રમનો એવોર્ડ વિધિવત્ રીતે નવી દિલ્લી ખાતે એનાયત**

# ગુજરાત રાજ્ય વતી ટ્રોફીનો સ્વીકાર કરતા મુખ્યમંત્રીના અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર કિશોર બચાણી

**સતત ચાર વર્ષ પોપ્યુલર ચોઈસ એવોર્ડની સાથે વર્ષ 2024માં જ્યુરીઝ્ ચોઈસ એવોર્ડ સાથે ગુજરાતને ચાર વર્ષમાં કુલ 5 એવોર્ડ એનાયત**

**ગાંધીનગર, તા.30**

77મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે નવી દિલ્હીના કર્તવ્ય પથ ખાતે યોજાયેલી પરેડમાં ગુજરાતના ટેબ્લોને સતત ચોથી વખત 'પોપ્યુલર ચોઈસ કેટેગરી'માં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરવા બદલ આજરોજ વિધિવત્ રીતે ટ્રોફી અને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આજરોજ નવી દિલ્હીના રાષ્ટ્રીય રંગશાળા શિબિર ખાતે યોજાયેલા પારિતોષિક વિતરણ સમારોહમાં કેન્દ્રિય રાજ્ય રક્ષામંત્રી સંજય સેઠના હસ્તે આપવામાં આવેલી આ ટ્રોફી અને પ્રમાણપત્રનો ગુજરાત રાજ્ય વતી મુખ્યમંત્રીના અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે અને માહિતી કમિશનર કિશોર બચાણીએ સ્વીકાર કર્યો હતો.

આ સાથે જ ટેબ્લો નિર્માણની પ્રક્રિયા સમયે રાષ્ટ્રીય રંગશાળા ખાતે યોજાયેલી વિવિધ રાજ્યોના કલાકારો દ્વારા સાંસ્કૃતિક નૃત્યોની સ્પર્ધામાં ગુજરાતના નૃત્યને પ્રોત્સાહક ઈનામ પ્રાપ્ત થયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'સ્વતંત્રતા કા મંત્રઃ વંદે માતરમ' વિષય આધારિત ચાલુ વર્ષનો ટેબ્લો ગુજરાત સરકારની માહિતી



કમિશનર કચેરી દ્વારા નિર્માણ કરવામાં આવ્યો હતો.

માહિતી કમિશનર કિશોર બચાણીના દિશાદર્શન અને અધિક માહિતી નિયામક અરવિંદ પટેલના માર્ગદર્શનમાં સંયુક્ત માહિતી નિયામક ડૉ. સંજય કચોટ અને ફિલ્મ પ્રોડક્શન શાખાના નાયબ માહિતી નિયામક સુભાવના વસાવા દ્વારા આ ટેબ્લો નિર્માણની સમગ્ર કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ પૂર્વે વર્ષ 2023માં પુનઃ પ્રાપ્ય ઊર્જાના મહત્તમ ઉપયોગના આહવાનને સાકાર કરવામાં ગુજરાતની પહેલરૂપે રજૂ કરવામાં આવેલા 'ક્લિન ગ્રીન એનર્જીયુક્ત ગુજરાત' ટેબ્લોને 'પોપ્યુલર ચોઈસ' શ્રેણીમાં એવોર્ડ સાથે શરૂ થયેલી આ વિજય પરંપરાને આગળ વધારતાં વર્ષ 2024માં રજૂ કરવામાં આવેલા ગુજરાતના 'ધોરડો, વર્લ્ડ બેસ્ટ ટુરીઝમ વિલેજ' થીમ આધારિત ટેબ્લોએ 'પોપ્યુલર ચોઈસ' શ્રેણીમાં એવોર્ડની સાથે સાથે ટેબ્લોઝની શ્રેષ્ઠતા માટેની પસંદગી સમિતિની 'જ્યુરીઝ્ ચોઈસ' શ્રેણીમાં પણ બીજો ક્રમ મેળવ્યો હતો. જ્યારે વર્ષ 2025માં વડાપ્રધાનનરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનમાં ગુજરાતે આધુનિક વિકાસની જે હરણફાળ ભરી છે તેની વિકાસ ગાથા અને પ્રાચીન વિરાસતની ઝાંખી દર્શાવતો 'આનર્તપુરથી એકતાનગર સુધી - વિરાસતથી વિકાસનો અદભૂત સંગમ' ટેબ્લો 'પોપ્યુલર ચોઈસ એવોર્ડ' જીત્યા બાદ સતત ચોથા વર્ષે આ શ્રેણીમાં વર્ષ 2026 નો આ રાષ્ટ્રીય પુરસ્કાર જીતીને ગુજરાતે ઈતિહાસ સર્જ્યો છે.

**ડિંડોલીમાં ચાલતા ગેરકાયદે પાણીના વેપાર પર મનપાની તવાઈ:**

# ગેરકાયદે બાંધકામો પર બુલડોઝર ફેરવી 8 બોરવેલ સીલ કર્યા

**સુરત, તા.30**

સુરત શહેરના લિંબાયત ઝોન હેઠળ આવતા ડિંડોલી વિસ્તારમાં ભૂગર્ભ જળનું ગેરકાયદેસર રીતે બોર કરીને તેને વેચવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે. ડિંડોલી માનસી રેસીડેન્સીની સામેના ભાગમાં કેટલાક તત્વો દ્વારા મનપાની પરવાનગી વગર મોટા પ્રમાણમાં બોરવેલ બનાવી પાણી કાઢવામાં આવતું હતું. આ ફરિયાદ મળતાની સાથે જ લિંબાયત ઝોનની ટીમ જેસીબી અને બુલડોઝર સાથે ઘટનાસ્થળે પહોંચી હતી અને ગેરકાયદે બાંધકામો તેમજ બોરવેલ તોડી પાડવાની કામગીરી શરૂ કરી હતી. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, જમીનમાંથી કાઢવામાં આવેલું આ પાણી ટેન્કરો મારફતે પાંડેસરા GIDC વિસ્તારની વિવિધ મિલો અને એકમોમાં મોકલવામાં આવતું હતું. સ્થાનિક રહીશોના



જણાવ્યા મુજબ, આ ગેરકાયદેસર વેપાર છેલ્લા બેથી ત્રણ મહિનાથી ધમધમી રહ્યો હતો. રહેણાંક વિસ્તારમાં આ રીતે પાણીનો વેપાર થવાથી ભવિષ્યમાં જળસ્તર નીચે જવાની ભીતિ સેવાઈ રહી હતી, જેને પગલે લોકોમાં પણ રોષ જોવા મળ્યો હતો.

આ કામગીરી અંગે માહિતી આપતા લિંબાયત ઝોન પાણી વિભાગના જુનિયર એન્જિનિયર પીયૂષ રાઠોડે જણાવ્યું હતું કે, અમને ફરિયાદ મળી હતી કે અહીં બોરવેલ બનાવી પાણીનું ગેરકાયદે વેચાણ થઈ રહ્યું છે.

# વામસી એન્ટરપ્રાઇઝ નામનું નકલી ફેસ સીરમનું મેન્યુફેક્ચરિંગ યુનિટ સીલ: ગોડાદરામાં કોસ્મેટિક પ્રોડક્ટ્સનું નેટવર્ક ઝડપાયું

**સુરત, તા.30**

ઓનલાઈન શોપિંગના જમાનામાં તમે મંગાવેલી વસ્તુ અસલી જ હશે, તેની કોઈ ખાતરી નથી. સુરતના ગોડાદરા વિસ્તારમાં પકડાયેલું લેટેસ્ટ કૌભાંડ ગ્રાહકો માટે લાલબત્તી સમાન છે. જાણીતી બ્રાન્ડના નામે નકલી કોસ્મેટિક પ્રોડક્ટ્સ બનાવી તેને મોટા ઓનલાઈન પ્લેટફોર્મ પર ઓરિજિનલ પેકેજિંગમાં પધરાવી દેવાનું એક મોટું નેટવર્ક ગોડાદરા પોલીસે ઝડપી પાડ્યું છે. આ કાર્યવાહીમાં આશરે 8,21,700ની કિંમતની ડુપ્લીકેટ વસ્તુઓ જપ્ત કરવામાં આવી છે, જે સીધી રીતે ગ્રાહકોની ત્વચા અને સ્વાસ્થ્ય સાથેના ગંભીર ચેડાં હોવાનું સામે આવ્યું છે.

આ કૌભાંડમાં પકડાયેલ આરોપી હિતેષ ભરતભાઈ કાતરીયા ગ્રાહકોનો વિશ્વાસ જીતવા માટે અત્યંત શાતિર રીત અપનાવતો હતો. ગોડાદરાના મણીભદ્ર કેમ્પસમાં 'વામસી એન્ટરપ્રાઈઝ'ના નામે ચાલતા આ યુનિટમાં Manash Lifestyle Private Limited કંપનીની પ્રખ્યાત બ્રાન્ડ્સ જેવી કે GOOD VIBES અને DERMDOC HONEST SCIENCEના નામે ડુપ્લીકેટ સીરમ બનાવવામાં આવતા હતા. સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, આરોપી Flipkartના લોગો વાળી સેલો ટેપ અને આબેહૂબ અસલી લાગે તેવા સ્ટીકરોનો ઉપયોગ કરતો હતો. જ્યારે ગ્રાહક ઓનલાઈન ઓર્ડર આપે ત્યારે તેને ફ્લિપકાર્ટના પેકિંગમાં જ માલ મળતો હોવાથી ગ્રાહક ક્યારેય શંકા કરી શકતો નહોતો કે તેની અંદર રહેલું ફેસ સીરમ કે ગ્લાયકોલિક એસિડ નકલી છે.



પોલીસ દરોડા દરમિયાન જે મુદ્દામાલ મળી આવ્યો છે તે જોઈને ગ્રાહકોએ ખરેખર વિચારવાની જરૂર છે. સ્થળ પરથી Good Vibes Vitamin C & E Face Serumની 160 બોટલ્સ, Dermdoc 10% Niacinamide Face Serumની 775 બોટલ્સ અને Dermdoc 5% Glycolic Acid ની 1281 બોટલ્સ મળી આવી છે. આ ઉપરાંત 2000થી વધુ નકલી સ્ટીકરો અને 700થી વધુ ખાલી ડબ્બીઓ મળી છે. આ ડબ્બીઓમાં કયા પ્રકારનું જોખમી કેમિકલ કે લિક્વિડ ભરવામાં આવતું હતું તેની કોઈ ગેરંટી નથી. આવી નકલી પ્રોડક્ટ્સ મોં પર લગાવવાથી ચામડી બળી જવી અથવા કાયમી એલર્જી થવાનું જોખમ રહેલું છે. માત્ર સસ્તી કિંમત કે ઓનલાઈન ડિસ્કાઉન્ટ જોઈને વસ્તુ મંગાવતા ગ્રાહકો માટે આ કિસ્સો બોધપાઠ સમાન છે.

મુંબઈની કંપનીના લીગલ એટોર્ની નાગેશ્વર કુંભારે જ્યારે દરોડો પાડ્યો ત્યારે જાણવા મળ્યું કે, આરોપી પાસે માલ વેચવા માટેના કોઈ જ બિલ કે લાયસન્સ નહોતા. ઓનલાઈન ઓર્ડર કરતી વખતે હંમેશા સેલરના રેટિંગ તપાસવા જોઈએ અને ખૂબ જ વધારે ડિસ્કાઉન્ટ મળતું હોય તો સાવચેત રહેવું જોઈએ. સુરત પોલીસે આરોપી વિરુદ્ધ કોપીરાઈટ એક્ટ 1957ની કલમ 51 અને 63 હેઠળ ગુનો નોંધી જેલભેગો કર્યો છે.

આ ગુનાની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે આરોપી Flipkart જેવી પ્રતિષ્ઠિત ઈ-કોમર્સ સાઈટના લોગો અને ટેપનો ઉપયોગ કરતો હતો. ગ્રાહકોને છેતરવા માટે તે પ્રોડક્ટ પર અસલી લાગે તેવા સ્ટીકરો લગાવતો અને ઓનલાઈન ઓર્ડર મુજબ ડિલિવરી કરતો હતો. પોલીસ તપાસમાં એ પણ સામે આવ્યું છે કે પ્રોડક્ટ્સમાં વપરાતું લિક્વિડ અસલી કંપનીના માપદંડ મુજબનું નહોતું, જે ગ્રાહકોની ત્વચા માટે અત્યંત જોખમી સાબિત થઈ શકે છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

